gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૪




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ઈ–બુક

ભાગ–004

‘સ.મ.’ ક્રમાંક 076 થી 100

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરુ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરૂ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’ આવતાં જ અમે તે વાપરવા શરૂ કર્યા. શરૂઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી 'સ.મ.'નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. 'સ.મ.' પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે 'સ.મ.'ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'વીદાય–સલામ' 155-1 : 18-05-2008). આ 'સ.મ.' વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક 'સ.મ.'માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, 'સ.મ.' ઈ–બુક ક્રમાંક – ૭માં, 'સ.મ.' 'We salute your 'FEELINGS' for 'SeM'' 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી 'સ.મ.' ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય ! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો ‘ઈ–શબ્દસાગર’ સમો ‘ગુજરાતીલેક્સીકોન’ (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે ‘ઈ–બુક’ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધક્કો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં !

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.


ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013





# અનુક્રમણીકા

## 'સન્ડે ઈ–મહેફીલ' – 04


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 076 | દાંપત્ય(વાર્તા) | 'હરીશ્ચન્દ્ર' | 19-11-2006 | 11 |
| 077 | યુવાનીમાં કરવા જેવા નશાઓ | ગુણવંત શાહ | 26-11-2006 | 16 |
| 078 | 'આપરો જે.આર.ડી' | સુધા મુર્તી(અનુવાદ: સોનલ મોદી) | 03-12-2006 | 23 |
| 079 | 'સીત્તેરમે વરસે...અદ્ભુત વળાંક !' | ડૉ. શશીકાંત શાહ | 10-12-2006 | 39 |
| 080 | સુરેશ દલાલ–૭૫મે | નીર્મીશ ઠાકર | 17-12-2006 | 46 |
| 081 | પાનખરનું પાન...(વાર્તા) | જય ગજ્જર(કૅનેડા) | 24-12-2006 | 54 |
| 082 | ઉજલાસીંધ | ગોવીંદ રાવલ | 31-12-2006 | 61 |
| 083 | સુતેલું એક સંભારણું | કાન્તી મેપાણી (બ્રીટન) | 07-01-2007 | 69 |
| 084 | મનનાં મોરપીંછ | દીનેશ પંચાલ | 14-01-2007 | 73 |
| 085 | પરીશ્રમના ખેપીયા : મારા બાપુ | ડૉ.શરીફા વીજળીવાળા | 21-01-2007 | 80 |
| 086 | ધર્મ–નવી દૃષ્ટીએ | સ્વામી શ્રી સચ્ચીદાનંદજી(દંતાલીવાળા) | 28-01-2007 | 94 |
| 087 | વીતેલું વર્ષ:રક્ષાબંધન પર્વ | પ્રા. એ.ટી. સીંધી 'મૌલીક' | 04-02-2007 | 102 |
| 088 | કાવ્યકુસુમો | પ્રદ્યુમ્ન તન્ના(ઈટલી) | 11-02-2007 | 108 |
| 089 | આટાનો સુરજ | રતીલાલ અનીલ | 18-02-2007 | 114 |
| 090 | મારું સાચું કુટુંબ | ડૉ. યાસીન દલાલ | 25-02-2007 | 121 |

| | | | | |
|---|---|---|---|---|
| 091 | હું, બાલુભાઈ | રોહીત પંડ્યા(અમેરીકા) | 04-03-2007 | 130 |
| 092 | મને ના પોષાય | ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળા | 11-03-2007 | 135 |
| 093 | ગઝલ–મહેફીલ | ભગવતીકુમાર શર્મા | 18-03-2007 | 140 |
| 094 | નમુનેદાર બેસણું | જગદીશ શાહ | 25-03-2007 | 147 |
| 095 | આપણાં જીવનમુલ્યો | અવંતીકા ગુણવંત | 01-04-2007 | 158 |
| 096 | ગુજરાતીનો ‘રોકડીયો’ હીસાબ | લલીત લાડ | 08-04-2007 | 163 |
| 097 | સત્યની સ્ટ્રીટ લાઈટ્સ | ગુણવંત શાહ | 15-04-2007 | 171 |
| 098 | બે પેઢી : બે પત્ર | વીનય કવી(બ્રીટન) | 22-04-2007 | 176 |
| 099 | દીકરી વીનાના પીતા | દીનેશ પાંચાલ | 29-04-2007 | 183 |
| 100 | શબ્દના શાગીર્દ નીવૃત્ત થાય છે | તુષાર ભટ્ટ | 06-05-2007 | 192 |


વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના ‘ક્રમાંક’ પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

076 : 19-11-2006

# દામ્પત્ય

–હરીશ્ચંદ્ર

અનુક્રમણીકા

આવા વરસતા વરસાદમાં મોનાને આવેલી જોઈને માને આશ્ચર્ય થયું. ‘બેટા, રીક્શામાં તો આવવું હતું! જો ને આખી પલળી ગઈ છે.’

‘અમારી કૉલેજની સામેથી તો બસ મળે છે, મા!’ પણ માની આંખ સામે આંખ મળતાં એ બોલતી અટકી ગઈ અને માની સોડમાં સરકી ગઈ. બંને વચ્ચે કેટલોય મુક સંવાદ થઈ ગયો.

મોના ધનવાન માતાપીતાની એકની એક દીકરી. લાડકોડમાં ઉછરેલી. એક લેખક સાથે પરીચય થયો. માબાપે ઘણી સમજાવી, લેખન પર થોડો ગુજારો ચાલે? પણ કોઈનું ન સાંભળતાં એ મનીષને જ પરણી. માબાપ જાણતાં કે દીકરીને પૈસાની ઘણી ખેંચ પડે છે. પણ મનીષના સ્વમાન ખાતર મોનાએ ત્રણ વરસમાં માબાપ પાસેથી એક પૈસો નહોતો લીધો. અને પોતે કૉલેજમાં લેકચરરની નોકરી લઈ લીધી હતી.

મનીષનાં લખાણ પર એ મુગ્ધ થઈ ગયેલી. એનું ધીરગંભીર વ્યક્તીત્વ પણ મોનાને આકર્ષી ગયેલું. જો કે મનીષના ઘરે મોના પહેલી વાર ગયેલી, ત્યારે થોડી ગભરાઈ ગયેલી. આવા સામાન્ય મધ્યમ વર્ગના વીસ્તારમાં અગાઉ તેણે પગ નહોતો મુક્યો. પરંતુ પ્રેમના પ્રથમ ઉછાળામાં એ બધું ગૌણ બની ગયું. જો કે મનીષે પોતેય એને ઘણી વાર વારી હતી, 'તને નહીં ફાવે.' પરંતુ મોનાની હઠ હતી, 'પણ હું કહું છું કે ધીરે ધીરે ફાવી જશે!'

મનીષ ખુબ પ્રેમાળ હતો, નીખાલસ હતો. મોના એના પ્રેમથી તરબોળ હતી. પરંતુ મોટે ભાગે એ પોતાની ધુનમાં રહેતો. લખવાના વીચારોમાં હોય, ત્યારે હાજર છતાં ગેરહાજર જેવો જ. ખાવા બેસે ત્યારેય ચીત્ત એનું કલ્પનામાં સેર કરતું હોય. તેવે વખતે મોનાને જરીક મોળું મોળું લાગતું. એને મન થતું મનીષના મોઢે સાંભળવાનું : 'આજે શાક સરસ બન્યું છે, હોં!' અથવા તો : 'મોના, આજે ફલાણું બનાવને!' અરે, મોના જમી કે નહીં, આજે એની તબીયત નરમ છે, એવી કોઈ વાતનું મનીષને ભાન જ નહીં! એવે વખતે મોનાને જરીક ઓછું આવી જતું.

ફરવા–કરવાનોય મનીષને ઝાઝો શોખ નહીં. મોના બહુ જ કંટાળે, એકલી પડી જાય, ત્યારે એની ચોપડી–પેન ઝુંટવી લઈ બળજબરીથી એને બહાર તાણી જાય. પણ ત્યાંય

મોનાનું મન કાંઈક ખાણી–પીણીમાં અને ઘરગથ્થુ વાતચીતમાં વધારે હોય. જ્યારે મનીષ પ્રકૃતીમાં ખોવાઈ જાય અથવા પોતાની નવલનાં કોઈક પાત્ર સાથે આંટો મારી આવે!

મોનાની માસીની દીકરી રતી, અમેરીકાથી ત્રણ વરસે આવી હતી. મોનાને યાદ આવ્યું, એ છોકરા સાથે પરણવા પોતાનાં માબાપે એને બહુ સમજાવેલી. મોટો ધંધો છે. અમેરીકામાં સેટલ થયેલો છે. ગર્ભશ્રીમંત કુટુંબ છે. પણ મોના નહીં માની અને માસીની દીકરી રતી સાથે એનું ગોઠવાયું.

રતી તો આવીને મોના પર ઓવારી જ ગઈ : ‘તારા ઘરમાં આવ્યાથી એક ઈન્ટલેક્ચ્યુઅલ વાતાવરણમાં આવ્યા જેવું લાગે છે. તું ખરે જ નસીબદાર છે. તારા જેવી મજબુત મનની હું નહીં. તું તો માતાપીતા, સમાજ બધાની સામે થઈને તારા મનગમતા પાત્રને જ વરી. મનીષ પણ કેટલો પ્રેમાળ છે!’

‘બસ, બસ, બસ! હવે તારી વાત કર. દુનીયા આખીમાં ફરનારી તું! શું શું જોયું? ક્યાં ક્યાં રહી? તું તો મોટા ઉદ્યોગપતીની પત્ની!’

‘બીલકુલ બરાબર. એ ‘ઉદ્યોગના પતી’ પહેલા. હું તો એમની દ્વીપત્ની!’–બોલતાં બોલતાં રતીનો સ્વર એટલો ખીન્ન થઈ ગયો કે રતી ચોંકી ગઈ!

‘કેમ આવું કહે છે?’

'મને કોઈ વાતની કમી નથી. નોકરચાકર, મોટરગાડી, ભરપુર વૈભવ, દોમ–દોમ સાહ્યબી. મારે કાંઈ પણ કામ કરવાનું નહીં. શૉપીંગ કરું કે ક્લબમાં જાઉં કે અવારનવાર પાર્ટીઓ ગોઠવું અને એમની સાથે બની–ઠનીને પાર્ટીઓમાં જાઉં. ત્યાં મોટા ઉદ્યોગપતીની પત્ની બનીને મહાલવાનું, ઉચ્ચ સમાજનાં માન–મરતબા મુજબ કૃત્રીમ રીતે વીચારવાનું–વર્તવાનું.'

કહેતાં તો રતીની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. મોના ઉઠીને એને માટે પાણી લઈ આવી. જરીક સ્વસ્થ થઈને રતીએ આગળ ચલાવ્યું : 'ઘરમાં જાતજાતનાં પકવાન્ન થાય. પકવાન્ન બનાવનારા અને પીરસનારા ખડે પગે હાજર. ખાનારી હું એકલી. પીરસનારા ત્રણ! એ તો સવારના જાય તે રાતે મોડેથી આવે. બપોરનું ભોજન કાયમ બહાર. રાતે પણ અઠવાડીયામાં ચાર દીવસ એમને મીટીંગોમાં કે પાર્ટીઓમાં કે પરદેશથી આવેલા મહેમાનો જોડે ફાઈવસ્ટાર હૉટેલોમાં જમવાનું હોય. ક્યારેક મને લઈ જાય; પણ ત્યાં બસ, બીઝનેસની જ વાતો! હું તો બૉર થઈ જાઉં. વીદેશ જવાનું થાય ત્યારે પણ એ તો બીઝનેસમાં વ્યસ્ત, મારે એકલા એકલા ફરવાનું. મેં અમેરીકા ને યુરોપ આખું ખુંદી નાખ્યું. એ મને કદી રોકે નહીં. ગમે તેટલું હરું–ફરું, ગમે તેટલું મન ફાવે તેમ શૉપીંગ કરું, ગમે તેટલા પૈસા ખરચું. પોતે સાથે ન આવી શકે; પણ મારે માટેની વ્યવસ્થામાં જરીકે મણા ન રહેવા દે.

મોના મને કશી કમી નથી, કશી જ નહીં!' –બોલતાં રતીનો કંઠ ફરી રુંધાઈ ગયો, આંખો ભરાઈ આવી. મોના એની પાસે જઈ એની પીઠે હાથ ફેરવવા લાગી.

રતીના ગયા બાદ મોના ક્યાંય સુધી એના જ વીચારોમાં ખોવાયેલી રહી. મનીષ હમણાં અઠવાડીયાથી એક નવા પુસ્તકના લેખનમાં ડુબી ગયો હતો. અત્યારે પણ એ લખતો બેઠો હતો. મોના ક્યાંય સુધી એને જોતી બેઠી રહી. એકી ટશે એને જોતી રહી.

એકદમ એના હૈયામાં ઉમળકો આવ્યો. એ ઉઠીને મનીષના ટેબલ પાસે ગઈ. કેટલીયે વાર સુધી પાસે ઉભી રહી; પણ મનીષ લખવામાં જ મગ્ન હતો. મોનાના દીલમાં એકદમ ભાવ થઈ આવ્યો. મનીષના માથે એણે હળવેકથી હાથ ફેરવ્યો. મનીષે ઉંચે જોયું. એ નજરમાં એ જ પ્રેમ, એ જ નીર્મળતા, એ જ નીખાલસતા હતી, જેના પર મોના પહેલેથી વારી ગયેલી.

–હરીશ્ચંદ્ર

(શ્રી. સાનીયાની મરાઠી વાર્તાને આધારે)

'ભુમીપુત્ર' પાક્ષીકના તા. ૧૬ મે, ૨૦૦૬ના અંકમાંથી, તેમના સૌજન્યથી સાભાર..

@

077 : 26-11-2006

# યુવાનીમાં કરવા જેવા નશાઓ

–ગુણવંત શાહ

અનુક્રમણીકા

કૉલેજમાં ભણવાનાં વર્ષો દરમીયાન પ્રત્યેક યુવાનને મળતો મનગમતો અને થનગનતો સમયખંડ જીવનમાં એક જ વાર પ્રાપ્ત થાય છે. આપણા દેશની સૌથી ખતરનાક સમસ્યા કઈ એમ જો મને કોઈ પુછે તો કહું : 'સડેલું યૌવન'. કૉલેજના રળીયામણા કૅમ્પસ પર લીલાંછમ વૃક્ષો વચ્ચે અટવાતું સુકુંભઠ યૌવન દયનીય છે. કૅમ્પસ પર હરતુંફરતું યૌવન બે પરસ્પર વીરોધી ખેંચાણો વચ્ચે સતત ચીસ પાડતું રહે છે. એ ચીસ કુલપતીશ્રીને, પ્રાધ્યાપકોને અને માતાપીતાને ઝટ સંભળાતી નથી. એક બાજુએ અદમ્ય આકર્ષણમાંથી જન્મેલી પ્રેમની મધુર પીડા છે. બીજી બાજુએ હરીફાઈની તાણમાંથી જન્મેલી કૅરીયરની અમધુર તાણ છે. આ વાતમાં પુરી સમજણ પડે તે માટે પ્રત્યેક કૉલેજીયને એચ. જી. વેલ્સની નવલકથા 'લવ એન્ડ મીસ્ટર લુઈશામ' અવશ્ય વાંચવી. યુવાન લુઈશામ કૉલેજમાં ભણે છે અને ગોલ્ડ મેડલ મેળવવા આતુર છે. એ એક યુવતીના પ્રેમમાં પડે છે અને ગોલ્ડ મેડલ ગુમાવે છે. આજનો પ્રત્યેક યુવાન લુઈશામ છે.

અદમ્ય વીજાતીય આકર્ષણ તો યુવકયુવતીનો વીશેષાધીકાર છે. એવા પ્રકૃતીદત્ત આકર્ષણની નીંદા કરનારાં વડીલોનું ખરું સ્થાન મ્યુઝીયમમાં જ હોઈ શકે. સહજ આકર્ષણમાંથી પ્રગટેલો પ્રેમ આ દુનીયાનું જીવનદ્રવ્ય છે. એ પ્રેમ ફટકીયાં મોતી જેવો નહીં; પણ સો ટચના સોના જેવો હોય તો બેડો પાર! કોલેજીયનની અકથ્ય પીડા એ છે કે પ્રેમમાં ગરકાવ થયેલું ચીત્ત અભ્યાસમાં પરોવાતું નથી. આ સાઈમલટેનીયસ ઈક્વેશન્સ (દ્વીવર્ણ સમીકરણો) ઉકેલવાનું પરાક્રમ જબરી પ્રાણશક્તી માગી લેનારું છે.

માત્ર અભ્યાસ કરે તે યુવાન બોચીયો અને અભ્યાસને ભોગે કોઈની પાછળ ઘેલો થઇને ફરે તે રોમીયો ગણાય. શું બે તલવાર એક જ મ્યાનમાં સમાઈ શકે? હા, યુવાનીનું સૌથી મોટું પરાક્રમ એ જ છે. આવાં પરાક્રમી યુવક–યુવતીઓ આપણા દેશમાં ઓછાં નથી! કહેવાતા તપોવનમાં પણ વસંતના આગમન પર કોઈ પ્રતીબંધ હોતો નથી. વહેલી સવારે અભ્યાસ કરી લીધા પછી સાંજે મોટરબાઈક પર કોઈ બૉયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ સાથે ડેટીંગ માટે નીકળી પડવાની મજા જેવીતેવી નથી હોતી. સવારે અભ્યાસ કરતી વખતે પણ રોમેન્ટીક એસએમએસની આપ–લે કરવાની છુટ ભલે રહેતી. એમાં કોઈ તપોભંગ નથી. યુવાનીમાં કરવા જેવા નશાઓ અનેક છે. પ્રેમનો નશો પહેલા નંબરે આવે છે. નવું નવું વાંચવાનો બીજા નંબરે

આવે છે. શરીરને સલમાનખાનના શરીર જેવું સુડોળ રાખવાનો નશો ત્રીજા નંબરે આવે છે. વ્યસનો યુવાનના શરીરને ઝટ ઘરડું બનાવે છે. એવા યુવાન પ્રત્યે કઈ યુવતી આકર્ષણ પામે? પૃથ્વીસીંહ આઝાદ એક વાર વડોદરાની જીવનસાધના સ્કુલમાં આવેલા. તેમણે એક મૌલીક વાત કહેલી, ‘હું યુવક–યુવતીઓને કહું છું કે તમારે સેક્સ માણવી હોય તોય તમારે શરીરને કસરત દ્વારા જાળવવું જ જોઈએ.’ આ વાતમાં દમ છે. એક જમાનામાં જે સ્થાન અખાડાનું હતું તે સ્થાન આજે ‘જીમ’નું છે. ગુટખા ખાનારો કે સીગારેટના ધુમાડા કાઢનારો કે શરાબના ગ્લાસમાં ડુબી મરનારો યુવાન પોતાની ભાવી પત્નીને વૈધવ્ય આપવામાં ઉતાવળ કરે છે. આવા લફરાંબાઝ લલ્લુઓથી યુવતીઓ સાવધ રહે તે જરુરી છે.

આજકાલ ટીવી ચેનલો પર જોવા મળતા ટૅલેન્ટ શોમાં ભાગ લેનારાં યુવક–યુવતીઓને જોઈને હૈયું હરખાય છે. કેટલીય નવી ટૅલેન્ટ્સ સંગીતમાં, નૃત્યમાં અને માહીતીના ક્ષેત્રમાં બહાર આવી રહી છે! જેઓ આવા શોમાં નીષ્ફળ જાય છે તેઓ પણ એકાદ–બે પૉઈન્ટને કારણે જ ઈનામ નથી પામતાં. એ નીષ્ફળતા પણ ખાસ્સી રળીયામણી છે. આજકાલ દુનીયામાં કયા દેશ પાસે યુરેનીયમનો કે થોરીયમનો કેટલો જથ્થો છે તેની ચર્ચા પરમાણુ તાકાતના સંદર્ભે થતી હોય છે. ઓસ્ટ્રેલીયા પાસે યુરેનીયમ વધારે છે. ભારત પાસે થોરીયમ વધારે છે. લગભગ

એ જ રીતે દેશની ખરી તાકાત એના યુવાનોની ટૅલેન્ટના કુલ જથ્થા પર રહેલી છે. અમેરીકાની ખરી તાકાત ડૉલર નથી; અમેરીકાની ખરી તાકાત દેશવીદેશમાંથી તકની શોધમાં ત્યાં પહોંચી ગયેલી ટૅલેન્ટ્સના જથ્થાની માવજતમાં રહેલી છે. ત્યાં ટૅલેન્ટની કદર છે.

આજકાલ રશીયામાં એક શાંત ક્રાંતી ચાલી રહી છે. વ્લાડીમીર પુટીન રશીયાના રાષ્ટ્રપ્રમુખ છે. તેઓ મોરારજી દેસાઈ જેવા શરાબવીરોધી છે. ‘લગે રહો મુન્નાભાઈ’ના ફીલ્મી ડાયલોગમાં પ્રયોજાયેલો શબ્દપ્રયોગ કરવો હોય તો કહી શકાય કે પુટીનના મસ્તકમાં એક ‘કૅમીકલ લોચો’ છે, જે અત્યંત ફળદ્રુપ છે. એમની સત્તાધારી પાર્ટીનું નામ ‘યુનાઈટેડ રશીયા પાર્ટી’ છે. પાર્ટી માટે નવું યુવાન લોહી શોધવા સમગ્ર રશીયામાં આજકાલ ટૅલેન્ટ શોધ ચાલી રહી છે. એનું નામ છે, ‘પોલીટીકલ ફૅક્ટરી’. એ માટે ઠેર–ઠેર જાહેરાતો કરવામાં આવી: ‘અમને એવાં સુંદર અને પ્રતીભાશાળી યુવકો અને યુવતીઓની જરુર છે, જેઓ બુદ્ધીશાળી હોય અને રશીયન લોકોની જીન્દગી બદલી નાખવાની ક્ષમતા ધરાવતાં હોય.’ નીકોલાઈ ટાબાશ્નીકો એ ‘ટૅલેન્ટ હન્ટ’ના મુખ્ય આયોજક છે. સમગ્ર રશીયામાંથી ૧૪ યુવક–યુવતીઓ પસંદ થયાં અને એમાંથી ફાઈનલ પસંદગી પામેલાં સાત યુવક–યુવતીઓને રશીયાની સંસદ માટેની ચુંટણીમાં બેઠકો ફાળવવામાં આવશે. જે પ્રતીભાશાળી યુવક–

યુવતીઓ ફાઈનલમાં પસંદગી ન પામ્યાં, તેમને પાર્ટીના યુવા–સંગઠન (કોમ્સોમલ)માં મહત્ત્વના હોદ્દાઓ પર સ્થાન આપીને સાવ જુની સામ્યવાદી વીચારસરણી ધરાવનારા યુવાન સભ્યોને બહાર ફેંકી દેવાનું વ્યાપક આયોજન થયું છે. ભારતના બધા રાજકીય પક્ષોને કામ લાગે એવી આ વાત છે. એક જમાનામાં કૉંગ્રેસ સેવાદળ નેતાઓ તૈયાર કરવાનું ઉત્તમ કામ કરતું હતું. સૌવીક ચક્રવર્તીએ ભારતના જુનવાણી અને જડ સામ્યવાદીઓ પર તીવ્ર કટાક્ષ કરતાં કહ્યું હતું: ‘સામ્યવાદીઓ ખાનગી મીલકતને ધીક્કારે છે અને સામાજીક માલીકીને આદર્શ ગણે છે. હું શરત મારવા તૈયાર છું કે બ્રીન્દા કરાત અને પ્રકાશ કરાત (પતી–પત્ની હોવા છતાંય) એક જ ટુથબ્રશથી કામ ચલાવતાં નહીં હોય.’ બંધીયાર મન એટલે જ ઘરડું મન. મનનું ખુલ્લાપણું તો યુવાન હોવાની સૌથી તગડી સાબીતી છે. આવા એંશી વર્ષના કોઈ યુવાનને તમે મળ્યા છો? દાદા ધર્માધીકારી આવા ‘યુવાન’ હતા.

ગુજરાતના પ્રીય યુવાન મીત્રોને એક ખાનગી વાત જાહેરમાં કહેવી છે : જો તમારા સહજ અને સ્વચ્છ પ્રેમસંબંધ અંગે કોઈ વડીલ, સાધુ, સેવક, કર્મશીલ, ચીંતક, સાહીત્યકાર કે ઉપદેશક પોતાના ગંદા નાકનું ટેરવું ચડાવીને સંયમનો ઉપદેશ આપે તો તેમનું માનશો નહીં. એ લોકો જ્યારે તમારા જેટલી ઉંમરના હતા ત્યારે શક્ય છે કે કલ્પનામાં પણ ન આવે તેવાં

લગ્નેતર પરાક્રમો તેમણે ધરાઈને કર્યાં હતાં. પાછલી ઉંમરે બધાં ગાત્રો શીથીલ થઈ ગયાં પછી તેઓ આજે તમને ઉપદેશ આપવા હાલી નીકળ્યા છે. તેમને કે આ લખનારને આ બાબતે ઉપદેશ આપવાનો કોઈ જ અધીકાર નથી. જેઓ પાછલી ઉંમરે પણ યુવાની જાળવી રાખવા માગે છે તેમણે ઉપદેશહીંસાથી બચવું રહ્યું. ઉપદેશ તો ઘડપણનું કૅન્સર છે.

યુવાની તો એક દીવ્ય અને ભવ્ય નશાનું નામ છે. એ નશાની એક ખુબી છે. એમાં અશક્ય કશું નથી હોતું. એનું અત્યંત પવીત્ર લક્ષણ છે : ‘રોમૅન્ટીક અધ્ધરતા’. એ અધ્ધરતા આધ્યાત્મીક કક્ષાની ઉંડી અનુભુતી છે. જીવનની એ વસંત વારે વારે નથી આવતી. એવી યુવાનીનું વાસંતી સુત્ર છે : ‘ઈવન સ્કાય ઈઝ નોટ ધ લીમીટ’.

## પાઘડીનો વળ છેડે

યુવાનીનાં પરાક્રમોની વાત જ જુદી છે. જાણીતા પર્યાવરણવાદી લોકસેવક બાબા આમટે જાગીરદારના દીકરા હતા અને વ્યાઘ્રચર્મથી મઢેલી સ્પોર્ટસ્કાર ચલાવતા હતા. ઈન્ફોસીસના પ્રણેતા એન.આર. નારાયણમુર્તી નોકરી માટે અઝીમ પ્રેમજીની વીપ્રો કંપનીમાં ઈન્ટરવ્યુ આપવા ગયા ત્યારે તેમની પસંદગી થઈ નહોતી. જાણીતા શાસ્ત્રીય સંગીતજ્ઞ

ભીમસેન જોશી જ્યારે યુવાન હતા ત્યારે ઘરેથી ભાગી ગયેલા અને અનેક વાર જેલભેગા થયેલા. ‘લગે રહો મુન્નાભાઈ!’

–ગુણવંત શાહ

તા. ૧૨ નવેમ્બર, ૨૦૦૬ના ‘દીવ્ય ભાસ્કર’ દૈનીકની રવીવારીય પુર્તી ‘રસરંગ’માંથી સાભાર..

સંપર્ક : ‘ટહુકો’–૧૩૯–વીનાયક સોસાયટી, જે.પી. રોડ, વડોદરા–૩૯૦ ૦૨૦

@

078 : 03-12-2006

# 'આપરો જે.આર.ડી.'

–સુધા મુર્તી–

અનુક્રમણીકા

અનુવાદ : સોનલ મોદી

મને યાદ છે ત્યાં સુધી એપ્રીલ ૧૯૭૪ની આ વાત છે. બેંગ્લોરમાં ગરમી શરુ થઈ ગઈ હતી. અમારા કેમ્પસમાં ગુલમહોરે કેસરીયાં કરવા માંડ્યાં હતાં. અમારા આખા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપાર્ટમેન્ટમાં હું એકલી છોકરી હતી. અમારી હૉસ્ટેલમાં જે બીજી છોકરીઓ હતી, તે વીજ્ઞાનની અલગ અલગ શાખાઓમાં શોધ–સંશોધનમાં વ્યસ્ત હતી. મારું તો એક જ ધ્યેય હતું. ફટાફટ એમ.એસસી. પતાવીને કમ્પ્યુટર સાયંસમાં પીએચ.ડી. કરવા અમેરીકા જવું. મને ઘણે ઠેકાણેથી શીષ્યવૃત્તીની ઓફર્સ પણ મળી ગઈ હતી. ભારતમાં નોકરી કરવાનો તથા કારકીર્દી બનાવવાનો મેં સ્વપ્નેય વીચાર કર્યો નહોતો.

એક દીવસ હું કૉલેજના લેક્ચર હૉલમાંથી નીકળીને થાકી–પાકી મારી હૉસ્ટેલ તરફ જઈ રહી હતી ત્યાં હૉલની બહાર જ નોટીસ બૉર્ડમાં એક જાહેરખબર મેં જોઈ. એ જમાનાની માતબર કંપની ટેલ્કો–જે આજે તાતા મોટર્સ તરીકે ઓળખાય છે

તે–ની એક બીબાંઢાળ જાહેરખબર હતી. ‘અમારા પુણે ખાતેના પ્લાન્ટ માટે જોઈએ છે–યુવાન, બાહોશ, મહેનતકશ એન્જીનીયરો. અત્યંત ઉજ્જવળ કારકીર્દી ધરાવતા યુવાનોએ જ અરજી કરવી.’..બૉક્સ...પુણે. જાહેરખબરની નીચે ઝીણા અક્ષરે એક પુરક નોંધ હતી : ‘યુવતીઓએ તસ્દી લેવી નહીં.’

હું તો એ છેલ્લી લીટી વાંચીને ઉકળી ઉઠી! જીન્દગીમાં પહેલી વાર મને લીંગના ભેદભાવનો અનુભવ થયો. મને હાડોહાડ લાગી આવ્યું. સાચું કહું તો મને ટેલ્કોની કે ભારતની કોઈપણ કંપનીની નોકરી કરવાની લેશમાત્ર ઈચ્છા ન હતી; છતાંય હવે તો મેં નક્કી કર્યું કે આ નોકરી તો હું લઈને જ જંપીશ. મેં અરજી લખી અને બીડી દીધી. મારી કૉલેજના મોટાભાગના છોકરાઓ કરતાં મેં પાંચેય વર્ષમાં વધારે માર્ક્સ મેળવ્યા હતા. પણ અરજી કરતી વેળા મને ભોળીને ક્યાં ખબર હતી, કે જીવનમાં સફળ થવા માટે ઉજ્જવળ શૈક્ષણીક કારકીર્દી ઉપરાંત બીજું ઘણુંબધું જોઈએ છે.

પણ હજી મારો ગુસ્સો શમ્યો નહોતો. અન્યાય સામે ચુમાઈને બેસી રહેવાનું મારા સ્વભાવમાં જ નહીં. મેં તો એક પોસ્ટકાર્ડ લખવા માંડ્યો. પણ સંબોધન કોને કરવું? મને તો ખબર પણ નહોતી કે ટેલ્કોના ચેરમેન કોણ હશે! મનમાં વીચાર્યું : તાતા ગ્રુપની કંપની છે, કોઈ તાતા જ હશે ને? આપણે વીદ્યાર્થી અવસ્થામાં આ બધી કૉર્પોરેટજગતની આંટીઘુંટીઓથી

અજાણ હોઈએ છીએ. તે જમાનામાં શ્રી. જે.આર.ડી. તાતાના ફોટા છાપાંઓમાં બહુ છપાતા. તે જ તાતાના ચેરમેન હશે અમ માની મેં તો લખી નાખ્યું. પછી તો મોડેથી મને ખબર પડી કે તે સમયે ટેલ્કોના ચેરમેન શ્રી. સુમન્ત મુળગાંવકર હતા.

તે મારો પ્રથમ પો.કા. આજે પણ મને ફોટોગ્રાફની જેમ યાદ છે :

*'મુરબ્બી શ્રી. જે.આર.ડી. તાતાસાહેબ,*

*'આપની કંપનીઓએ પાયાની ઈંટ જેવા કેટલાય ઉદ્યોગોની ભારતમાં સ્થાપના કરી છે. લોખંડ–પોલાદ, કૅમીકલ્સ, લોકોમોટીવ્સ, એંજીન્સ... આપે કેટલાંય ક્ષેત્રો સર કર્યાં છે! ભારતમાં ૧૯૦૦ની સાલમાં ઉચ્ચ શીક્ષણનો વીચાર કરનાર જ કોણ હતું? આપે તો બેંગ્લોરમાં ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયંસની સ્થાપના કરીને મારા જેવા વીદ્યાર્થીઓ માટે ઉચ્ચ શીક્ષણનાં દ્વાર ખોલી દીધાં. મારા સદ્નસીબે હું આ શ્રેષ્ઠતમ કૉલેજની વીદ્યાર્થીની છું. મને આપની કંપનીની જાહેરાત જોઈને ખુબ જ નવાઈ લાગી છે કે આવી પ્રતીષ્ઠીત કંપનીમાં પણ - gender discrimination - હોઈ શકે?'*

મેં તો ગુસ્સામાં પો.કા. રવાને કરી દીધું. દસ જ દીવસમાં મારે નામે હૉસ્ટેલ પર તાર આવ્યો. 'ટેલ્કો કંપનીના ખર્ચે આપને પુણેમાં ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે.' હું તો ડઘાઈ જ ગઈ! મારે તો નોકરી કરવીય નહોતી. આ તાર

જાહેરચર્ચાનો ખટમધુરો વીષય બન્યો અને બધી બહેનપણીઓ મારા રુમ પર ભેગી થઈ. સૌની એક જ સલાહ મળી: 'યાર, ટેલ્કો જેવી કંપની તને બધો ખર્ચ આપે છે. તો ફરી આવ ને! નોકરી કંઈ થોડી જ રસ્તામાં પડી છે? પુણેમાં મસ્ત સાડીઓ મળે છે. અમારે માટે શૉપીંગ કરતી આવજે.' માનશો? બધી બહેનપણીઓએ મને એડવાન્સમાં પૈસાય આપ્યા! અત્યારે પુણે જવાનાં મારાં કારણો વીશે વીચારું છું ત્યારે મને ખરેખર હસવું આવે છે. પણ તે જમાનામાં બેંગ્લોરથી પુણે સુધી મફત ફરી આવવા માટેનાં એ કારણો ખોટાં નહોતાં.

પુણેની મારી એ પ્રથમ મુલાકાત. 'Love at first sight.' આજે પણ વહાલા પુણેનું મારા હૈયાના એક ખુણામાં ચોક્કસ સ્થાન છે. પુણે એટલે મારું બીજું ઘર! એ શહેરમાં મેં મારા જીવનના ઘણા ઉતાર–ચડાવ જોયા. મારામાં બદલાવ લાવવામાં એ દીવસો કારણભુત બન્યા.

હા, તો સ્ટેશને ઉતરીને સીધી જ ટેલ્કોની પીંપરી ખાતેની ઓફીસે હું ઈન્ટરવ્યુ માટે પહોંચી ગઈ. મને અંદર બોલાવવામાં આવી ત્યારે સામે છ માંધાતાઓની પેનલ જોઈને જ મને ભાન થઈ ગયું કે આ બચ્ચાંના ખેલ નથી. કાચાપોચાના હાંજા ગગડી જાય તેવું સોલીડ સીરીયસ વાતાવરણ હતું.

બે–ત્રણ જણ અંદરોઅદર ગુસપુસ કરતા હતા: 'જે.આર.ડી. તાતાને પો.કા. લખ્યો હતો તે આ જ છોકરી ને!'

વગેરે. મને ખાતરી થઈ ગઈ કે મને હાંસીપાત્ર બનાવવા માટે જ આ નાટક રચાયું છે. અહીં આપણી દાળ ગળે તેમ નથી. મનમાં બીજો વીચાર એ પણ આવ્યો કે જો આ નોકરી નથી જ મળવાની, તો પછી શા માટે ગભરાવું? આવડે એવા જવાબો શાંતીથી આપવા. તરત જ મારી બીક ભાંગી ગઈ.

તેઓમાંથી એક પણ જણ મને કંઈ પણ સવાલ પુછે તે પહેલાં જ મેં સ્પષ્ટ શબ્દોમાં  તેમને કહી દીધું, ‘હું ફક્ત એટલી આશા રાખી શકું કે આ ટૅકનીકલ ઈન્ટરવ્યુ જ હોય! (અર્થાત્, મને અંગત રીતે હેરાન કરવામાં ન આવે!)

પેનલના સભ્યો તો મારી આ છોકરરમતભરી સ્પષ્ટવક્તાગીરીથી સડક જ થઈ ગયા! આજેય મને મારી એ વર્તણુક બદલ શરમ આવે છે.

મને ઘણાબધા ટૅકનીકલ તેમ જ મારા વીષયને સંલગ્ન સવાલો પુછવામાં આવ્યા. મેં તેના સંતોષકારક જવાબો આપ્યા જ હશે એમ માનું છું. પછી પેનલ પરના એક વૃદ્ધ સજ્જને મને લાગણીભીનાસ્વરે કહ્યું, ‘બેટા, તને ખબર છે, અમે યુવતીઓને એપ્લીકેશન કરવાની ના શા માટે પાડીએ છીએ? કારણ કે આજદીન સુધી અમારાં કારખાનાં (shop-floor) પર એક પણ સ્ત્રી અમે રાખી જ નથી. સ્ત્રીઓ એકાઉન્ટ્સમાં કામ કરે, ઓફીસમાં કામ કરે; પણ આ તો ઓટોમોબાઈલ ઉદ્યોગ રહ્યો. કારખાનાં ચોવીસે કલાક ધમધમતાં હોય. ત્રણે પાળીમાં કામ

ચાલે. ટ્રેઈનીંગ માટે અમારે તને બીહાર–જમશેદપુર પણ મોકલવી પડે. બધે પુરુષો જ હોય અને મશીનરી હોય. ટ્રકો ચલાવવી પડે. ડ્રાઈવીંગ શીખવું પડે અને ટ્રકોની ડ્રાઈવીંગ ટ્રાયલ લેવી પડે. પુરુષો તો ગેસ્ટહાઉસમાં કે ટ્રેઈની માટેની હૉસ્ટેલોમાં ભેગાભેગાય પડ્યા રહે. તારે માટે અમારે જુદી વ્યવસ્થા વીચારવી પડે. વળી,  કારખાનાંમાં જે પુરુષો કામ કરતા હોય, તે એક સ્ત્રીને 'બૉસ' તરીકે સહજતાથી સ્વીકારેય નહીં. તું અમારે ત્યાં નોકરી કરતી હોય એટલે અમારી દીકરી ગણાય. તને જાળવવાની સંપુર્ણ જવાબદારી અમારી બને. આ કૉલેજ નથી. અહીં તો સ્ત્રી–પરુષના ભેદભાવ રહેવાના જ. એક કામ કર, તું હોશીયાર છે. તારા જેવાએ તો રીસર્ચના ક્ષેત્રમાં જવું જોઈએ.'

હું તો કર્ણાટકના નાનકડા ગામ હુબલીની એક યુવાન, આશાભરી વીદ્યાર્થીની હતી. મારી દુનીયા બહુ જ સીમીત હતી. મોટી કંપનીની આવી મુસીબતની મને શી સમજ હોય? તેમણે તેમની તકલીફ સમજાવવામાં કશી કસર છોડી નહોતી; છતાં મેં કહ્યું, 'સાહેબ, તમારે ક્યાંકથી તો શરુઆત કરવી જ પડશે ને? નહીં તો તમારી ફેક્ટરીઓના દરવાજા સ્ત્રીઓ માટે તો સદાનાં બંધ જ રહેશે ને? ઔદ્યોગીક ક્ષેત્રે કંઈક નવીન કરવામાં આપની કંપની સદા અગ્રેસર રહે છે. તમારા ઉદ્યોગમાં વપરાતી ટૅકનોલોજી જુઓ! બીજી કંપનીઓ કરતાં જોજનો આગળ છો,

આપ સાહેબ. આપ આમ વીચારશો, તો આ પુરુષપ્રધાન ઉદ્યોગમાં સ્ત્રીઓ ક્યારેય દાખલ જ નહીં થઈ શકે!'

તે સાહેબે આગળ જણાવ્યું, 'એક નવા ઉમેદવારને તાલીમ આપવા પાછળ અમારી કંપની ખાસ્સો ખર્ચ કરે છે. તું બાવીસેકની તો હોઈશ જ ને? સારો મુરતીયો મળશે એટલે પરણીને જતી રહીશ. તારો વર જે શહેરમાં રહેતો હશે, તેની પાછળ ચાલી જઈશ. અમારા પૈસા તો પાણીમાં જ જાય ને?'

તેમની વાત ખોટી નહોતી. મેં સહેજ વીચાર કર્યો અને કહ્યું, 'સાહેબ, હું આપની સાથે સંમત થાઉં છું. પણ એક અંગત સવાલ પુછી શકું? આપમાંથી ઘણાબધા પરણેલા જ હશો. ભારતીય પરંપરા પ્રમાણે આપની પત્ની આપની સાથે જ રહેતી હશે. ભલે તે મુંબઈની હોય કે દીલ્હીની! ગુસ્તાખી માફ કરશો સાહેબ, પણ સાચું કહેજો, કેટલાય યુવાનો અહીંથી તાલીમ અને અનુભવ મેળવીને ફક્ત બસો–પાંચસો રુપરડીના વધુ પગાર તરફ આકર્ષાઈને બીજી કંપનીઓમાં જોડાતા નથી? સાહેબ, આપ તેમને રોકવા શું કરી શકો છો? કોઈ વ્યવસ્થા કે કાયદો છે આપની પાસે?'

પછી તો ઈન્ટરવ્યુ લાંબો ચાલ્યો. સાંજે મને કહેવામાં આવ્યું કે, 'તમે કામીયાબ રહ્યાં છો. તમે ટેલ્કોની એન્જીનીયરીંગ ટીમના આજથી જ મેમ્બર છો.' હજી તો મારું ભણવાનું બાકી હતું. મારે તરત જ બેંગ્લોર પાછા જવાનું હતું. હું રસ્તામાં મારા

ગામે–વતનમાં ઉતરી ગઈ. મારા પીતાજીને માંડીને બધી વાત કહેવી હતી. પીતાજી મારા 'બેસ્ટ ફ્રેન્ડ'. મને એમ કે મારા સાહસની વાત જાણી બહુ ખુશ થશે અને મારા વખાણ કરતાં નહી થાકે..

ઘરે પહોંચીને મેં તો બાપુજીને ભારે ઉત્સાહથી અથથી ઈતી વાતો કહી. બાપુજીએ તો મારા ઉત્સાહ પર ઠંડું પાણી રેડ્યું અને ગ્લાનીપુર્વક મને ધીમેથી કહે, 'બેટા, તારામાં સહેજ પણ મેનર્સ જેવું નથી. શ્રી. જે.આર.ડી. તાતા જેવા સન્માનનીય વડીલને આવો પોસ્ટ–કાર્ડ લખાય? ખુબ જ શાલીનતાથી પત્ર લખીને, કવરમાં મુકીને પોસ્ટ કરવો જોઈએ. હવે અમેરીકા ભણવા જવાનું ભુત મનમાંથી કાઢ, ને આ નોકરીએ લાગી જા. એ તારી નૈતીક જવાબદારી બને છે.'

મારા નસીબમાં કદાચ એ જ લખાયું હશે. મેં સ્વપ્ને પણ વીચાર્યું ન હતું કે હું પુણેમાં નોકરીએ લાગી જઈશ! મારે તો અમેરીકા જ જવું હતું. પીએચ.ડી. કરવું હતું. પણ 'વહી હોતા હૈ જો મંજુરે ખુદા હોતા હૈ...' પ્રભુનો દોરીસંચાર હતો. કંઈક ગુમાવો તે કંઈક મેળવવા માટે જ. પુણેનાં એ વર્ષો એ મારા જીવનમાં અદ્ભુત બદલાવ આણ્યો. કર્ણાટકના એક અત્યંત અંતર્મુખી, શરમાળ, પ્રેમાળ આદમીનો મને પરીચય થયો. અમે અંતરંગ મીત્રો બન્યાં ને એકમેકને દીલ દઈ બેઠાં. એ વ્યક્તીને આપ સૌ શ્રી. એન.આર.નારાયણમુર્તી તરીકે કદાચ ઓળખો જ

છો. અમારો પરીચય પરીણયમાં અને પ્રભુતાનાં પાવન પગલાંમાં પરીણમ્યો.

ટેલ્કોની નોકરી માટે જેણે મારો ઈન્ટરવ્યુ લીધો હતો તે સજ્જન હતા ડૉ. સત્ય મુર્તી. અત્યંત વીચક્ષણ બુદ્ધીમત્તા ધરાવતા એક મુઠી ઉંચેરા માનવી. શી એમની ટ્રેઈનીંગ આપવાની પદ્ધતી અને ઉમદા સ્વભાવ! મારા તો ગુરૂ! મેં એમના હાથ નીચે થોડાં વર્ષ કામ કર્યું ત્યારે મને ભાન થયું કે શ્રી.જે.આર.ડી. તાતા કેવી મહાન વીભુતી છે!

ભારતના ઉદ્યોગ સામ્રાજ્યના એ બેતાજ બાદશાહ! ભલભલા ચમરબંધી, રાજા–રજવાડાં, પ્રધાનો, મુખ્યમંત્રીઓ તેમની આગળ વામણા લાગે. જેમ જેમ તેમના વીશે જાણતી ગઈ તેમ તેમ મને તેમની ખુબ બીક લાગવા માંડી. મેં તેમને ખુલ્લો પત્ર લખીને કેવી બાલીશ ગુસ્તાખી કરી હતી તેનું ભાન મને ટેલ્કોમાં જોડાઈ કે તરત જ થઈ ગયું. પુણેથી મારી મુંબઈ બદલી થઈ. ત્યાં સુધી તો મારે તેમના સીધા પરીચયમાં આવવાનો પ્રસંગ જ નહોતો બન્યો. તેમની ઓફીસ તળમુંબઈમાં હતી. તાતા ઈન્ડસ્ટ્રીઝનું તે વડું મથક.

એક દીવસ મારે મારી કંપનીના ચેરમેન શ્રી. સુમંત મુલગાંવકરને થોડા રીપોર્ટ્સ બતાવવાના હતા. તેમને બધા 'SM' કહેતા. હું બૉમ્બે હાઉસના પહેલે માળે તેમની ઓફીસમાં ગઈ. હજી તો હું 'SM' ઓફીસમાં બેઠી જ હોઈશ ત્યાં સાવ જ

અચાનક શ્રી. જે.આર.ડી. તે રુમમાં આવી પહોંચ્યા. તેમનું હુલામણું નામ હતું 'આપરો જે.આર.ડી.' ગુજરાતીમાં 'આપણો' એટલે 'બધાનો'. તેઓ પારસી હતા તેથી અપભ્રંશ 'આપરો' થઈ ગયું. પાછળ જ 'SM' રુમમાં પ્રવેશ્યા. હજી તો મને શ્રી. તાતાની અચાનક હાજરીની કળ વળે તે પહેલાં જ તેમણે શ્રી. તાતાને મારી ઓળખાણ કરાવી.

'જેહ, આ છોકરીને મળ. કમ્પ્યુટર સાયંસમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. હજી તો કેટલી નાની લાગે છે! આપણે ત્યાં પુણેમાં ટેલ્કોની ફેક્ટરીમાં મજુરો સાથેય હળીમળીને કામ લેતી હતી. કારખાનાંમાં આપણે સૌથી પહેલી આ છોકરીને રાખી. હવે પ્રમોશન થયું એટલે મુંબઈ આવી છે.'

શ્રી. તાતા મારી સામે જોઈ રહ્યા. મને ખાતરી કે તેમને પેલી પોસ્ટ–કાર્ડવાળી વાત યાદ આવી જ હશે. પણ ખાનદાનીનું ખોળીયું કોને કહ્યું છે! તેમણે તો મધમીઠી જબાનમાં મારી જોડે વાત માંડી. 'આપણા દેશની કન્યાઓ હવે એન્જીનીયરીંગમાં જાય છે એ જ મહત્ત્વની વાત છે. તારું નામ શું, દીકરી?

મેં ભારે શીષ્ટાચાર દર્શાવતાં ધીમેથી કહ્યું, 'સર, જ્યારે ટેલ્કોમાં જોડાઈ ત્યારે સુધા કુલકર્ણી હતી. હવે સુધા મુર્તી છું.'

'ક્યાં કામ કરે છે તું?' તાતા ગ્રુપની અનેક કંપનીઓના અસંખ્ય ડીપાર્ટમેન્ટ્સ હોય છે.

નાણાવટી હૉસ્પીટલમાં ટેલ્કોનું કોઈ કામ ચાલતું હતું. તેથી મેં કહ્યું, 'સર, નાણાવટી મહાલયમાં છું.' તેમણે મને સરસ સ્મીત આપ્યું, ડોકું ધુણાવ્યું અને પછી એ બંને મહાન વીભુતીઓ કશીક ચર્ચામાં મશગુલ થઈ ગયા. હું તો રીતસરની રુમમાંથી ભાગી જ!

પછી તો તેમને ઘણી વાર ઓફીસે જતાં–આવતાં, ચર્ચાઓ, સેમીનાર અને મીટીંગ્સમાં જોવા–સાંભળવાનો મોકો મળ્યો. પણ તેમને મળવાનો મોકો ભાગ્યે જ મળે. તેઓ ચેરમેન અને હું તો અદની એન્જીનીયર. હું તો એમની પ્રતીભાથી જ અંજાઈ ગયેલી!

એક દીવસ ઓફીસેથી છુટ્યા બાદ હું મારા પતીની રાહ જોતી ઉભી હતી. મુર્તી મને રોજ લેવા આવે. સ્કુટર નવું નવું લીધેલું; તેથી જોડે જવાથી બચત થતી હતી. હજુ તો હું ઉભી જ હતી અને મેં મારી બાજુમાં શ્રી. તાતાને ઉભેલા જોયા. હું તો સ્તબ્ધ થઈ ગઈ! શું બોલું? શું કરું? પાછો પેલો પોસ્ટકાર્ડ યાદ આવ્યો. આજે તો હું એકલી હતી. મરી ગઈ! આજે એ બધું યાદ કરું છું ત્યારે લાગે છે કે તેઓ તો એ તુચ્છ બાબત ભુલી પણ ગયા હશે.

શ્રી. તાતા મને કહે, 'યંગ લેડી, વાય આર યુ સ્ટેન્ડીંગ હીયર અલોન? ઓફીસ તો છુટી ગઈ છે. આમ, સુનકારમાં કેમ એકલી ઉભી છે?

મેં કહ્યું, ‘સર, આઈ એમ વેઈટીંગ ફોર માય હસ્બંડ. મારા પતી મને રોજ લેવા આવે છે. આજે જરા મોડા થઈ ગયા લાગે છે.’

શ્રી. તાતા કહે, ‘અંધારું થવા લાગ્યું છે. અહીં બધું સુમસામ છે. આવે વખતે એકલા ઉભા રહેવામાં જોખમ છે. હું પણ તારી સાથે ઉભો છું.’

હું તો મુર્તીની રાહ જોવા ટેવાયેલી હતી. પણ શ્રી. તાતા તો મારી બાજુમાં ઉભા રહ્યા તેથી હું ખુબ જ નર્વસ થઈ ગઈ. વારંવાર ત્રાંસી નજરે તેમને જોવા લાગી.

ખુબ જ ઉમદા કાપડમાંથી બનેલાં સાદા સફેદ શર્ટ અને પેન્ટ તેમણે પહેર્યાં હતાં. તેઓ વયોવૃદ્ધ હતા. ચહેરા પર ખાનદાની તેમ જ માનવતાનું મર્દાનગીભર્યું તેજ હતું અને છતાં તે મોં પર ગુરુતાગ્રંથીનો ગર્વ નહોતો. હું તો મનમાં વીચારતી હતી, ‘આ માનવતાની મીરાત તો જુઓ! આટલા મોટા તાતા ગ્રુપના ચેરમેન, દેશની અત્યંત સન્માનનીય, પ્રતીભાશાળી વ્યક્તી અને તે મારા જેવી એક સામાન્ય એન્જીનીયરની પરવા રાખીને આ રસ્તે ઉભા છે!

એવામાં જ મુર્તી આવ્યા. હું દોડીને સ્કુટર પર બેસી ગઈ. શ્રી. તાતા મને કહે, ‘યંગ લેડી, તારા માટીરાને મારા વતી કહેજે કે, એકલી સ્ત્રીને ક્યારેય રાહ ન જોવડાવાય.’

૧૯૮૨માં મેં ટેલ્કોમાંથી રાજીનામું આપ્યું. મારે એ નોકરી છોડવી જ ન હતી; પણ બીજો કોઈ ઉપાય જ નહોતો. આજે પણ તાતા ગ્રુપ માટે મને એટલું જ માન છે. શ્રી. જે.આર.ડી. તાતાને હું મારા ગુરૂ, role model માનું છું. તેમની સાદગી, કરુણા, દયાર્દ્રતા તેમ જ નાનામાં નાના કર્મચારીની તેમની સંભાળ લેવાની રીતનો જોટો જડવો મુશ્કેલ છે.

નોકરીના છેલ્લા દીવસે મુંબઈની કંપનીની હેડ ઓફીસમાંથી મારા બાકીના પૈસા, પગાર, ભથ્થાં વગેરે મેળવીને હું પગથીયાં ઉતરતી હતી; ત્યાં જ શ્રી. તાતાને મેં ઉપર ચડતાં જોયા. કંઈક વીચારમાં ખોવાયેલા હતા. મારે તેમને 'ગુડ બાય' કહેવી જ હતી તેથી હું ઉભી રહી. મને ઉભેલી જોઈને તેઓ તરત જ ઉભા રહ્યા.

ધીમેથી મને કહે, 'કેમ છો મીસ કુલકર્ણી? શું ચાલે છે?' (મને તેઓ હમેશાં યંગ લેડી કે મીસ કુલકર્ણી જ કહેતા.)

'સર, મઝામાં; પણ ટેલ્કો છોડું છું.'

'કેમ? ક્યાં જાઓ છો?'

'પુણે સેટલ થવા જઈએ છીએ. સર, મારા પતીને નાનોશો બીઝનેસ ચાલુ કરવો છે. 'ઈન્ફોસીસ' નામની કંપની ચાલુ કરવી છે, તેથી હવે પુણે જવું પડશે. સર, આશીર્વાદ આપો,' મેં કહ્યું.

'તમે બંને સફળ થશો તો શું કરશો?' સાહેબે પુછ્યું.

'સાહેબ, હજુ તો નવાં નવાં છીએ. સફળતા મળશે કે નહીં તેની જ ક્યાં ખબર છે?'

'મીસ કુલકર્ણી, કેમ ઢીલું ઢીલું બોલો છો? ખુબખુબ આત્મવીશ્વાસથી શરુ કરો તો જરુર સફળ થશો. પણ એક વાત ન ભુલતાં. સફળ થાઓ તો આ સમાજનું ઋણ ચુકવવાનું નહીં ચુકતાં. સમાજ તરફથી આપણને કેટકેટલું મળે છે? પાછું વાળવાનું આપણે યાદ રાખવું જ જોઈએ. You must always give back to society. I wish you all the best.'

પછી તેઓ દાદરા ચડી ગયા. તેમની સાથેની મારી આ છેલ્લી મુલાકાત. મહામાનવોની દયા અને દુઆઓ પણ આપણી કમ સમૃદ્ધી નથી!

વર્ષો પછી શ્રી. તાતાના અનુગામી શ્રી. રતન તાતાને એ જ બૉમ્બે હાઉસની કૅબીનમાં શ્રી. જે.આર.ડી. તાતાની ખુરશીમાં બેઠેલા જોયા. મેં શ્રી. રતન તાતાને મારા ટેલ્કોના જમાનાની ખટમધુરી વાતો કરી. યાદોના પટારા ખોલ્યા. મેં કહ્યું, 'મારા પતીની માફક હું તમને 'મીસ્ટર તાતા' એવું બુઠ્ઠું સંબોધન કરી જ ન શકું. તમે તો 'આપરો જે.આર.ડી.'વાળી ખુરશી પર બીરાજમાન છો! તમને હું હમ્મેશ 'ચેરમેન સર' જ કહીશ.'

પછી તો રતન તાતાનો મારા પર પત્ર પણ આવ્યો હતો. લખે : 'આપના મોંએથી આદમીયતના અત્તરથી

મઘમઘતા 'જેહ'ની વાતો સાંભળીને દીલ બાગબાગ થઈ ગયું. (સાવ નજીકના વર્તુળમાં શ્રી. જે.આર.ડી. 'જેહ'ના હુલામણા નામથી ઓળખાતા). મને દુ:ખ તો એક જ વાતનું છે. આપણા બીઝનેસની સફળતાના આજે તેઓ સાક્ષી નથી.'

જે.આર.ડી.ને હું મહામાનવ માનું છું; કેમ કે સમયના સદંતર અભાવ છતાંય તેમણે એક આશાભરી યુવતીના પોસ્ટકાર્ડને કચરાટોપલી ભેગો ન કર્યો. અન્યાય સામે માથું ઉંચકનારને ન અવગણ્યા કે ન દબાવી દીધા. તેમને રોજના કદાચ હજારો પત્રો મળતા હશે; છતાંય તેમણે મારા જેવી એક તદ્દન અજાણી, લાગવગ વગરની, મધ્યમવર્ગની કોડભરી કન્યાને તેમની કંપનીમાં તક આપી. અને ફક્ત નોકરી નહીં; જીવન જીવવાનું ભાથું આપ્યું. મારી વીચારવાની શૈલી તથા કોઈ પણ પ્રશ્નને સુલઝાવવાની રીત જ આખી બદલી કાઢી!

આજે તો પ્રૉફેસર તરીકે હું એન્જીનીયરીંગ તેમ જ એમ.બી.એ.ના વર્ગોમાં ચાલીસથી પચાસ ટકા છોકરીઓને જોઉં છું. કારખાનાંઓમાં પણ સ્ત્રીઓ કામ કરે છે. દવાઓ, ઓટોમોબાઈલ્સ, રંગ–રસાયણ, ઈલેક્ટ્રોનીક્સ, બધે જ...શ્રી. જે.આર.ડી. તાતાની મહાનતા અને દુરંદેશીપણાનો હવે મને અહેસાસ થાય છે. કોઈકે તો પહેલ કરવી જ પડે ને! આજે મને કોઈ પુછે કે, 'કાળ થંભી જાય અને તમારા જીવન પાસે કંઈ માગવાનું હોય તો આપ શું માગો?' તો હું જરુર માગું કે શ્રી.

તાતા અમારી પ્રગતી જોવા સદેહે પધારે. અમે જે નાની શી કંપનીનાં સ્વપ્નો જોયાં હતાં તેને 'ઈન્ફોસીસ' સ્વરુપે સાકાર થયેલાં તથા 'ઈન્ફોસીસ ફાઉન્ડેશન'નાં સમાજને કંઈક પરત કરવાનાં કાર્યોને જોવા તેઓ આપણી વચ્ચે હોય...!

–સુધા મુર્તી

'સંભારણાંની સફર' (લેખીકા: સુધા મુર્તી–અનુવાદ: સોનલ મોદી, પ્રકાશક : આર.આર.શેઠની કંપની Web : www.rrsheth.com eMail : sales@rrsheth.com , પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨ અને ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧. પાનાં : ૧૮૪; મુલ્ય : રુપીયા ૧૦૦)માંથી સાભાર....

@

079 : 10-12-2006

# સીત્તરમે વર્ષે……અદ્ભુત વળાંક!

–ડૉ. શશીકાંત શાહ

અનુક્રમણીકા

આનંદશંકર નીવૃત્ત કલેક્ટર હોવાને કારણે શહેરમાં ખુબ જાણીતા હતા. મીતભાષી પ્રકૃતી, ચહેરા પર સદા રમતું રહેતું સ્મીત અને દુનીયાભરનું જ્ઞાન ધરાવતું દીમાગ એ એમના વ્યક્તીત્વનાં મુખ્ય લક્ષણો. છેલ્લાં સાત વર્ષથી કૅન્સરથી પીડાતી સદાસંગીની વહાલસોયી પત્નીનું અવસાન થતાં આનંદશંકર એકલા પડી ગયા. પુત્ર, પુત્રવધુ અને તેમનાં બે સંતાનોની વચ્ચે તેમના જીવનમાં હવે કેવું પરીવર્તન આવે છે તે જાણવા સૌ આતુર હતા. સીત્તેરની વયેય પચાસ–પંચાવનના દેખાતા આનંદશંકર પુનઃ લગ્ન કરશે એવી અફવા આગ પકડે તે પહેલાં જ ઠંડી પડી ગઈ. તેમણે તો નજીકના એક મીત્રને કહ્યું કે, ‘આઠ–દસ વરસ પછી હું તો પૌત્ર–પૌત્રીનાં લગ્નમાં મહાલવા આતુર છું. મારા લગ્નની તો હું કલ્પના જ નથી કરી શકતો.’

‘ભુમીપુત્ર’ના છેલ્લે પાને ‘હરીશ્ચંદ્ર’ બહેનોની વાર્તાઓમાં બને તેવી ઘટના એમના જીવનમાં ઘટી. મેં જ્યારે એમની કહાણી પ્રગટ કરવા અનુમતી માંગી ત્યારે નામ ન પ્રગટ

કરવાની વીનંતી સાથે તે સ–સંકોચ આપી અને કહ્યું, ‘મારો સુખદ અનુભવ ભલે લોકો સુધી પહોંચે.’

પ્રભાવશાળી નોકરીમાંથી નીવૃત્ત થયા પછી આનંદશંકરે શેષજીવન મુંબઈમાં પસાર કરવાનું નક્કી કર્યું. તેઓ નીજી પારીવારીક જીન્દગીમાં સાવ સુખી હતા. પુત્ર એક પ્રાઈવેટ કંપનીમાં જનરલ મેનેજર હતો. પુત્રવધુ અંગ્રેજી સાથે એમ.એ. થયેલી સફળ ગૃહીણી હતી. દસ વર્ષનો પૌત્ર સુકેતુ અને છ વર્ષની પૌત્રી સ્વીટીને કારણે હવે આ સમયાવકાશ ઉત્સવમાં પલટાઈ રહ્યો હતો. સાંજે પત્ની જોડે દેવદર્શન. આમ, સવાર, સાંજ અને રાત રળીયામણી બની રહી હતી. પણ એક સરખા દીવસો ક્યાં સદા કોઈના ટકે છે! પત્ની જીવલેણ કૅન્સરની બીમારીમાં સપડાયાં, સાત વર્ષ રીબાયાં ને અવસાન પામ્યાં. આનંદજી બીચારા ભીતરથી સાવ એકલા પડી ગયા.

વૈજ્ઞાનીક વીચારધારાને વરેલા આનંદજીએ સદ્ગત પત્નીની ઈચ્છાનુસાર અંતીમવીધી પતાવી. સ્વજનો વીદાય થવા માડ્યા. વીધવાબહેન સુલક્ષણાની વીદાય પછી આનંદજી છેક એકલા પડી ગયા. પત્નીની વીદાય પછીની આ પહેલી જ સાંજ હતી જ્યારે આનંદજીને બેકલતામાંથી એકલતાનો વસમો અહેસાસ થઈ રહ્યો હતો. સાડાત્રણ કલાકની એ સાંજ આખી આનંદજી, જીન્દગીની યાદોનાં વાદળો વચ્ચે ઘેરાયેલા રહ્યા અને માનસીક રીતે સાવ ભાંગી પડ્યા. પાછલી ઉંમરે

જીવનસંગીનીનો જ્યારે સાથ છુટે–અને તે ક્યારેક તો છુટે જ–તો કેટલી કપરી પરીસ્થીતી ઉદ્ભવે તે અંગે આ નીવૃત્ત કલેક્ટરે ઘણું વાંચ્યું–સાભળ્યું હતું. પણ આજે હવે તેમને પોતાના શેષજીવનની કરુણતા અને ભીષણતાનો ખ્યાલ આવ્યો. આજે સાંજે પાંચ વાગ્યે મંદીરે પહોંચવાનો ક્રમ પહેલી વાર તુટ્યો. એમને ખાતરી થઈ કે જીવન હવે નવેસરથી ગોઠવવું પડશે. પત્નીના અવસાન પછી પ્રૌઢાવસ્થામાં પુનર્લગ્ન કરતા પુરુષમીત્રો પ્રત્યે એમને જીવનમાં પહેલી વાર સહાનુભુતી જન્મી. જો કે, પોતાના સંદર્ભમાં એ વીચાર જ અપ્રસ્તુત હોવાની પ્રતીતી પણ એમને થઈ.

બીજે દીવસે નીયત સમયે સવારે પાંચ કલાકે આનંદશંકરની ઉંઘ ઉડી ગઈ. એમણે આદતવશ પત્નીને ગુડ મોર્નીંગ કર્યાં. પણ પછી તેમને પોતાની ભુલ સમજાઈ. ભારે ગમગીન હૃદયે પરીસ્થીતીનો સ્વીકાર કરી લીધો કે હવેનો જીવનપથ તો સાથસંગાથ વીના એકલા જ કાપવાનો છે. જીવનમાં આજે પહેલી જ વાર જાતે ચા બનાવવી પડશે અને ખાંડ–ચાના ડબ્બાયે જડશે કે કેમ તેના વીચારે બ્રશ કરતાં કરતાં જ આનંદશંકરે ઉદ્વેગ અનુભવ્યો. પુત્રવધુ આસ્થા સવારે સાત પછી ઉઠતી અને પુત્ર તો આઠે ઉઠતો. એક કપ ચા પીને મોર્નીંગ–વૉક માટે નીકળી જવાના ઈરાદા સાથે તેમણે વૉશ–બેઝીન છોડ્યું. ચા બનાવવા કીચન તરફ જઈ રહેલા

આનંદશંકરે જોયું કે ડાઈનીંગ ટેબલ પર ચા એમની રાહ જોઈ રહી હતી અને ત્યાં જ રાહ જોઈને બેઠેલી આસ્થા બોલી, ‘પપ્પાજી, ચા તૈયાર છે. તમે ચાને ન્યાય આપો એટલે આપણે મોર્નીંગ–વૉક માટે નીકળીએ.’ આનંદશંકરનું આશ્ચર્ય હજી શમે ત્યાં તો આસ્થા ટહુકી, ‘કેમ, નવાઈ લાગે છે, પપ્પાજી? આજથી મમ્મીની જગ્યાએ હું તમને કંપની આપીશ. છોકરાઓ ઉઠે તે પહેલાં તો આપણે ઘરે આવી જઈશું.’ ચા પીતાં પીતાં આનંદશંકરની આંખોમાં અશ્રુબીંદુ છલકાઈ ઉઠ્યાં. આસ્થાએ વળી આનંદજીને ભાવતી, જરા તીખી, મસાલાવાળી ચા બનાવી હતી. પત્નીના હાથે બનતી ચા અને આજની આ આસ્થાના હાથની બનેલી ચામાં કોઈ ફરક નહોતો. આસ્થાએ વૉકીંગ–સ્ટીક, ચંપલ અને રુમાલ પણ તૈયાર રાખ્યાં હતાં. તેમણે મનોમન નોંધ્યું કે પુત્રવધુએ તેમની કાળજી લેવામાં અદ્દલ સાસુજીની જ સ્ટાઈલ પકડી હતી. વહેતું રહ્યું જીવન, આમ.

પત્નીના અવસાન પછીનાં ત્રણ વરસ બાદ આનંદશંકરે પોતાના લંગોટીયા મીત્ર આગળ પોતાની જીવનકીતાબનું એક પ્રકરણ ખુલ્લું મુકતાં કહ્યું, ‘જ્યારે પત્નીનું અવસાન થયું ત્યારે હું લગભગ મુઢ બની ગયો હતો. વૃદ્ધાવસ્થામાં જીવનનો ભાર એકલા એકલા વેંઢારવાનું કામ કેટલું મુશ્કેલ છે તે મેં મારા મીત્રોના અનુભવોથી જાણ્યું હતું. પુત્ર અને પુત્રવધુ જાણે આપણને ઓળખતાં ન હોય તેવું વર્તન કરે ત્યારે તો એક એક

દીવસ એક એક યુગ જેવો લાગે. પેલા રામલાલને હૉસ્પીટલમાં દાખલ કર્યો, તો તેની દીકરી અને જમાઈ આવીને સાત દીવસ રહ્યાં; પણ પુત્રવધુ તો પોતાની માની માંદગીનું બહાનું કાઢી પીયર જતી રહી અને પુત્ર પણ દીવસમાં એકાદ વાર કોઈ મહેમાનની જેમ દસ પંદર મીનીટ મોઢું બતાવીને નીકળી જતો હતો. ઘણે ઠેકાણે આ પ્રકારનાં દૃશ્યો જોઈને હું હેબતાઈ ગયો હતો. પત્નીનું અવસાન થયું ત્યારે મને સૌથી મોટો ભય, મને મારી દુર્દશાનો હતો. પરંતુ એવું કશું થયું નહીં.'

આનંદશંકરે આત્મવૃત્તાંતને આગળ વધારતાં કહ્યું, 'સાસુજીના અવસાન પછી, મારે બદલે, આસ્થાએ જ પોતાની લાઈફસ્ટાઈલ સાવ બદલી નાખી! સવારે સાતને બદલે પાંચ વાગ્યે ઉઠવા માંડી. મને શું ભાવે છે, શું નથી ભાવતું ત્યાંથી માંડીને, મારી નાનામાં નાની જરુરીયાતોનું એણે સતત ધ્યાન રાખવા માંડ્યું. વૃદ્ધ માણસની સૌથી મોટી કમનસીબી તો, તેની વાત સાંભળનાર કોઈ જ ન મળે તે હોય છે. આસ્થા રોજ સવાર, બપોર, સાંજ સમય ફાળવી મારી જોડે વાતો કરવા બેસે. મારે શું જોઈએ છે તે હું કહું તે પહેલાં જ તે સમજી જતી અને મને સાચવતી. ઉનાળાની એક બપોરે રંગબેરંગી બરફ–ગોળા વેચવાવાળો એપાર્ટમેન્ટની સામે આવીને ઉભો હતો. હું એના તરફ જોઈને છીણેલા બરફના ગોળા પર છંટાતા રંગીન શરબતોનો સ્વાદ મનોમન માણી રહ્યો હતો ત્યાં તો આસ્થા

ઘરમાંથી ચુપચાપ એક પ્લેટ લઈ લારી પાસે પહોંચી ગઈ. રંગોથી આચ્છાદીત બરફનો ગોળો હસતાં હસતાં તેણે મારા હાથમાં પકડાવી દીધો. ‘બેટા, આ ઉંમરે હું બરફ ખાઉં અને કોઈ જોશે તો…’ હું બોલવાનું પુરું કરું તે પહેલાં જ આસ્થાએ શરુ કર્યું, ‘અરે, પપ્પાજી, આ જ તો ઉંમર છે બરફના ગોળા ખાવાની… હું મારે માટે પણ લાવી છું અને તમારી સાથે બેસીને જ ખાવાની છું, તમને એકલું નહીં લાગે ને એટલે!’ બાળકો અને વૃદ્ધોની ઈચ્છા એક સરખી હોય છે એ મનોવીજ્ઞાન આસ્થા ક્યાંથી શીખી હશે? આસ્થાના વર્તનમાં ખોટ વરતાઈ હોત તો મેં પણ પુનર્લગ્નનું વીચાર્યું હોત; પરંતુ આસ્થાના પુત્રીવત્ વર્તને મને એ દીશામાં વીચારવાની કદી તક જ ન આપી. આસ્થાના સદ્વર્તન માટે એના પતી અને મારા દીકરાએ જ્યારે આભારની લાગણી વ્યક્ત કરી ત્યારે આસ્થાએ નમ્રભાવે એટલું જ કહ્યું, ‘મારી મમ્મી સાથે મારાં ભાભી જે રીતે વર્તે એમ હું ઈચ્છું છું, તેવું જ વર્તન હું અહીં દાખવું છું, એમાં વળી આભાર શેનો?’

–ડૉ. શશીકાંત શાહ

લેખકના ‘પ્રસન્ન પરીવાર : પ્રસન્ન જીવન’ પુસ્તક(પ્રકાશક: ડૉ. ધીરુભાઈ દેસાઈ, ૨–હર્ષ ઍપાર્ટમેન્ટ,

ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧ : પૃષ્ઠ–૧૨૩ : કીમત : આપી નથી)માંથી સાભાર...

સર્જક–સંપર્ક : 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, સુરત– 395 005 ફોન : (0261) 277 6011 મોબાઈલ : 98252 33110 ઈ–મેઈલ: sgshah57@yahoo.co.in

@

080 : 17-12-2006

# ‘ગનપટ હુરટી’નો કાવ્યાસ્વાદ

–નીર્મીશ ઠાકર

અનુક્રમણીકા

ગાળો બોલવાનું મન થાય...

ગાળો બોલવાનું મન થાય એવા મીત્રો ક્યાં છે?

પાગલની જેમ અસંબદ્ધ વાતો કરવાનું મન થાય

–એવા મીત્રો ક્યાં છે?

હવે તો છે અટેચી સાથે ફરતા

ધંધાની વાતો કરતા

જમાનાના ખાધેલ–પીધેલ

દુર્યોધનના દીધેલ, મીત્રો

નીરાંતે ન્યાય તોળનારા મીત્રો

જોખીજોખીને બોલનારા મીત્રો

બોલીને ફરી જનારા મીત્રો

તાળી–મીત્રો, થાળી–મીત્રો

સામાને શું લાગશે એવા વીચાર વીના

હલેસાં વીના હોડી હંકારવાનું મન થાય

–એવા મીત્રો ક્યાં છે?

આપણે બારાત કાઢીએ

ત્યારે સામેથી મૈયત લાવે

એવા વીધ્નસંતોષી મીત્રો!

મીત્રો શોધ્યા શોધાતા નથી

મૈત્રી એક ઘટના છે.

ભીતરની એક રટના છે.

પણ હવે તો મીત્રો પડદાના અને ઘુંઘટના છે.

સુખમાં સાથે સુએ

અને દુખમાં સાક્ષીભાવે જોયા ન કરે

પણ મનોમન રુએ

આપણી પળેપળને જીવે

–એવા મીત્રો ક્યાં છે?

હવે તો દંતકથા અને કહેવતોના

છરી, ચપ્પુ અને કરવતના મીત્રો…

સત્તા અને મહત્તાના

ખુશામત, ખટપટ અને ખત્તાના

શતરંજનાં પ્યાદાંના અને પત્તાંના

બગલ–બાજ અને દગલ–બાજ મીત્રો

–છેવટના મીત્રો ક્યાં છે?

–સુરેશ દલાલ

કવી સુરેશ દલાલના ઉપરના કાવ્યનો ‘રસાસ્વાડ’ ‘ગનપટ હુરટી’ની કલમે..

ગારો બોલવાનું ટો મને હો બૌ મન ઠાય, હાં કે! કોઈ ની મલે ટો છેવટે અરીસા હામ્મે જઈને બી બે–ચાર ની ચોડાવું, ટાં હુઢી મને ચેન ની મલે! અમડાવાડવારા ટો છાનેમાને મનમાં બોલે, પન હુરટમાં લોકો ઓપનમાં એવી મન મનની જોખે કે હાંભરનારો અઢમુઓ ઠઈ જાય, ટો બી એનો છુટકો ની ઠાય. ગારો બોલવાનું મન ઠાય એવા મીટ્રો બી અમારે ટાં ગલીએ ગલીએ મલે, સાલા સુઢરે બી ની. ડાચું જોવો તો ગાર જ યાડ આવે! ગારોની બાબતમાં અમારા હુરતીઓ ગૉડ–ગીફ્ટેડ, હાં કે! સુરેસભૈને એ ફેસીલીટી બોમ્બેમાં તો કાંઠી મલે? એટલે ઉં તો એમને કે'ટો છું કે ટમે અમારા હુરટમાં સેટલ ઠેઈ જાવ, પછી આ બાબટની કોઈ ફરીયાડ ની રેહે. અમારે ટાં એક વાર એવું બી ઠેયલું કે મારા એક ફ્રેન્ડને બૌ હરખ ચઈડો, એટલે મને હાવ ઉઘાડી ગાર બોઈલો, પછી...જવા ડો ની વાત! નીમ્મેશભૈએ કે'યલું છ કે આસ્વાડમાં મુર કાવ્યને વરગી રેજો, એટલે પાછો મુર વાટ ઉપર આવટો છું...

નીમ્મેશભૈ કેય કે આ કાવ્ય, ક્યાંય બી અસલી મીટ્ર છે નઠી– એની મીઠી રડયસ્પર્સી ફરીયાડ લેઈને આવટું છે! મને ટો ગોટારો એ વાટનો કે અસલી મીટ્રને બી ગાર દેવાની? ટો પછી...નકલી મીટ્રને હું ડેહું? સુરેસભૈને ઉં ટો એ બી પુછવા માગટો છું કે ગારો બોલવાનું મન ઠાય એવા મીટ્રો ના બી મલે; પન ટમે કઈ ગારો ડેવા માગો છ? આ કવીટામાં બે–ચાર

સેમ્પલ મેઈલા હોય ટો અમે એને લાયક મીટ્રો હોઢવામાં મડડ બી કરીએ! નીમ્મેશભૈ કે'ય કે કાવ્યાસ્વાડમાં ટમે અસંબદ્ધ વાટો ની કરટા; પન સુરેસભૈને એવી વાટો કરવા જ મીટ્રો જોઈટા છે, એનું કંઈ ની? સુરેસભૈ કરે ટે લીલા; ને ઉં કરું તે ગોટારા?

અમારા હુરટમાં બી અટેચી ને ટાઈ–સુટવારા, સેલ્સમેન જેવા મીટ્રો બૌ મલે. ડોસ્ટી કરો ટો માલ બઝાડી ડેય, ને પછી હોઢ્યા ની જડે! કાગડા તો બધે કારા; એટલે બોમ્બેમાં બી ડુર્યોઢન જેવા મીટ્રો અવેલેબલ ખરા. જોખી જોખીને બોલનારા મીટ્રો અમારે ટાં વઢારે! જોખે ટારે તો ઉઘાડી જ જોખે ને બોયલા પછી ફરી બી જાય! ચલો, ટાં હુઢી તો હમજાયું; પન પછીની લીટીઓમાં ઉં ગોટારે ચઈડો!

હામાવારાને હું લાગહે, એ ટો વીચારવું જ પડે ની! મીટ્રટા એટલે કે ફ્રેન્ડસીપમાં હલેસાં વગરની હોડી કાંઠી ચાલે? હલેસાં વગર ટો હોડી કંટ્રોલમાં બી ની રેય; ને હામ્મે વમર આવે તો હું કરો? ઉં જો સ્ટીયરીંગ વીનાની કાર સુરેસભૈને આલું, ટો એમાં એ મીટ્રતા ખાતર બેહે ખરા?

જો કે એ પછીની પંક્ટીઓમાં 'બારાટ' અને 'મૈયત'નો ચોંકાવી મેલે એવો વીનીયોગ ઠેયલો છ. (આ 'વીનીયોગ' એટલે હું? એ પાછું મારે નીમ્મેસભૈને પુછવું પડહે!) કવીટામાં છેલ્લે સુરેશભૈએ છરી, ચપ્પુ, કરવટ, ખુસામટ, ખટપટ વગરેને મેલી અભીવ્યક્ટીની ટીર્યંક સભાનટા અને સર્જન પ્રટ્યેની

સીલ્પગટ સુઝ વડે અનીર્વચનીય કાવ્યપડાર્થને વચનબદ્ધ કરતું ભાસા–સામર્હ્ય ડાખવી, એમના આંટ:જગટમાં રચાટા સુક્સ્મ સંવેડનોના આલેખ રચીને વીલક્સન કલ્પનપ્રયુક્ટીઓ ડ્વારા સુરેખ વીચાર–પીંડ બાંઢી આલી, વ્યંજનાગર્ભ કલ્પનોની ભાટીગર મુડ્રાઓ પ્રગટાવી, લયમાઢુર્યમય સર્ગસક્ટી વડે એમની સબ્ડાકૃત લયલીનટાનું આંટ:સૌંડર્ય પ્રસરાવી, અપુર્વભાવછટાઓના બહુવીઢ પરીમાન રચી આયલાં છ! (આ છેલ્લું લામ્બુલચ્ચક પન કલાટ્મક વાક્ય નીમ્મેશભૈએ મને કેયલું; એટલે એનો અઠ મને ખબર નઠી, સોરી હોં!)

સુરેસભૈ હાવ નીરાસ ઠઈ જાય, એ પેલ્લાં ઉં એમને કે'વા માગું છ કે છેવટનો એક મીટ્ર તો ડરેકને હોય જ, તે આપડે પોટે જ, હાં કે!

–નીર્મીશ ઠાકર

(નીર્મીશ ઠાકરનાં 'પ્રતીકાવ્યો' અને 'કટાક્ષકાવ્યો')

## પ્રયોગખોર તંત્રીનું ગીત

તમે ઉત્તર ચાહો તો અમે દખ્ખણ જઈએ,
તમે વાટકી માગો તો અમે પડીયો દઈએ.
તમે ચાહો ગાંભીર્ય, અમે દઈ દઈએ સ્મીત,
તમે માગો અછાંદસ, અમે દઈ દઈએ ગીત.

અમે તંત્રી શ્રી! વાચકને વશ ના થઈએ!
અમે તારા બગીચાની માલણ છઈએ?

ભલે સામયીક ચાલે કે થઈ જાતું બંધ,
પડ્યા ખાડે એ સાચું; પણ ના છઈએ અંધ!
તમે પુછો નહીં અમને અમે કેવા છઈએ,
(નથી કાલની ખબર ને લવાજમ લઈએ!)
અમે સાહીત્યીક કડવાં કારેલાં છઈએ!
(શ્રી. સુરેશ દલાલના કાવ્ય ‘શરણમ્ મમ!’ પરથી)

## સુરતી પ્રેમીનું ગીત

રાટ–ડીવસ ઉં બીઝી! ટમને કસું હુજે ની કેમ?
ટમે વ્હેમની વાટો કરહો? અમે કરીહું પ્રેમ!
કસું અજુગટું–ખુલ્લું જોટાં...પોલીસ પુછહે નામ,
પાંચ–પચી પકડાવો, છુટ્ટાં! નહીં નામ કે ઠામ!
પન્નેલાં ટો છીએ અમે બી, નવી અમારી ગામે,
ટમે વ્હેમની વાટો કરહો, અમે કરીહું પ્રેમ!
ટમે જ વાડર–ઢુમ્મસ જેવા ગુંચવાટા ડીન–રાત,
અમે કરીહું ટ્રેઈન, સીખાઉ ખા’ટા છે પછડાટ!
ટમે આંખઠી કરો ઈસારા, ઉં સીખવાડું એમ!
વેસ્ટ કરો ની ટાઈમ મારો, ચલો કરીહું પ્રેમ?

(શ્રી. સુરેશ દલાલના કાવ્ય ‘તમે–અમે’ પરથી)

## વકીલ સાથે ઝઘડો

તમે કહો તે સાચું કાયમ? તમે કહો તો હાર્યા?
ફાગણમાં શ્રાવણનાં જળને prove કર્યાં અણધાર્યાં?
તમને એમ હતું કે અમને
કેસ તણી ગુંચો સંગાથે ફી–માં સમજી લેશું!
તમને છે વીશ્વાસ કે જજને ગોળ સદા ફેરવશું?
તમને યાદ છે પીનલકોડ!
અમને આજીવન ઓવરલોડ!
થશે ફેંસલો કદી? અમે તો સાત જનમ છે ધાર્યા!
તમે કહો તે સાચું કાયમ? તમે કહો તો હાર્યા?
અમને એમ હતું કે Lawyer,
ખાઈ કસમ ગીતાની જે કૈં તથ્ય હશે તે કહેશું!
જરા વીચારો, અમે જીવનભર અસીલ થઈને રહેશું?
તમારાં અવળાં અવળાં વેણ
અળસીયાં કદી ચડાવે ફેણ?
ધનને ભરવા બાથ, કોર્ટના ખાડે ભલા ઉતાર્યા?
તમે કહો તે સાચું કાયમ? તમે કહો તો હાર્યા?

(શ્રી. સુરેશ દલાલના કાવ્ય ‘તમે કહો તે–’ પરથી)

## સુરતનું પુર–૨૦૦૬

આ નદી જો પ્રેમને છલકાવહે, ટો કાં જહો?

ચાર વરહે પુર પાછું આવહે, ટો કાં જહો?
'પુર કાયમ આવહે!' આલીને ગેરન્ટી પછી–
જો વીમાવારાયે પાછર આવહે, ટો કાં જહો?
પુરમાંયે જો કવી હોડી લઈને આવહે,
જીવટા જોઈ, ગઝલ હંભરાવહે, ટો કાં જહો?
પુરમાં ટો ઠીક, દેવામાંય ડુઈબા છેવ ટમે!
લેણદારો લેઈ તરાપો આવહે, ટો કાં જહો?
પુરમાં ડુબેલ સ્કુટર ખેંચટાં હાંફી જહો,
લીફ્ટ કોઈ પોઈરી જો માગહે, ટો કાં જહો?
પુર પાછર ડૉક્ટરો બી રોગ લેઈને આવહે,
ફી લેઈ, એ પ્લેગમાં હપડાવહે, ટો કાં જહો?
ડુબહો, ટો 'કેટલી છે વાર?' કહીને શ્રીમતી,
બંગડીઓ ડોલમાં લટકાવહે, ટો કાં જહો?
હા, ટમે કાયમ બચાવો છો બધી લેડીઝને,
એમના હસ્બંડ જો ફટકારહે, ટો કાં જહો?
પુરમાં કે પ્રેમમાં? કાં ડુબવાનું ફાવહે?
પ્રેમીકા ઢાબે ચડી બોલાવહે, ટો કાં જહો?

શ્રી. નીર્મીશ ઠાકર

સર્જક–સમ્પર્ક : nirmish1960@hotmail.com

@

081 : 24-12-2006

# પાનખરનું પાન

–જય ગજ્જર(કૅનેડા)

અનુક્રમણીકા

શીયાળાની એ સવારે કડકડતી ઠંડી હતી. રોજ કરતાં વળી ઘણી વધારે ઠંડી હતી. ફુટપાથ પર સુતેલા ગરીબો ટુંટીયું વળીને કાંપતા હતા. પોળનાં કુતરાં જોર જોરથી ભસતાં હતાં.

મોડે સુધી પથારીમાં પડ્યા રહેવાવાળા કેટલાક ઉંઘ બગડ્યાની ફરીયાદ કરતા હતા. પણ સાંભળનાર જ કોણ હતું?

કેટલાક રજાઈમાં છુપાઈ ગરમાવો લઈ રહ્યાં હતાં. કેટલાક બાજુમાં સુતેલી પત્નીને સોડમાં લઈ રહ્યા હતા.

પલંગમાં સુતેલા એ ડોસાએ જોરમાં ખાંસી ખાધી. એથી ડોસી સફાળી બેઠી થઈ ગઈ. કેટલાક દીવસથી એની ઉંઘ ઉડી ગઈ હતી. ડોસા બહુ બીમાર હતા. દવાઓ કરીને એ થાકી ગઈ હતી. દીકરો બાપનું ખેતર વેચી કોઈને લાખો રુપીયા આપી અમેરીકા પહોંચી ગયો હતો. પણ બે–ચાર દહાડે પાડોશમાં ફોન કરી બાપની તબીયતના સમાચાર જરુર પુછતો.

'પાનખરનું પાન છે! ક્યારે ખરી પડે કંઈ કહેવાય નહીં.' પાડોશી શંકરભાઈ જવાબ આપતા.

મા પણ ભારે હૈયે એમાં સુર પુરાવતી.

દીકરાને મા માટે બહુ લાગણી હતી. બા–બાપુજી વચ્ચે ઉંમરમાં ચૌદ વરસનો ફરક હતો. એટલે બાપુ માટે મા દોડાદોડી કરી શકતી. પાછી હીંમતવાળી હતી. એણે દીકરાને જીદ કરી કૉલેજમાં મોકલ્યો હતો.

‘ભઈલા, ભણીશ તો કંઈક બનીશ. નહીં ભણે તો દીવો પકડવાનો દી’ આવશે. આજકાલ તો ભણતરની જ કીમત છે!’

માના શબ્દો દીકરા વીજયને ગળે ઉતરી ગયા. બી.એસસી. થઈ કમ્પ્યુટરનો ડીપ્લોમા કર્યો. પણ સારી નોકરી તો ન જ મળી એટલે માને તેણે અમેરીકાની વાત કરી.

માને દીકરા પર બહુ જ વહાલ. દીકરાના ભાવીમાં પણ બહુ શ્રદ્ધા. ગામને પાદર દસબાર વીંઘા જમીન હતી. નવું પાટનગર બાજુમાં જ થતાં જમીનના ભાવ આસમાને ચડવા લાગ્યા હતા. દીકરાએ માને ઉજળા ભાવીનાં સ્વપ્નો દેખાડ્યાં. પુત્રઘેલી મા ભોળવાઈ ગઈ.

‘કશું જ વેચવાનું નથી...બાપદાદાની જમીન હશે તો ઘડપણમાં લાકડી બની રહેશે... દીકરો અમેરીકા જતો રહેશે તો કદી આપણી સામેય નહીં જુએ. ભીખ માગવાના દીવસો આવશે તો શું કરશો?’

‘એમ આડા ન ફાટો. મારો દીકરો એમ આપણને એવા દહાડા દેખાડે એવો નથી. પંડના દીકરાને હું ઓળખું ને! જોજોને

www.gujaratilexicon.com

એક દીવસ તમને પણ અમેરીકા દેખાડશે!' માના શબ્દોમાં શ્રદ્ધાનો સુર હતો.

ડોસા અમેરીકાનાં સપનાં સેવતા થઈ ગયા અને દલીલો કરતા બંધ થઈ ગયા.

ખાંસી ખાઈ બેઠા થતાં પતીને કહ્યું, 'તમે પોઢી ગયા પછી વીજયનો ફોન હતો. તમને બહુ યાદ કરતો હતો. ડૉક્ટર કે દવાના ખર્ચ સામે ન જોશો એવી સલાહ આપતો હતો. પૈસા મોકલવાની વાત કરતો હતો.'

ડોસા ખંધું હસ્યા. ત્યાં બહાર કુતરાંનો ભસવાનો અવાજ વધી ગયો હતો.

'મુઆં, શીયાળાની કડકડતી ટાઢમાંયે જંપતાં નથી!'

'તમે ક્યાં જંપો છો કે એ જંપે!' ડોસીએ ટોણો માર્યો.

ડોસા ગમ ખાઈ ગયા. એક હરફેય ન ઉચ્ચાર્યો. ચાદર ખેંચી, મોઢું છુપાવી, પડખું ફેરવ્યું અને પોઢી ગયા. નસકોરાંનો અવાજ વધતો જતો હતો. જાણે ધમણ ઉપડી!

ડોસીની ઉંઘ ઉડી ગઈ હતી. એ બેઠી થઈ. દાતણ લઈ અરીસાની સામે ઉભી. મલકાઈ.

'હજી ક્યાં ડોસી લાગું છું?' હાથના ઉલાળાથી સીંક પરનું ટમ્બલર પડી ગયું. પાણી ઢળી ગયું. ડોસાએ પાછું પડખું ફેરવ્યું. ઉંઘમાં ચાદર સરકી ગઈ. મોઢા પરની કરચલીઓ ચાડી

ખાવા લાગી. ફરી ખાંસી ચાલુ થઈ. બહાર કુતરાંઓનું ભસવાનું પણ ફરીથી વધી ગયું.

ડોસીને ફાળ પડી. શંકરભાઈના શબ્દો યાદ આવ્યા.

'કોઈનું મોત થવાનું હોય તો કુતરાં બહુ રડે. એ જમડા ભાળે. સુનકાર મટાડે અને લોકને જગાડે.'

'પાણી...પાણી...' ડોસાના શબ્દો હવામાં અફળાતાં ડોસી દોડી જાય છે. ગરમ પાણીની ડોલ જમણા પગને અથડાતાં ઢળી પડ્યાં અને પાણી બધું ઢોળાઈ ગયું. એની ફીકર કર્યા વીના પાણીયારાની માટલીમાંથી લોટો ભરી પતી સામે દોડી જાય છે.

'લો, પાણી.'

'મેં વળી ક્યારે પાણી માંગ્યું?'

ડોસા અકળાઈને બબડ્યા. ડોસીને પણ ગુસ્સો આવી જાય છે. પણ તેણે છેલ્લા કેટલાક સમયથી ગુસ્સા પર કાબુ મેળવ્યો હતો. આમ તો એ બહુ જ ગુસ્સાવાળી. વાતવાતમાં તપી જાય. ડોસા સામે ગુસ્સે થતી. દલીલબાજી અને એવી ચણભણ થતી રહેતી. ક્યારેક દીવસો સુધીના અબોલાય થતા.

'હવે ઉંમર થઈ. આપણે નાના કીકાં નથી. આવું બધું આપણને ન શોભે.' એક દીવસ શાંત મને, ડોસીનો હાથ પોતાના હાથમાં લઈ, ડોસાએ કહ્યું.

કોણ જાણે કેમ ડોસીના ગળે એ વાત ઉતરી ગઈ. ‘પાનખરના પાન’ શબ્દો યાદ આવતાં મનમાં થયું, ‘એ ક્યાં હવે જીવ્યા એટલું જીવવાના છે! મરણપથારીએ છે તો સુખેથી મરે એ જોવાની મારી ફરજ છે.’

ફરજનું ભાન આમ અવારનવાર થતું; ક્યારેક ડોસા પણ ફરજનું ભાન કરાવતા.

‘હેં, તે તમે મારી પાછળ બધી ક્રીયાઓ તો કરવાનાં જ ને?’

‘એવાં શું ગાંડાવેડા કાઢો છો? હજી તો ઘણું જીવવાના છો. ન કરે નારાયણ ને હું તમારા પહેલાં જાઉં એવું પણ બને!’

‘આ ખખડી ગયેલી કાયા જુઓ અને તમારું ઘાટીલું શરીર જુઓ. પાનખરનું પાન તો હું છું. પણ એક  વાત પુછું?’

‘પુછો ને... એમાં મારી રજા લેવાની ન હોય!

‘તમને કદી એવું તો નથી થયું ને કે આ ચૌદ–પંદર વરસ મોટાને ક્યાંથી પરણી?’

‘એમાં કોઈનો વાંક નથી. મારા નસીબે તમે લખાયા હો પછી કંઈ લખ્યા લેખ મેખ થાય? આપણે એકંદરે બહુ સારી જીન્દગી સાથે જીવ્યાં. ભવોભવ તમે જ મળો એવું હું તો ઝંખું છું.’

'તમારા મુખે આ શબ્દો સાંભળી હું ધન્ય થયો... વીજયની મા, વીજય આપી તમે મારા જીવનને ધન્ય બનાવ્યું છે.'

ડોસીને આ શબ્દો યાદ આવતા ત્યારે પતીની સોડમાં ફરી એક વાર છુપાઈ જવાનું મન થતું.

પણ હવે તો એ કલ્પના માત્રથી ધ્રુજારી છુટતી.

એકાએક ડોસીની નજર સામેના કપડાંના કબાટ પરના અરીસા પર પડી.

ગાલ પર ચાર–પાંચ કરચલીઓ દેખાતાં એ બબડી, 'મેર મુઈ! આ શું ગાંડપણ આદર્યું છે? ડોસી થઈ હવે...મુક એવા બધા વીચારો...'

ડોસાએ બુમ પાડી. 'આજ કૉફીમાં ખાંડ બહુ ન પડી જાય એની કાળજી રાખજે...'

પાનખરનું પાન હાલી ઉઠ્યું. ડોસીના પગમાં જોર આવ્યું. બહારથી રબારીનો અવાજ આવ્યો, 'દુ...ધ, દુધવાળો, માજી! દુધવાળો..'

ડોસી મનોમન પાછી બબડી, 'હું ક્યાં માજી છું? હજી હમણાં તો પંચાવન પુરાં થયાં ..હેં ભઈલા, હું તને માજી લાગું છું?'

સવાલ ગોખતી દુધ લેવા કટોરો લઈ દરવાજે ગઈ. પણ રબારીને એ કંઈ પુછી શકી નહીં. રબારી ટગર ટગર એની

સામે જોઈ રહ્યો હતો. મનોમન બબડી : 'આ મુઓ, આમ શું ટગર ટગર મારી સામે જોઈ રહ્યો છે?'

દુધ તો કટોરાને બદલે બહાર ઢળ્યે જતું હતું અને એનું એને ભાન જ નહોતું...

ડોસીની જીભ પણ જાણે સીવાઈ ગઈ.

ડોસાની ખાંસી અટકી ગઈ. મોઢા પર જાણે યુવાનીનું તેજ પ્રસરી રહ્યું.

અંદર ડોસાની ખાંસીને બદલે મુખ પરના મલકાટનું તેજ વધી રહ્યું હતું.

પોળમાં કુતરાંનું ભસવાનું અટકી ગયું.

'જરા પાસે આવશો?'

ડોસી પાસે દોડી ગઈ. ડોસાએ બે હાથ પકડી પુછી નાખ્યું, 'હેં, વીજયની મા, ખરેખર, તમને કોઈ વાતનો પસ્તાવો નથી?'

ડોસી શરમાઈ ગઈ. ડોસાની સોડમાં સમાઈ જવા અધીરી બની.

ધીરે ધીરે ઉગતાં સુર્યનું અજવાળું અંધકારને આટોપી રહ્યું હતું. ડોસીમાં જાણે યુવાનીનું જોર ધબકી રહ્યું હતું.

–જય ગજ્જર(કૅનેડા)

સંપર્ક : gajjar@mail.com

@

082 : 31-12-2006

# ઉજલાસીંઘ

–ગોવીંદ રાવલ 'ગોરા'

અનુક્રમણીકા

ફોઈનું પાડેલું નામ તો મેલાસીંઘ; પણ એણે જીન્દગી આખી કામ કર્યાં ઉજલાસીંઘનાં. પંજાબનું ચનેવાલ એનું ગામ. બાપ ઘનાસીંઘ અદનો ખેડુત. મા કરમકૌર ભારે પરગજુ, અતીશય મહેનતુ અને ઘરરખ્ખુ ગૃહીણી.

અઢાર વર્ષની વયે હજુ તો મુછનો દોરો માંડ ફુટ્યો'તો ત્યાં તો મેલાસીંઘ લશ્કરમાં ઉપડી ગયો. ન ભણ્યો ન ગણ્યો. તદ્દન અલ્લડ! ગામ આવેલા એક મીલીટરીમેનનો રુઆબ જોઈ એને થયું કે આમાં વટ સારો પડે. મન દઈ મીલીટરીમાં મચી પડ્યો. હતો પણ કુટડો અને કદાવર. જોતજોતામાં કસાયેલો સૈનીક બની બંગાળ પહોંચી ગયો.

મેલાસીંઘના એક સંબંધી સરદુલસીંઘ કલકત્તામાં રહે. ટેક્સી ચલાવે. નેતાજીના ખાસ માણસ. એમની પાસેથી નેતાજીની વાતો સાંભળી મેલાસીંઘને નેતાજીને મળવાનું મન થયું. મળ્યા, મળ્યા ત્યાં લળ્યા! કહે: 'મારા લાયક કામ–સેવા આપો.' નેતાજી કહે, 'જરુર પડે બોલાવીશ. હાલ તો મીલીટરીમાં રહી મારું કામ કરો. દેશ ગુલામ છે. આ આપણી શરમ છે.

આપણે અંગ્રેજોને હઠાવવા જ જોઈએ. આ ચીનગારી લશ્કરમાં ચાંપતા રહો.' મેલાસીંઘે તો નેતાજીની આ વાતને માથે ચડાવી.

કલકત્તામાં નેતાજી નજરબંધ છે. કડક પહેરો મુક્યો છે. એમને દરીયાપાર ઉપાડી જવાની અંગ્રેજોએ પેરવી કરી દીધી છે. પહેરેગીરોની ટુકડીમાં મેલાસીંઘનો વારો પણ આવે છે. નેતાજીને તડીપાર કરવાની એને ગંધ આવી ગઈ. એક અંગ્રેજ અફસર આવી મેલાસીંઘને ચેતવી જાય છે. 'કેદી પર બરાબર કડકાઈ રાખજો. જો જો, ભાગી ન જાય.જા

મેલાસીંઘ કહે, 'અરે સા'બ! હમ સીખ્ખ બચ્ચે! હમારી ચુંગાલસે કૌન છુટ સકે? હવા ભી તો બાહર ન આ સકે.' અંગ્રેજ અમલદારે મેલાસીંઘને શાબાશી આપી. બરડો થાબડ્યો. 'તુમ બહોત બહાદુર હો,' કહી અંગ્રેજ તો ચાલ્યો ગયો. પણ મેલાસીંઘને ચેન કેમ પડે?

અડધી રાત, કાળી રાત. સાવ સુનકાર. સીપાહીની આલબેલ અને તમરાંના અવાજ સીવાય નીબીડ નીર્જનતા.

મેલાસીંઘે બારણું ઠોક્યું. ભરઉંઘમાંથી નેતાજીને જગાડ્યા. નેતાજી કહે, 'તું ડ્યુટી પર છે? વાહ! સરસ! પણ મને કેમ જગાડ્યો?'

મેલાસીંઘ કહે, 'સા'બ, આપકો તડી પાર લે જાને કી પુરી યોજના બન ચુકી હૈ. આપ કલ માતૃભુમી કે દર્શન નહીં કર પાયેંગે.'

'તો ફીર ક્યા?' નેતાજીએ પુછ્યું.

'મૈંને સબ બંદોબસ્ત કર દીયા હૈ. સરદુલસીંઘ બાહર ટૅક્સી લેકે ખડા હૈ. આપ તુરંત નીકલ આઈએ. મૈં ટૅક્સી તક પહુંચા દૂં.' મેલાસીંઘે એકી સાસે પોતાની યોજના કહી. 'પણ પછી તારું શું?' નેતાજીએ પુછ્યું.

'અરે સા'બ, આખીરમેં મૈં કૌન? મૈં તો ખાલસા સરકારકા એક દસ રુપરડીકા સીપાહી હું. મેરે મર જાને સે કોઈ બીવી બેવા નહીં હોગી ઔર આપ જીન્દા રહેંગે તો કલ દેશ આઝાદ હો કર હી રહેગા. આપ સમય મત ગંવાઈયે, ચલીયે મેરે સાથ...' અને તેણે નેતાજીને ખેંચીને ચાલવા જ માંડ્યું.

બનવાનું હતું ને બન્યું. મેલાસીંઘે તો સામે ચાલી ગુનો સ્વીકારી જ લીધો. એને ફાંસીની સજા થઈ; પણ તકદીર કાંઈ જુદું જ હતું તે સજા કાળાપાણીમાં ફેરવાઈ ગઈ.

હાથમાં બેડી, પગમાં બેડી, હસતો લબરમુછીયો જુવાનીઓ, બેડીને ખડીંગ ખડીંગ ખખડાવતો રુઆબભેર હાલે. બીજા ટોકે : 'તને બેડી પહેરતાં શરમ નથી આવતી?' તો કહે : 'મેં ક્યાં ચોરી કરી છે! દેશ માટે એક મોટી જીન્દગી બચાવી લીધી છે. એનું મને તો ઉલટાનું ગૌરવ છે!'

સ્વરાજ આવ્યું ત્યાં સુધી આ સરદારજી જેલમાં સબડ્યો; પણ ન હીંમત હાર્યો, ન જુસ્સો ખોયો. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દીને આ સરદારજી મુક્ત થયા. ત્યાં તો આરઝી હકુમતથી

જુનાગઢમાં રચાયેલી સરકારનું તેડું મળ્યું. સૌરાષ્ટ્રનાં ગામડાંમાં ગ્રામરક્ષક દળના કામ માટે ક્હેણ આવ્યું અને...સરદારજી ગુજરાત આવી ગયા. સૌરાષ્ટ્રનાં ગામડાં ખુદ્યાં. ગ્રામરક્ષક દળો ઉભાં કર્યાં. બહારવટીયાઓની રંજાડ સામે પ્રજા પોતાની શક્તીથી ઝઝુમે એવી ભાવના જગાડી. આ જ કામ એમને અમારા સાબરકાંઠા જીલ્લામાં લઈ આવ્યું. ગામે ગામ ગ્રામરક્ષક દળો ગાજવા લાગ્યાં.

સીંહત્રાડ અવાજે મેદાન પર હુકમ આપતા સરદારજી વાતો કરે ત્યારે એમની આજુબાજુ મધપુડાની જેમ માણસો વીંટળાઈ વળે. ન પંજાબી, ન હીંદી, ન ગુજરાતી એવી એક હીન્દુસ્તાની બોલીમાં સરદારજીની વાણી સાંભળવી એ એક લહાવો છે. એમને ગાંધીજીની નઈતાલીમની સંસ્થાઓ ઘણી ગમે. અવારનવાર એ અમારા આશ્રમમાં આવી ચડે. બાળકોને કવાયત કરાવે, ગીતો ગવડાવે અને એમની જીન્દગીનાં રોમાંચક સંભારણાં સંભળાવી ભુલકાંઓનાં જીવનમાં દેશપ્રેમ સીંચે ત્યારે જાણે કે સરદારજી શાંતીસૈનીક જ છે એમ આપણને લાગે. દર વર્ષે અમે ‘કીશોર શાંતીસેના શીબીર’ કરીએ ત્યારે સરદારજી આવે જ. એવી તો સુંદર કવાયત કરાવે કે જોનાર સૌ રાજી રાજી થઈ જાય! સરદારજીની જીવન–ફીલસુફી એ એક ગીત ગવડાવે તેમાં સ્પષ્ટ થાય :

જીતે દેશ હમારા...

ભારત હૈ ઘરબાર હમારા,

ચરણોંમેં સોને કી લંકા,

કંઠો મેં દરીયા કી માલા,

સીર પર સુંદર તાજ હીમાલા. જીતે...

અદ્ભુત સાગર દો ભુજાએં,

રંગરંગીલે પુષ્પ લહરાયેં,

આઓ, મીલકર સ્તુતી ગાયેં. જીતે...

સરદારજી છે પંજાબી, વર્ષોથી રહે છે ગુજરાતમાં; પણ એ સાચા હીન્દુસ્તાની છે. ગ્રામરક્ષકદળમાંથી વય થતાં હવે નીવૃત્ત થયા છે. પણ જે જીવ જીન્દગી આખી કામ કરતો રહ્યો, એને કામ વગર કંઈ ચેન પડે?

એમણે તો, 'રાત્રી–ચોકીદાર'ની નાની સરખી કામગીરી શોધી કાઢી છે અને દીવસે કરે છે એમનું પ્રીય કામ.

શું કામ કરે છે? ફુલને પુછો કે તું શું કામ કરે છે? તો એ થોડું બોલવાનું કે હું મઘમઘવાનું કામ કરું છું! ખીલવું, મઘમઘવું, ડાળ પર હવા સાથે ઝુલવું એ ફુલનું કામ!

સરદારજીનું કામ પણ આવું છે. અમસ્તું–અમસ્તું મળવું. અમી નીતરતી આંખે સામાના દીલમાં ઝાંકી વાતો માંડવી. એમને જે મળે એને એ ભરી દે છે. અને કહે કે હું પણ આમ જ ભર્યો ભર્યો રહું છું. સરદારજીની સદાય સંગીની એમની સાઈકલ. રોજના ૩૦–૪૦ માઈલનું એના પર ચક્કર ન મારે

ત્યાં સુધી એને ચેન ન પડે. લ્યો, આ લખું છું ત્યાં જ સરદારજી વહેલી સવારે અમારી કીશોર શાંતીસેનાની શીબીરમાં કવાયત કરાવવા આવી પહોંચ્યા. રાતની ચોકી પુરી કરી, સ્નાન કરી, કસરત કરી, સાઈકલ લઈ આવી ગયા છે. મેં પુછ્યું : ‘સરદારજી, આજ તો ઠંડ હૈ; બડી ફજરમેં આ ગયે તો ક્યા કષ્ટ નહીં હોતા હૈ?’

સરદારજીનું હાસ્ય ચેપી છે. ખડખડાટ હસી પડ્યા. કહે, ‘બાબુજી કષ્ટ કી ક્યા બાત 1 ઐસા પુછીયે કી આતે સમય કૈસા મઝા આયા?’

માથે લીલો પાઘ, બરફ જેવી દાઢી, મોતી જેવી ચળક ચળક થતી આંખો, અમસ્તું અમસ્તું મરક્યા કરતું મોઢું, આસ્તે આસ્તે પેડલ મારતા પગ, હાથમાં નાની માળા, જપમાં ‘સત્ શ્રીઅકાલ’ કરતાં સરદારજી મારી સામે આવી યુવાનની જેમ સેલ્યુટ કરી ‘જયહીંદ’ કહેતાં ઉભા રહી જાય છે ત્યારે હું એમની મુખાકૃતીને ટીકી ટીકીને જોઉં છું; તો મને ત્યાં શું દેખાય છે?

નાનક, ગુરુ ગોવીંદસીંહ અને નેતાજી. જાણે એકી સાથે મારી સામે આવી ખડા થઈ ગયા છે. મનના મેલ ધોઈ, આવી પાવન અનુભુતી કરાવનાર મેલાસીંઘ માનવજાત માટે ઉજલાસીંઘ બની અજવાળું પાથરી રહ્યા છે.

–ગોવીંદ રાવલ

જુન ૨૦૦૬માં પ્રકાશીત થયેલા 'ગોરા'ના પુસ્તક 'ભાવોર્મી' (પ્રકાશક : સુમતીબહેન રાવલ, રચના પ્રતીષ્ઠાન, વીશ્વમંગલમ્, અનેરા–૩૮૩ ૦૦૧, પાન: ૧૯૮– મુલ્ય: ૭૦ રુપીયા)માંથી સાભાર..

*પુસ્તકના મુખપૃષ્ઠ પર, ૭૫ની વયના ગોરાએ પોતાની આ કૃતી મુકી છે:*

હું નહીં હોઉં

કાલે હું નહીં હોઉં,

પણ સવાર તો ઉગશે!

પંખી કલરવ પણ કરશે,

નદી એમ જ વહેશે,

અને સાગર પણ ઘુઘવશે.

પેલાં ભુલકાંની ક્રીડા...

કીશોરીઓનાં કલહાસ્ય...

અને યુગલોની પ્રણયકેલી...

બધું એમ જ ચાલશે.

એક ગમ કુંપળ ફુટશે,

અને બીજી ગમ પાકું પાન ખરશે;

ત્યારે હું નહીં હોઉં,

સાચે જ નહીં હોઉં?

–ગોવીંદ રાવલ

સંપર્ક : વીશ્વમંગલમ્, અનેરા–૩૮૩ ૦૦૧, સાબરકાંઠા જીલ્લો,

ઈ–મેઈલ : govindbhairaval@gmail.com

Phone- 02772-239 283

@

083 : 07-01-2007

# સુતેલું એક સંભારણું

–કાન્તી મેપાણી(અમેરીકા)

અનુક્રમણીકા

મુંબઈની એલ્ફીન્સ્ટન કૉલેજનો વાર્ષીકોત્સવ. વાર્ષીકોત્સવમાં કૉલેજનાં જુદાં જુદાં મંડળો ભાગ લે. અમારું ગુજરાતી સાહીત્ય મંડળ પણ એમાં પોતાનો કાર્યક્રમ આપે.

એ વર્ષે મંડળે એક ગુજરાતી નાટક આપવાનું નક્કી કર્યું. ગુજરાતીના પ્રૉફેસર અને ગુજરાતી સાહીત્ય મંડળવાળાઓએ મળીને પ્રાગજી ડોસાનું ‘કહ્યાગરો કંથ’ નાટક ભજવવાનું નક્કી કર્યું. નાટકમાં ત્રણ જ પાત્રો : પતી, પત્ની અને પાડોશી.

પત્નીનું પાત્ર ભજવવા કૉલેજની કોઈ છોકરી તૈયાર થાય નહીં – એવો એ જમાનો. માત્ર ભણતી વખતે એક જ ખંડમાં બેસવું પડે. એ સીવાય છોકરા–છોકરીઓના અલગ ચોકા. છોકરા–છોકરીઓને કોઈ સાથે જુએ તો એની વાતો થાય, એની ચર્ચા ચાલે. બીજાં છોકરાં–છોકરીઓ એમને ટીકીટીકીને જોયા કરે. ભુલેચુકે કદી કોઈ છોકરી કોઈ છોકરાને બોલાવે તો એ છોકરો રાજી થઈ જાય; પણ બીજા છોકરાઓ મનમાં જલ્યા કરે–જાણે કે પોતે લાડવો ખાધા વીનાના રહી ગયા.

આવા વાતાવરણમાં કોઈ છોકરી કશીય લેવાદેવા વગર નાટકમાં બીજા છોકરાની વહુ બનવા તૈયાર થાય? ઘણી વાર તો આવી પરીસ્થીતીમાં નાટકની કાયાપલટ કરવી પડે.

આખરે એક હીરા નામની છોકરી હીંમત કરીને પત્નીનું પાત્ર ભજવવા તૈયાર થઈ ગઈ. પાડોશીના પાત્રમાં સુજાતા દેસાઈ અને બીજી એક બહેન.

નાટકનાં રીહર્સલ મુંબઈના ભારતીય વીદ્યાભવનના સ્ટેજ પર કરીએ. ભારતીય વીદ્યાભવન એ વખતે મંબઈમાં નવું નવું ખુલેલું, જે મુંબઈની કલાપ્રવૃત્તીઓનું ધામ કહો તો ધામ બની ગયેલું.

અમારા ગુજરાતી સાહીત્ય મંડળવાળાઓ કંઈક લાગવગ લગાડી એ વખતના ગુજરાતી તખતાનાં જાણીતાં નામ ચન્દ્રવદન ભટ્ટ અને નીહારીકા દીવેટીયાને નાટકનું દીગ્દર્શન કરવા મનાવી લાવેલા. નાટકનું દીગ્દર્શન ચાલે અને વચ્ચે વચ્ચે ચંન્દ્રવદન ભટ્ટ અને નીહારીકાબહેનની ગોષ્ઠી ચાલે. એ વખતે અમારામાં જુવાની પાંગરતી હતી એટલે અમે તો જાણે રમણલાલ વસંતલાલ દેસાઈની કોઈ નવલકથા વાંચતા હોઈએ એવો આનંદ અનુભવીએ. એ બન્ને જણાંની અનુકુળતાએ અમારા નાટકનાં રીહર્સલો ગોઠવાય.

આવી તૈયારી પછી એક દીવસ મુંબઈના સુંદરાબાઈ હૉલના તખતા પર આ નાટક રજુ થયું. સમારંભના પ્રમુખસ્થાને

હતા મુંબઈ હાઈકોર્ટના એ વખતના જજ ડૉ. ડી. જી. વ્યાસ. ઓડીટોરીયમ ‘જામ–પૅક!’ એલ્ફીન્સ્ટન કૉલેજના ગુજરાતી વીદ્યાર્થીઓ પોતાના ભાઈબંધ–દોસ્તારો, ઓળખીતા–પાળખીતાઓને ઉંચકી લાવેલા... ક્યાં ટીકીટના પૈસા ખરચવાના હતા તે ચીંતા કરવાની હોય? નાટકમાં કૉલેજનાં છોકરાં–છોકરી, પતી–પત્નીનો રોલ ભજવવાનાં છે એ સમાચારને કારણેય સુંદરાબાઈ હૉલ આખોય ભરાઈ ગયો હોય!

પડદો ઉંચકાયો. નાટક શરુ થયું :

ક્લબો, સામાજીક કાર્યક્રમો, મહીલામંડળો, બહેનપણીઓ અને શૉપીંગમાં મહાલતી  પત્નીને ઘર સામું જોવાનો ટાઈમ નથી. ઘર, વર અને ઘોડીયામાં સુતેલા બાળકને મુકીને એ ક્લબની મીટીંગમાં હાજરી આપવા જતી રહે છે. ખાદીની ચોરણી અને ઝભ્ભામાં બેઠેલો પતી બાળકને ધીરે ધીરે હીંચોળી રહ્યો છે.

થોડીક વારે ઘોડીયામાં સુતેલું બાળક રડે છે. પતી, બાળકને જોરથી હીંચકા નાખે છે. પણ બાળક તો ભુખ્યું થયું છે. રડતા બાળકને છાનું કેવી રીતે રાખવું? કંથ મુંઝાય છે. બાટલીમાં દુધ પીવડાવવાનું એ વખતે હજી શરુ થયું નહોતું.

મુંઝાયેલો પતી બાળકને તેડે છે. તોય બાળક છાનું રહેતું નથી. આ બધી ધમાલ સાંભળી પાડોશમાં રહેતાં બહેન આવી પહોંચે છે. અકળાયેલો, લાચાર પતી રડતાં બાળકને

છાતીસરસો ચાંપી પાડોશી બહેન આગળ મોટેથી ઠુઠવો મુકે છે : ‘મને તો થાય છે કે હું બાબાને ધવડાવીને છાનો રાખું; પણ હું એને ધવડાવુંય કેવી રીતે?’

આ ડાયલૉગના શબ્દો અને રોતલ અવાજ પર ઓડીયન્સ આફરીન પોકારી ઉઠેલું. તાળીઓના ગડગડાટ અને વન્સ મોરની ચીચીયારીઓ! આગળની હારોળમાં બેઠેલા અમારા પ્રૉ. શ્રી. કે. બી. વ્યાસ અને અતીથીવીશેષ ડૉ. ડી. જી. વ્યાસ ખડખડાટ હસી પડેલા!

અત્યારે–આટલાં બધાં વર્ષો પછી નજર સામે દેખાય છે એ દૃશ્ય...એ દૃશ્ય મારી સ્મૃતીમાં સોંસરવું ઉતરી ગયું છે; કેમ કે તે રડતા પતીનો રોલ મેં કરેલો! હાલ હું અહીં અમેરીકામાં નીવૃત્તી ભોગવું છું. પાડોશી બનેલાં સુજાતાબહેન મુંબઈ હાઈકોર્ટમાં જસ્ટીસ છે. કોઈ વાર વીચાર આવે છે : હીરાબહેન ક્યાં હશે?

(સન ૨૦૦૪માં પ્રકાશીત લેખકના પુસ્તક, ‘ખોવાયેલા ચહેરા’(પ્રકાશક: ‘ગુજરાત સાહીત્ય અકાદમી’, જુનું વીધાનસભા ભવન, સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨ ૦૧૭ : પૃષ્ઠ–૧૬૦ : મુલ્ય–૯૫ રુપીયા)માંથી સાભાર...

–કાન્તી મેપાણી(અમેરીકા)

ઈ–મેઈલ સંપર્ક : mkantilal@aol.com

@

084 : 14-01-2007

# મનનાં મોરપીંછ

–દીનેશ પાંચાલ

અનુક્રમણીકા

## ધરમના ધરતીકંપ...શ્રદ્ધાના સુનામી...!

આપણે ક્યારેય એ નથી સમજી શકતાં કે ધર્મને ઢોલ, નગારાં, માઈક, મંજીરાં, શોભાયાત્રા કે વીશાળ માનવમહેરામણની શા માટે જરુર પડવી જોઈએ? ટહુકો કોયલનો ધર્મ હોય તો કોયલને કદી સ્ટીરીયો સ્પીકરની જરુર પડે છે ખરી? સુરજ વૉલ્ટેજ–સ્ટેબીલાઈઝર વીના પ્રકાશવાની આનાકાની કરે છે ખરો? પુષ્પનો કયો ધર્મ? ચંદ્ર હીન્દુ ધર્મ પાળે છે કે ઈસ્લામ? આકાશનો કેટલો હીસ્સો હીન્દુઓનો અને કેટલો મુસ્લીમોનો? હવા, પાણી કે અગ્નીના કયાં કુળ અને કઈ જાતી? નદી, સાગર, વૃક્ષ અને ઝરણાને આપણે કયા સંપ્રદાયનાં ગણીશું? માણસ કુદરતનો જ એક હીસ્સો છે; છતાં એનું સ્વરુપ આવું વીચીત્ર કેમ?

## બેઈમાનીની બાસુંદી

એક મીત્રે કહ્યું : ‘મારો દીકરો મને એમ કહે છે કે, તેના એક ફ્રેન્ડના પપ્પા બ્લેકમાર્કેટર છે. તેની પાસે પુષ્કળ પૈસા છે.

સમાજમાં એનો વટ પડે છે. કોઈ પણ ઓફીસમાં તેનાં કામો ઝટ થઈ જાય છે. તેને ત્યાં ત્રણ કાર છે. દરેક રુમમાં એસી છે. સમાજમાં ઈજ્જત છે. આપણી પાસે એવું સુખ કેમ નથી? તે મીત્રે રામાયણનું ઉદાહરણ આપી સમજાવતાં કહ્યું : ‘જુઓ બેટા, સીતાજીના પતી ભગવાન હતા; છતાં તેમણે જંગલમાં સુવું પડ્યું હતું. મંદોદરીનો પતી રાક્ષસ હતો; છતાં તે મહેલમાં સુતી હતી. સીતાજી કરતાં મંદોદરી બધી રીતે સુખી હતી; પણ તેનો પતી ખરાબ હતો. તેથી તેની કોઈ કીમત ન હતી. મંદોદરીને આજે કોઈ યાદ કરતું નથી. સીતાજીનું નામ ઈજ્જતથી લેવાય છે. રાવણનું પુતળું બાળવામાં આવે છે; જ્યારે રામની ઘરે ઘરે પુજા થાય છે. જીવનમાં સાધનશુદ્ધીનું મહત્ત્વ વીશેષ છે. સોનાની લગડી જાજરુમાં પડી હોય તેથી તેની કીમ્મત ઘટી જતી નથી અને કચરો મખમલી જાજમ પર પડ્યો હોય તોય તેને વાળીઝુડીને ફેંકી જ દેવામાં આવે છે. અનીતીથી કમાયેલું ધન ભલે સગવડ આપે; પણ શાંતી નથી આપતું. ઘરનું એસી ઓરડો ઠંડો કરી શકે છે; પણ મનની આગને ઠારી શકતું નથી. હીંસાત્મક માર્ગે દાઉદ ઈબ્રાહીમથી માંડી ગલીના ગુંડાનાંય કામ થઈ જાય છે. પણ ગાંધીજીએ અહીંસક માર્ગે આઝાદી મેળવી હતી તેટલી પ્રતીષ્ઠા તેમને મળતી નથી. તાત્પર્ય એટલું જ કે બેઈમાનીની બાસુંદી કરતાં ઈજ્જતની ભડકી સારી.’

## તારા વરને વશમાં રાખજે

સાસરે જતી દીકરીઓના કાનમાં કેટલીક માતાઓ વીસ્ફોટક મંત્રો ફુંકે છે : ‘તારા વરને કાબુમાં રાખજે!’ એવું દીકરીને કાનમાં કહેતી મહીલા બીજી તરફ પોતાની વહુ પોતાના દીકરાને તેના વશમાં ન કરી લે તેની પુરી તકેદારી રાખે છે. સાસરે ગયેલી દીકરી ત્યાં નોખો ચુલો માંડે તેમાં જ દીકરીનું કલ્યાણ જોતી મહીલા પોતાની વહુ માટે દીકરાને એડવાન્સમાં ચેતવી રાખે છે : ‘જોજે સંભાળજે, તારી વહુ જુદું ઘર માંડવાની જીદ ન લઈ બેસે!’ આમ, એક મહીલા કેટલી ધીરજ અને કુનેહપુર્વક બેવડી ચાલ ચાલે છે ત્યારે માંડ બે સંસારમાં આગ લાગી શકે છે. રોજ ‘રામાયણ’, ‘મહાભારત’ કે ‘ગીતા’ વાંચતી સાસુઓએ પ્રતીજ્ઞા કરવી જોઈએ–‘રામાયણ’, ‘મહાભારત’ કે ‘ગીતા’નું ભલે એકાદ પાનું ઓછું વાંચીશ; પણ ‘હેડંબા’, ‘પુતના’ કે ‘મંથરા’ કદી નહીં બનીશ!

## પતરાનો પરમેશ્વર...સોનાનો શેતાન...!

ધાર્મીક માણસને તમે મુર્તીની ભેટ આપવાની ઓફર કરશો અને કહેશો કે, ‘એક મુર્તી રામની છે અને એક મુર્તી રાવણની છે. એ બેમાંથી કોઈ એકની પસંદગી કરો.’ તો તે રામની મુર્તી પસંદ કરશે. પણ રામની મુર્તી પતરાની હોય અને રાવણની મુર્તી સોનાની હોય તો ગમે તેવો ચુસ્ત રામભક્ત પણ

રાવણની(સોનાની) મુર્તી જ પસંદ કરશે. પતરાના રામનું કશું મુલ્ય નથી. આ ઉદાહરણ સાંભળી અમારા બચુભાઈ બોલ્યા : ‘હું પ્રખર રામભક્ત છું; છતાં હું પણ લઉં તો રાવણની જ મુર્તી. પછી રાવણને સોનીને ત્યાં વેચી તેમાં ચીનાઈ માટીની બનેલી રામની સુંદર મુર્તી ખરીદું અને વધેલા પૈસા મારા લવ–કુશનાં નામે બૅંકમાં રોકું. શ્રદ્ધાય સલામત અને પરીવારેય સલામત!’ રાવણને અવશ્ય ધીક્કારી શકાય પણ શ્રદ્ધાની આડમાં સુવર્ણના કીમતીપણાને અવગણીએ તો તે મોટી ભુલ ગણાય. રામ પ્રત્યેની પુરી શ્રદ્ધા અકબંધ રાખી પતરાને પીછાણી લઈએ તે જરુરી છે. પસંદગી રામ અને રાવણ માંથી નહીં; સોના અને લોખંડમાંથી કરવાની છે.

## ગંદકી અને સ્વચ્છતા…!

એઈડ્સનું ઉદ્ભવસ્થાન મોટેભાગે વેશ્યાલયો છે. મંદીર ગંદું હશે તો ચાલશે; પણ રુપજીવીનીઓ અસ્વચ્છ હશે તો બહુ મોટો સામાજીક ખતરો ઉભો થશે. ગ્લાસમાં ઝેર હશે તો એકાદ માણસ મરશે; પણ કુવામાં ઝેર પડ્યું હશે તો હજારો માણસના જીવ જોખમમાં આવી પડશે. એક એઈડ્સગ્રસ્ત રુપજીવીની હજારો ઉપભોક્તાઓને ચેપ લગાડે છે. સાંભળવું ન ગમે; છતાં સૌએ સત્યનો સ્વીકાર કરવો પડશે કે સામાજીક સુરક્ષા, સલામતી અને નીરોગી જનજીવન ઈચ્છતા સમાજે મંદીરો

કરતાંય વેશ્યાલયોની વધુ કાળજી લેવી પડે એવો સમય હવે આવ્યો છે.

–દીનેશ પાંચાલ

(સુરતના દૈનીક 'ગુજરાતમીત્ર'ની તા. ૩૧ ડીસેમ્બર ૨૦૦૭ની 'રવીવારીય પુર્તી'માં પ્રકાશીત થયેલી શ્રી. દીનેશ પાંચાલની લોકપ્રીય સાપ્તાહીક કટાર 'જીવન સરીતાને તીરે'માંથી.. સાભાર..)

## તમે આસ્તીક કે નાસ્તીક?

એક ગામમાં આસ્તીકો અને નાસ્તીકો વચ્ચે ઈશ્વરના અસ્તીત્વ વીશે ઉગ્ર ચર્ચા થઈ રહી હતી. તેવામાં ત્યાંથી પસાર થતું કુંભારનું એક બળદગાડું ઉંડી ગટરમાં ઉથલી પડ્યું. આની જાણ થતાં આસ્તીકો અને નાસ્તીકો સૌ ત્યાં દોડી ગયા. સૌએ ધક્કા મારી ગાડું બહાર કાઢ્યું. કુંભારનાં બધાં જ માટલાં ભાંગી ગયાં હતાં. નુકસાન જોઈ કુંભારની આંખમાં આસું આવી ગયાં. આસ્તીકો અને નાસ્તીકોએ થોડા થોડા પૈસાનો ફાળો એકત્ર કરી નુકસાન ભરપાઈ કરી આપ્યું.

કુંભારે સૌનો આભાર માની જીજ્ઞાસાવશ પુછ્યું, 'તમે સૌ અહીં શા માટે ભેગા થયા છો?' બધાએ જવાબ આપ્યો, 'અમે ઈશ્વર છે કે નહીં, તે નક્કી કરવા અહીં ભેગા થયા છીએ.' કુંભારે પુછ્યું, 'પછી શું થયું? કોઈ નીવેડો આવ્યો?' જવાબ મળ્યો,

'ના, ચર્ચા હજી ચાલુ છે!' કુંભારે જરા સંકોચ સાથે કહ્યું, 'તમે બધા વીદ્વાનો છો. હું તો બહુ નાનો માણસ છું. મને એક પ્રશ્નનો જવાબ આપો,' કહી કુંભારે આસ્તીકોને પ્રશ્ન કર્યો, 'તમે મારી મદદે આવ્યા, તે શું વીચારીને આવ્યા?' આસ્તીકોએ કહ્યું, 'અમે એવો વીચાર કર્યો કે મુશ્કેલીમાં આવી પડેલા માણસને મદદ નહીં કરીએ તો એક દીવસ ભગવાનના દરબારમાં હાજર થવાનું છે ત્યાં શો જવાબ દઈશું?'

કુંભારે નાસ્તીકોને પ્રશ્ન કર્યો, 'તમે તો ભગવાનમાં નથી માનતા. તમે કેમ મારી મદદે આવ્યા?' નાસ્તીકોએ કહ્યું, 'અમે માનીએ છીએ કે માણસ જ્યારે મુશ્કેલીમાં આવી પડે છે ત્યારે આકાશમાંથી કોઈ ભગવાન તો મદદ કરવા આવવાનો નથી. માનવતાને નાતે માણસે જ માણસને મદદ કરવી જોઈએ!' કુંભારે આગળ કહ્યું, 'તમે તમારી ચર્ચા અટકાવી મારી મદદે દોડી આવ્યા, મને આર્થીક મદદ પણ કરી, હું માનું છું કે મારે માટે તો તમે જ મારા ભગવાન છો. આવું માનવતાનું કામ કર્યા પછી તમે ઈશ્વરના અસ્તીત્વને સ્વીકારો કે નકારો, કોઈ જ ફરક પડતો નથી. ભાઈઓ, આસ્તીક છે તેમણે ભગવાનને નજરમાં રાખીને માનવતાનાં કામો કરવાં અને નાસ્તીક છે તેમણે– ભગવાન નથી, તેથી આ તો આપણી જ ફરજ છે એમ સમજી માનવતાનાં કામો કરવાં જોઈએ!' કહી કુંભાર તો રસ્તે પડ્યો..

કુંભારની વાત પેલા આસ્તીકો અને નાસ્તીકો સમજ્યા કે નહીં તેની જાણ નથી; પણ આપણને એક વાત સમજાય છે. ઈશ્વર છે કે નહીં તેની ચીંતા કર્યા વીના માણસે દુનીયામાં ભલાઈનાં કામો કરતા રહેવું જોઈએ. ભગવાન હશે તોય તેમને એવા જ આસ્તીકો ગમશે જે માણસના ઘોંચમાં પડેલા ગાલ્લાને ધક્કો મારી બહાર કાઢી આપે અને નાસ્તીકો માટે તો તેને કોઈ ફરીયાદ જ ન રહે જો તેઓ લોકોનાં ડુબતાં વહાણ તારશે, દુખીઓનાં આંસુ લુછશે. આસ્તીકતા કે નાસ્તીકતા કરતાં માનવતા મહાન છે. માનવતા જ સાચી પ્રભુતા છે. દરેક માનવીને પેલા કુંભાર જેટલી સમજ મળી જાય તો!

(આ છેલ્લું 'ધુપછાંવ' એમના છેલ્લા પુસ્તક 'બોલો, ઈશ્વર છે કે નહીં?'માંથી લીધું છે.)

–દીનેશ પાંચાલ

સમ્પર્ક : સી–૧૨, મજુર મહાજન સોસાયટી, જમાલપોર, નવસારી–૩૯૬ ૪૪૫ ફોન: (૦૨૬૩૭) ૨૪૨ ૦૯૮

@

085 : 21-01-2007

# પરીશ્રમના ખેપીયા : મારા બાપુ

–ડૉ. શરીફા વીજળીવાળા

અનુક્રમણીકા

આયખાના ઓવારે ગોઠંબડાં ખાતાં ઘણાને અઢળક મળ્યું હશે અને કદાચ મને ઘણુંય નહીં મળ્યું હોય; પણ મને એક વાતની ખાતરી છે કે મારા જેવા ઝીંદાદલ બાપ કો’ કરમીને જ મળે.

હું સમજણી થઈ તે જ દીવસથી મેં મારા બાપુ કાસમભાઈ વીજળીવાળાને સાઈકલ પર લાદીને જીન્દગીને ખેંચતા જ જોયા છે. એકવડીયો બાંધો, પાંચ–સાત થીંગડાંવાળાં કપડાં, સદાની સાથી એવી ખખડધજ સાઈકલ, અને મોઢા ઉપર દુનીયાની બાદશાહી ભોગવતા માણસનું હાસ્ય. બાપુના ચહેરા પર બારે મહીના હાસ્યની ફુલગુલાબ મોસમ ખીલેલી રહેતી.

બાપુનું બાળપણ, અમલદારીની રોનકમાં વીતેલું; પણ એ રોનક એમની વેરણ બની. બાપનો પ્રેમ કે માની લાગણીથી તેઓ હમેશાં વંચીત જ રહ્યા. મા–બાપનું એક માત્ર સંતાન હોવા છતાં શેરીઓમાં અને ખેતરોમાં રખડીને મોટા થયા. એમના બાપુની ભારે ધાક(આજે પણ એટલી જ છે). પસાયતાઓની

ફ્રોજ લઈને ફરતા દાદાને બાપુ શું કરે છે, એ જાણવા–જોવાનો સમય જ નો'તો. દાદા દ્વારા લોકો પર ગુજારાતા જુલમ બાપુ ફાટી આંખે જોયા કરે ને તેર–ચૌદ વર્ષની વયે જ આ ફાટી આંખોએ બાળપણને ટપક કરતું ટપકાવી દીધેલ ક્યાંક અજાણી ભોં પર. ભીતર સંકોડાતા બાપુએ 'રુપીયો કેમ થાય છે એ ખબર પડે છે?'નો જવાબ આપવા સાઈકલ પકડી લીધી અને આ સાઈકલ બાપુને એવી જળોની જેમ વળગી છે કે હમણાં એકસઠમે વર્ષે ભાઈએ પરાણે છોડાવી ત્યારે છુટી.

પ્રસંગોપાત્ત વડપણનું છુટા હાથે દાન કરતા દાદાની અમલદારશાહી સ્વરાજ આવતાં ગઈ. એ જ અરસામાં બાપુનાં લગ્ન થયાં. એમની પાસે ન મળે ભણતર કે ન મળે વ્યવહારબુદ્ધી. બાએ પણ નીશાળની પગથાર ભાળેલી નહીં. પણ બાપુ પાસે જમા ખાતે ખુદા પરનો અડગ વીશ્વાસ અને કોઈનેય છેતરવાનું મન ન થાય એવું ભોળપણ ભારોભાર હતાં. આવા સધ્ધર ખાતા પર કયો ધંધો ચાલે? બા પાસેથી સાંભળેલી વાતો મુજબ એ વર્ષોમાં બાપુ સાઈકલ પર આજુબાજુનાં ૨૫–૩૦ ગાઉનાં ગામડાંઓમાં મોસમે મોસમની ચીજો વેચતા. બરફથી માંડીને બોર સુધીની ફેરી કરી પણ તોય હાડલાંઓએ કુસ્તી બંધ ન કરી. એકાંતરે બાપુ ધંધા બદલતા હતા; પણ એમનું તકદીર બદલવાનું નામ નહોતું લેતું, આવું જ

ચાલ્યું ૧૦–૧૨ વરસ. આવક હતી એટલી જ રહી ને અમારા કુટુંબની સંખ્યામાં અમારાં પાંચ ભાઈબહેનોનો ઉમેરો થયો. જીંથરી રહેવાનું ને બાપુ છેક ધોળા સુધી સાઈકલ પર જાય. ધોળાના શેઠે એમને છાપાં વેચવા આપ્યાં અને બાપુની સ્થીતીમાં એક સ્થીરતાનો વળાંક આવ્યો. એક–બે વરસ પછી ધોળાના શેઠે સોનગઢ ખાતેની એજન્સી જ બાપુને આપી દીધી. ૯ જણા ખાવાવાળા ને ૪૦૦ રુપીયા મહીને મળે. બા અને બાપુને બે છેડા ભેગા કરવા એ નેવનાં પાણી મોભે ચડાવવા જેવું લાગે. બા બીચારી છાણાં–બળતણ, સીવવાનું, ખેત–મજુરી વગેરે કર્યે જ રાખે; પણ તોય ચાદર ટુંકી જ પડે. જે ઉંમરે છોકરાં નીશાળેથી આવીને માને ચુપચાપ બેઠેલી જોઈ સમજી જાય કે, ‘નક્કી કશુંક હશે.’ ત્યારે અમે સમજી જતાં કે મા ચુપચાપ બેઠી છે તે ‘નક્કી આજે કંઈ જ નહીં હોય.’ ને કંઈ પણ બોલ્યા વગર જ થેલા મુકી રમવા દોડી જતાં. લોકો કહે છે, ડહાપણની દાઢ સોળ–સત્તર વર્ષે ઉગે છે; પણ અમને ભાઈ–બહેનને તે સાત–આઠ વર્ષની ઉંમરે જ ફુટી ગયેલી. બાળપણને બહુ વહેલું હળવેથી ‘આવજો’ કહી દીધેલું. અને આ બધું છતાં અમે કોઈ નાસ્તીક ન થયાં. આસ્તીક થયાં તેનું મુળ કારણ બાપુ. રાતે રમીને આવીએ ત્યારે બા–બાપુ ખાવાની કંઈ વ્યવસ્થા કરી બેઠાં જ હોય. મને યાદ નથી અમે ક્યારે પણ ભુખ્યાં સુતાં હોઈએ. રોજ રાતે આવું શાહી ભોજન આરોગી

વીક્રમરાજાના સીંહાસને બેઠા હોય એમ ફળીયામાં બેઠા બેઠા બાપુ ભવીષ્યનાં રંગીન સપનાંને શબ્દોના તારે પરોવતા જાય. એક સીવવાનો સંચો લેવો છે, એક સાઈકલ...યાદી લંબાતી જાય ને બાના હોઠ પરનું હાસ્ય પણ લંબાતું જાય. એને આવતી કાલની આવનારની સાંજ દેખાય. પણ બાપુને એવી કોઈ ચીંતા વળગે નહીં. કીડીને કણ ને હાથીને મણ આપનાર હજાર હાથવાળા પર એને ભારોભાર વીશ્વાસ. ‘આજે આપ્યું તે કાલે ભુખ્યાં થોડાં સુવાડશે?’; ‘નસીબમાં હોય તે થાય જ’ આ બધા બાપુના તકીયાકલામ.

બાપુની એક ખેવના જે ઝંખનાનું રુપ પકડી ગયેલી તે એ કે અમને ભાઈ–બહેનોને ભણાવવાં, એને માટે ભલે પછી તુટી જવું પડે અને એમના સુકલકડી શરીરને એમણે તોડી પણ નાખ્યું. રાજકોટથી ભાવનગરની સાઈકલ રેસમાં માત્ર 1000 રુપયડી માટે ઝંપલાવ્યું ને શીહોરનું ફાટક નડતાં ત્રીજા નંબરનું માત્ર પ્રમાણપત્ર પકડી હસતાં હસતાં ઘરે આવેલા.

દીવસના મોટા ભાગના કલાકો એમના સાઈકલ પર જ જતા. વહેલા પાંચ વાગ્યે ઉઠી એક આખી તપેલી ચા ગટગટાવી નીકળી પડે. એમની ખખડધજ સાઈકલ પર ખુલ્લે ગળે કંઈ લલકારતા હોય, કંઈ પણ ચાલે, એક વાર મેં એમને ‘દુનીયા કા

મેલા, મેલે મેં લડકી...’ ગાતા ટોકેલા. પણ એમને ખબર નહોતી કે તેમણે એવું કશું ગાયેલું; છતાં એમની હંમેશની આદત મુજબ એ મારી સામે હથીયાર ટેકવી દે. ‘હવે નહીં ગાઉં.’ પણ બીજે દહાડે એના એ. આજુબાજુનાં ગામોમાં બાપુ માટે એક કહેવત કે, ‘સવારે ઉઠીને કાસમભાઈનું મોઢું જોનારનો દીવસ સુધરી જાય.’

મા–બાપને મન બધાં જ સંતાન સરખાં જ હોય; છતાં એકાદ સંતાન પર વીશેષ ભાવ રહેવાનો જ. બાપુના વીશેષ ભાવની અધીકારીણી હું બનેલ. નાનપણથી જ. ભાઈબહેનો મને ‘બાપુના ગળાનું હાડકું’ કે ‘ચમચો’ કહી ખીજવે. ઈર્ષા કરે. બાપુને ફરીયાદ કરું તો હસીને ટાળી નાખે. એ ઘણુંય નક્કી કરે પક્ષપાત નહીં કરવાનો; પણ એમનાથી રહેવાય નહીં. જો કે આની પાછળ આજે મને એ કારણ દેખાય છે કે હું બાની સામું બહુ બોલતી પરીણામે મોટા ભાગે બા મારા પ્રત્યે ચીડાયેલ જ રહે. એટલે કદાચ બાપુ મારા પ્રત્યે વધારે ને વધારે ઢળતા ગયા. હું મામાને ઘરે કે ગમે ત્યાં જાઉં મારા માટે બાપુ બધાં છાપાં સાચવી રાખે, ખોટ ખાઈને પણ, બા ગુસ્સે થાય તો પણ. પાંચમા ધોરણમાં હતી ત્યારથી જ ૧૦–૧૨ ગાઉ દુર આવેલ શીહોર છાપાં લેવા મોકલે. જૈનોના મેળાવડામાં છાપાં વેચતાં, લહેકા કરતાં શીખવાડે. આજે ૫૦ માણસ વચ્ચે પણ જે ખુમારી સાથે બોલી શકું છું એનાં બી બાપુએ વાવેલાં. મારાથી બે જ

વર્ષ મોટા ભાઈ ભણવામાં બહુ હોશીયાર. બાપુની આવી જીદ કે એ જેટલા ટકા છઠ્ઠા ધોરણમાં લાવે તેટલા જ બે વર્ષ પછી મારે લાવવાના. બે વર્ષ પછી એના સાચવી રાખેલ પરીણામ સાથે મારું પરીણામ સરખાવી બાપુ બાળકની માફક ખુશ થઈ જાય. આ બાળપણે બાપુના મોઢા પરથી આજે પણ વીદાય નથી લીધી. એમને છેતરવા એટલે ડાબા હાથનો ખેલ; કદાચ એટલે જ ઘરના પૈસાને લગતો વ્યવહાર બાએ સંભાળ્યો હશે.

બચપણમાં લશ્કરી શીસ્તમાં ઉછરેલ બાપુએ અમને બધાંને છુટો દોર આપી રાખેલ. જેને જે કહેવું હોય કે કરવું હોય તેમાં બીજા સલાહ આપી શકે; નીર્ણય નહીં, એ શીરસ્તો. આજે પણ બાઅદબ જળવાય છે ઘરમાં. બાપુ સાથે અમે ઉગ્ર ચર્ચા કરી શકતાં. છાપાંના ધંધાને કારણે રાજકારણ અમારો પ્રીય વીષય. બાપુ ને હું સામસામા પક્ષનાં. આ જામતી દલીલોમાં ઉંમર, સંબંધ બધું જ ભુલીને લડતાં. અંતે હારીને બા કહે: ‘‘તું મોટી થઈને વકીલ થાજે, એક પણ કેસ હારીશ નહીં.’’

દરેક પગલે પથ્થરની તોતીંગ દીવાલમાં માથું અફાળીને રસ્તો કાઢવાનો હોવાથી અમે બધાં નાનેથી જ જીન્દગી સાથે બાખડતાં શીખી ગયેલ. નાનેથી જ લડાયક મીજાજના એટલે કોઈનું કંઈ સાંખી લઈએ એ વાતમાં માલ

નહીં. દવાખાનાવાળા, જેટલા દવાખાનામાં નોકરી કરે તેમના છોકરાને ભણવાના ચોપડા આપે ને નીશાળે લેવા–લઈ જવાની બસમાં સગવડ આપે. મારા ઘરમાં તો કોઈ નોકરી કરે નહીં; પણ અમે બધાં ભાઈ–ભણવામાં એક્કા. દવાખાનાના હેડનો છોકરો પણ અમારી પાછળ પાછળ ફરે. આથી અમને પણ બસની અને ચોપડાની સગવડ મળેલ. (એના વગર કદાચ ભણવું વધારે મુશ્કેલ બન્યું હોત.' આપણા સમાજમાં ઉંમરનાં ધોરણે નહીં; પણ પૈસાનાં ધોરણોએ વ્યવહાર ચાલતો હોઈ બધા બાપુને 'તુ' કહીને બોલાવે અને અમારાં લમણાં ફાટી જાય. બાપુએ એક જમાનામાં મરઘાંઉછેરનો ધંધો કરેલો. એટલે સરખેસરખા છોકરાઓ અમને 'કાસમ કુકડી, ભરી બંધુકડી' પ્રાસમાં બેસાડીને ચીડવે ને અમે લોહીલુહાણ થઈ જઈએ એવાં ઝઘડીએ. બાપુ ઘણું સમજાવે કે બોલનારનું મોં ગંધાય, એની લાયકાત દેખાડે છે. પણ અમે એમ શાનાં ટાઢાં પડીએ? એક વાર દવાખાનાના સારા હોદ્દા પરની વ્યક્તીએ બાપુ વીશે કંઈક પૃચ્છા કરી. મોટો ભાઈ આમ પણ જરા તપેલ મગજનો. મોઢે જ ઝાપટી આવ્યો કે, 'તારે કામ હોય એ મને કહી દે, હું કહી દઈશ મારા બાપુને.' પેલો કેમનો સાંખી લે અવળચંડાઈ? એણે બાપુને ફરીયાદ કરી. બાપુએ એકદમ ટાઢા કોઠે પરખાવ્યું કે 'જો ભાઈ, તમારા બધાંની તેનાત હું સ્વીકારી લઉં છું; પણ મારાં છોકરા મારા શા માટે સાંખે? વળી મને એમના પર એટલો ભરોસો છે

કે એણે જે કાંઈ કર્યું હશે તે વીચાર્યા વગર તો નહીં જ કર્યું હોય.' બાપુ અમારા પક્ષે ન ચડયા હોત તો? આ કારણે જ અમે ભાઈ–બહેન અભાવમાં ઉછર્યાં છતાં; લઘુતાગ્રંથીના ઓછાયાથી પણ દુર રહ્યાં. આખલાની જેમ શીંગડાં વીંઝી દુનીયા સામે મોરચો માંડતાં જ શીખ્યાં. વરસના અંતે નીશાળમાં ગણવેશનું પાંચ–સાત થરું થીગડું પણ ઘસાઈ ગયું હોય તે શીક્ષક ક્લાસની બહાર કાઢે, યુનીફોર્મ નહીં પહેરવા બદલ, તો ઉંચા માથે ઉભા રહેતા. બાપુના લેંઘાની તો આઠ–દસ નકલ એમની સાઈકલ ખાઈ ચુકી હોય, આથી યુનીફોર્મની વાત તો એમને કહેવાય જ નહીં. અને આ બધાં છતાં આજે પણ જે વાતની મને અનહદ નવાઈ લાગે છે અને જે કારણે બાપુ પરનું માન વધતું જ જાય છે તે એ કે આવા દીવસોમાં પણ અલાઉદ્દીનના ચીરાગની માફક દશેરાના દીવસે અમને મીઠાઈ ચખાડતા ને દીવાળીની રાતે આખો ખોબો ફટાકડા અમારા દરેકને ભાગે આવતા. રાતના ૧૦–૧૧ વાગ્યે એક જ તાકામાંથી સીવેલાં બધાંયનાં કપડાં પણ આવી જતાં. પતંગ ટાણે બંને ભાઈને બાપુ જ દોરી પાઈ આપતા અને ઉનાળે કેરી પણ ચાખેલ. કોઈ જ અભાવ બાપુએ અમને ઉંડો નહીં ઉતરવા દીધેલ. એમનાથી અજાણ્યો અભાવ અમને અડી જતો. પણ એને અંદર ઉતરવાનો અવકાશ બાપુ છોડતા નહીં.

કેટલાંય વર્ષો સુધી ઘરમાં લાઈટ નહીં. અમે બધાં ફાનસે વાંચીએ. શહેનશાહો એવા કે ફળીયામાં પોતપોતાની ખાટલીએ વાંચવાની જીદ. મને આજે પણ બરાબર યાદ છે કે એ વર્ષોમાં ઘરના બજેટમાં સૌથી મોટો ખર્ચો ઘાસલેટનો હતો. બાપુએ તોય ક્યારેય અમને અમને એવું મજાકમાં પણ નથી કહ્યું કે, ‘તમે સાથે બેસીને વાંચો.’

બાપુ માટે ધીરજ, સહનશીલતા શબ્દો ઉપમા, રુપકને ધોરણે ટુંકા પડે. ‘ધીરજનાં ફળ મીઠાં’ એ જેનો તકીયા કલામ હતો એવા બાપુને મેં માત્ર બે વાર ધીરજ ખોતા જોયા છે. ૧૯૭૨નું એ વર્ષ. મોટી બહેનને સણોસરાની લોકભારતી સંસ્થામાં ભણવા મુકેલ. એ જમાનામાં વર્ષે બે–અઢી હજારનો ખર્ચો આવે. એમાં પડ્યો કાળઝાળ દુકાળ. છાપાંની એજન્સીઓ ટપોટપ રદ થવા માંડી. પૈસા નહીં ભરી શકવાને કારણે બાપુ ચારેગમથી ભીંસાયા. હવે ઝીંક નહીં જ ઝીલાય એવી એમના હૈયે ધાક પેસી ગઈ અને એમણે હામ ખોઈ દીધી. ‘તમે તમારું સંભાળી લેજો. હું હવે ઘર છોડીને જતો રહેવાનો છું. બને તો મોટા થઈ જેના પૈસા લીધા છે તેને પાછા આપી દેજો. હું જતો રહીશ પછી તમારે ગળે તો કોઈ પડી નહીં શકે..’ બાની હાલત શી થઈ હશે, એ આલેખવા પાનાં ટુંકાં પડે. અમે બધાં કલ્પાંતીએ પણ બાપુએ જાણે કાનના ભોગળ જ ભીડી દીધેલ.

દીવસ આખો ઘરમાં ચુલો ન ચેત્યો. છેક ઝડવઝડ દીવસ રહ્યો ત્યારે રોઈ રોઈને નાનો ઝોબો વળી ગયો ને એણે બાપુની જીદ મેલાવી. પણ આ વર્ષો બહુ કાઠાં ગયાં, પૈસો જીવવા માટે કેટલો જરુરી છે એ અમે બધાં બરાબર સમજી ગયાં. આ વર્ષોમાં હીરા ઘસવામાં ભારે તેજી ચાલે. સારા સારા ઘરના છોકરાઓ ભણવાનું છોડી મહીને ૧૦૦૦ પાડવા માંડેલ. ઘરની હાલત જોઈ મોટો પણ લલચાય. પણ બાપુ ફરી રાજા પાઠમાં આવી ગયેલ. ‘વેચાઈ જઈશ પણ તમને ભણાવ્યે પાર કરીશ.’ ૧૯૭૬ના વર્ષે મોટો પણ કૉલેજમાં દાખલ થયો. એક જોડી કપડાંએ એણે કૉલેજનાં ત્રણ વર્ષ ખેંચેલ (એટલે જ આજે એને કપડાંનો ગાંડો શોખ છે). બે છોકરાનાં ટીફીન ત્રણ ગાઉથી લઈ આવે, બોર્ડીંગમાં એના બદલામાં એને એ ટીફીનમાંથી ભાત–શાક મળે. ઘરે તોય એણે હરફ નથી કાઢ્યો આ બાબતે કદીએ. મોટી બહેનને સરકારી નોકરી મળી પણ વર્ષ માટે. પગાર માત્ર મહીને રુપીયા ૧૦૦. બાપુને એના આવવા–જવાના સામા વધારે આપવા પડતા. આમાં ૧૯૭૬ના ગાંડા વરસાદે ડગમગી ગયેલ ઘરને ઢાળી દીધું. પડતા પરના આ પાટાને અમે સામી છાતીએ ઝીલ્યું. મજુર, ઈંટ વગેરે તો સપનામાંય નો’તાં આવતાં. ભાઈ પથ્થર ખોદે, અમે લાવીએ ને બા ગારા સાથે માંડતા જાય. બે દીવસમાં અમે દીવાલને પાછી ઉભી કરી દીધેલ.

ટકી રહેવા ઝાંવાં નાખતા બાપુને બીજો ઘા 'ગુજરાત સમાચારે' માર્યો. ૧૯૮૦માં, મોટો ભાઈ કૉલેજના છેલ્લા વર્ષમાં. નાનાને વડોદરા મેડીકલમાં એડમીશન મળ્યું તે એને ત્યાં મુક્યો. હું ૧૨મા ધોરણમાં. બાપુએ કેટલાને માથે કરેલા તે તો છેક આટલાં વર્ષે ચુકવીએ છીએ ત્યારે ખબર પડે છે; પણ બાપુએ ત્યારે ગંધ સરખી ન આવવા દીધેલ. આમાં 'ગુજરાત સમાચાર' પૈસા નહીં મોકલાવાને કારણે બંધ પડયું. 'સંદેશ'વાળો ખેંચે બે–ત્રણ મહીના; પણ 'ગુજરાત સમાચાર'વાળો ભારે અધીરીયો. બાપુ આના તેના કરીને રૂ. ૮૦૦ ભેળા કરી અમદાવાદ ઉપડયા. 'ગુજરાત સમાચાર'વાળાએ પૈસા જમે કર્યા ને પછી ઘા માર્યો : 'આજથી તમારી એજન્સી બંધ થાય છે.' બાપુના ગુડા જ ગળી ગયા (કદાચ એટલે જ, આજે પણ કોઈ કારણ વગર મને 'ગુજરાત સમાચાર' પ્રત્યે ભારોભાર કઢાપો છે. દીઠે ડોળે પણ મને એ છાપું નથી ગમતું) ભાંગેલ ટાંટીયે બાપુ ઘેર આવ્યા. ઘરે આવ્યા ત્યારે એમને સાવ જ ભાંગી નાખવા હું તૈયાર બેઠેલી. હા, હું જ, જેમના માટે એમની પ્રબળ ઝંખના કે તારે તો ડૉક્ટર બનવાનું જ છે, નાનો બનશે એટલે તારો છુટકો જ નથી. અને એ દીવસે હું ૧૨મા ધોરણની પરીક્ષા અધુરી છોડી ભાવનગરથી ઘરે નાસી આવેલ. પહેલી વાર ઘરની બહાર બાપુ મને મુકી આવેલ ભાવનગરની હોસ્ટેલમાં. જે હું ન જીરવી શકી ને ભાગી આવી.

બાપુ તો અવાચક જ થઈ ગયા! મારી આંખો પણ અનરાધાર નીતરે ને બાપુએ અવાચકતાને ખંખેરી મને પાસે લીધી. બરડે હાથ ફેરવીને કહે કે, ‘કંઈ નહીં દીકરા, આપણે વર્ષ હાર્યાં છીએ, કંઈ જીન્દગી થોડાં હાર્યાં છીએ?’ પણ એ વર્ષ બાપુને જાણે કે બરાબરનું તાવી રહ્યું હતું. મોટાભાઈના માઈક્રો બી.એસસી.ના છેલ્લા વર્ષ પર ચાતક નજરે મીટ માંડીને બેઠેલ બાપુ રોજ કહે કે, ‘હવે તો હું ઢબઢબીને કાંઠે આવી ગયો છું.’ પણ બાપુનું કપાળ એટલું કુણું નો’તું. પરીક્ષાના પંદર દીવસ પહેલાં જ મોટાને ટાઈફોઈડ થયો ને પરીક્ષા ન અપાઈ. ઘરમાં માણસ મર્યા જેવું માતમ ફેલાયું. આમાંથી સૌ પહેલાં બહાર પણ બાપુ આવ્યા. ‘કંઈ નહીં ભાઈ, તારે મુંઝાવું નહીં, હું કેવો બેઠો છું? આપણે એવું માનીશું તું ચાર વર્ષનો કોર્સ ભણતો હતો.’

મોટી બહેન બાપુના ખભાનો ભાર વહેંચતી થઈ તોય છેડા ભેગા થવાનું નામ નો’તા લેતા. બીજા વર્ષે મેં ૬૮ ટકા સાથે બારમું પાસ કર્યું ને મેડીકલના દરવાજા દેવાઈ ગયા. બાપુ મારા કરતાંય વધારે દુ:ખી થઈ ગયા. પણ તરત જ ‘ધાર્યું ધણીનું થાય’ કહી મારો સામાન બાંધવા મંડી પડ્યા. બાપુ, કે જેમને મેં ક્યારેય રોતાં નહીં જોયેલા, તે મને એના ગળાના હાડકાને કે જેણે ઘર ને નીશાળ સીવાયની દુનીયા જોયેલી જ નહીં તેને વડોદરા સુધી સામાન સાથે એકલી જતી જોઈ ધ્રુસકી

ઉઠ્યા. 'મારી પાસે ટીકીટના પૈસા હોત તો હું તને એકલી થોડી જવા દેત?' કહીને ઢગલો થઈ ગયા.

જીન્દગી સાથે બથોડા લેતા, પડતા, આખડતા બાપુએ અમને બધાંને ભણાવ્યાં. જીન્દગીની ઝાળ અમારા સુધી બહુ ઓછી પહોંચવા દીધી. બાપુના ભોળપણનો લાભ દુનીયાએ જરૂર ઉઠાવ્યો હશે; પણ કુદરતે એમને નથી છેતર્યા. આજે જ્યારે બાપુની આંખ ઠરે એવું અમે ભણ્યાં છીએ, પડ્યો બોલ ઝીલાય છે, ભાઈ જાણીતો ડૉક્ટર છે ને ગામના 'તું' કહેનારા પહેરણની ચાળથી ખુરશી સાફ કરી બાપુને બેસાડે છે ત્યારેય એમના મોં પરની મસ્તીમાં એક તસુનોય ફેરફાર નથી થયો. એના એ જ ઝભ્ભા–લેંઘા સાથે સાઈકલની સવારી, નાનકડો ફરક એટલો જ કે થીંગડાં વગર જ! તેઓ સાઈકલે બેસીને કહે છે, 'આ બધી સમય સમયની ગત છે.' આજે પણ હું સૌથી લાડકી છું. વીશેષાધીકાર ભોગવું છું. આજેય બાપુ મને વડોદરા આવું ત્યારે બસસ્ટૅન્ડે મુકવા આવે છે. પાછી જાઉં છું ત્યારે માથે હાથ મુકીને જોઈ રહે છે. સામે, જાણે કહેતા હોય : 'બહુ ભણી, હવે ઘરે આવતી રહે;' પણ મને ખાતરી છે, એ ક્યારેય એમના મોંથી નહીં કહે; કારણ કે એ મારા બાપુ છે, જેણે મને નાનપણથી 'તને ગમે તે જ કરવું'નો મંત્ર ભણાવ્યો છે.

–ડૉ. શરીફા વીજળીવાળા

સંપર્ક:

B-402, VaikunthPark, B/H Bejanwala Complex, Cause-Way Road, Tadwadi, Surat-395009
eMail : skvijaliwala@yahoo.com

'થેન્ક યુ પપ્પા' નામના યાદગાર ગ્રંથ (સંપાદકો : અમીષા શાહ -sampark97@yahoo.com અને સંજય વૈદ્ય the35mm@gmail.com પ્રાપ્તીસ્થાન : આર.આર.શેઠ–૧૧૦/૧૧૨, પ્રીન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ–૪૦૦ ૦૦૨ – ઈ–મેઈલ : sales@rrsheth.com –પાનાં–૨૪૬ : મુલ્ય–રૂ. ૨૫૦ : વીદેશમાં– ડૉલર દસ)માંથી સાભાર..

@

086 : 28-01-2007

# ધર્મ : નવી દૃષ્ટીએ

–સ્વામી શ્રી.સચ્ચીદાનંદજી(દંતાલીવાળા)

અનુક્રમણીકા

**પ્રશ્ન** : આપણાં શાસ્ત્રોમાં આત્માની શુદ્ધી, મનની શુદ્ધી, વીચારોની શુદ્ધી વગેરે પર બહુ ભાર મુકાયો છે. પરંતુ કોઈ શાસ્ત્રમાં એમ કેમ નથી લખ્યું કે અલ્યા, કપડાં ચોખ્ખાં પહેરો, ઘર ચોખ્ખાં રાખો, આંગણાં સ્વચ્છ રાખો, શેરીમાં ગંદકી ના કરો, જ્યાં ત્યાં ઉકરડા ના કરો, ગમે ત્યાં ના થુંકો. ઝાડો–પેશાબ વગેરે કરવાની કોઈ શાસ્ત્રોક્ત વીધીઓ કેમ નથી?

**ઉત્તર** : બહુ મહત્ત્વનો અને મુદ્દાનો પ્રશ્ન પુછાયો છે. આપણે ત્યાં જેટલી વાર પવીત્ર શબ્દ વપરાયો છે તેટલો બીજે ભાગ્યે જ ક્યાંય વપરાયો હશે. છતાં પવીત્રતા અને અસ્વચ્છતા બન્ને સાથે સાથે આનંદથી ચાલતાં રહે છે; કારણ કે પવીત્રતા અને અસ્વચ્છતાને ગાઢ મૈત્રી થઈ ગઈ છે. પવીત્રમાં પવીત્ર મંદીરમાં એટલી જ અસ્વચ્છતા જોવા મળશે. આટલાં અસ્વચ્છ ધર્મસ્થાનો બીજે ભાગ્યે જ જોવા મળશે.

મંદીરો પવીત્ર છે, ભગવાન પવીત્ર છે; પણ પુજારીઓ અસ્વચ્છ જોવા મળશે. ખાસ કરીને ઉપરથી દુરથી પ્રસાદ ફેંકનારાનાં વસ્ત્રો મેલાં અને કેટલીક વાર તો ગંધ મારતાં જોવા મળશે. સતત નહાતા રહેવાથી તથા પાણીમાં પગ પલળતા રહેવાથી પગમાં ચીરા પડી ગયેલા જોવા મળશે. જો કે આવું બધે નથી હોતું; પણ જે સૌથી વધુ આભડછેટ રાખનારા અને પોતાને સૌથી વધુ પવીત્ર માનનારા લોકો છે તેમની આવી સ્થીતી ઘણી જગ્યાએ જોવા મળશે.

આમ થવામાં અનેક કારણોની સાથે વીપુલ સામગ્રીથી પુજા–અર્ચન કરવું એ પણ એક કારણ છે. બીજા ધર્મો કશી સામગ્રી વીના જ પ્રાર્થના વગેરે કરે છે, જ્યારે આપણે વીપુલ સામગ્રીથી પુજા–અર્ચન કરીએ છીએ, જેમાં અબીલ–ગુલાલ, કંકુ, ચંદન, ચોખા, દુધ, ગોળ, ઘી, પુષ્પો, દહીં વગેરે ઘણી સામગ્રી વપરાય છે. આ બધી સામગ્રી ગમે ત્યાં વેરાય છે, જેથી અસ્વચ્છતા વધે છે. દુધ–દહીં વગેરે પદાર્થો ચઢાવવાથી પણ અસ્વચ્છતા વધે છે. અસ્વચ્છતા અને ઘોંઘાટનો મેળ જામે છે. આ બધાને કોણ રોકે? કોણ અળખા થાય?

હું જ્યારે કેન્યા ગયો હતો ત્યારે ત્યાં નવી નવી ગાયો આવેલી, જે બહુ દુધ આપતી. આપણા ભાઈઓ સોમવારે કે

બીજા દીવસોમાં પણ મહાદેવજી પર ખુબ દુધ ચઢાવતા, તેમાં પણ સોમવતી અમાવાસ્યા હોય તો તો પછી પુછવું જ શું? બધું દુધ બહારના એક નીશ્ચીત સ્થાનમાં ભેગું થાય, સડે, કીડા પડે, દુર્ગંધ મારે, વીદેશીઓ ફોટા પાડે અને તેમના દેશોમાં જઈને બતાવે કે જ્યાં ગરીબ બાળકોને દુધ પીવા મળતું નથી ત્યાં ભગવાનના નામે કેટલો દુર્વ્યય થાય છે વગેરે..

એ જ મંદીરમાં હું પ્રવચન કરતો હતો. મારું હૃદય કકળી ઉઠ્યું. અળખા થઈને પણ મારે તો મારું કર્તવ્ય બજાવવું જ જોઈએ. પુરા દોઢ કલાક સુધી મેં પ્રવચન કર્યું અને લોકોને સમજાવ્યું કે તમે ભગવાનને દુધ જરુર ધરાવો, બગાડો નહીં. બદામ–પીસ્તા–કેસર વગેરે નાખીને મણ બે મણ દુધ એક પાત્રમાં પ્રસાદ તરીકે આગળ ધરો અને પછી એ દુધ અનાથાશ્રમમાં મોકલી આપો. અનાથ બાળકોને પીવડાવો. ધર્મનો જયજયકાર થઈ જશે. અહીંના કાળાં બાળકો કહશે કે વાહ, હીંદુ ધર્મ કેટલો સારો છે! આપણને દુધ પીવડાવે છે, વગેરે વગેરે..

મારી વાત ઘણાને ગમી, કેટલાકને ના ગમી. પણ શરુઆત આવી જ હોય. હમણાં જ મારા એક પરીચીત પટેલે પોતાની ભેંસનું દસ લીટર દુધ શીવજીને ધરાવી, બાલમંદીરનાં

બાળકોને પીવડાવી દીધું. આ ધર્મક્રાંતી છે. જો બધા જ આવો ઉપદેશ આપે તો ઘણો સુધારો થાય અને ઘણી અસ્વચ્છતા ઓછી થાય.

આપણે ત્યાં પ્રાચીન કાળમાં ઋષીઓ સંધ્યા કરતા હતા. કદાચ ત્યારે મંદીરો ન હતાં. સંધ્યામાં ખાસ કોઈ સામગ્રી જોઈતી નહીં. દર્ભાસન પર બેસીને બહુ જ સાદાઈથી સંધ્યા–પુજા થતી. પછી મહાત્મા ગાંધીજી પણ કશી જ સામગ્રી વીના પ્રાર્થના કરતા. તે એટલે સુધી કે દીપ તથા અગરબત્તી પણ નહીં વાપરતા; છતાં એમની પ્રાર્થનામાં મહાન શક્તી પ્રગટતી.

સાચી વાત કરીએ તો આપણે મંદીરોને કમર્શીયલ બનાવી દીધાં છે. એટલે બધા ભાવો પણ લખેલા હોય છે. 'આ કરાવો તો આટલા પૈસા અને આ કરાવો તો આટલા પૈસા.' ભેટની રકમ પ્રમાણે પ્રસાદ અપાય છે. આ બધું વ્યાપારીકરણ નહીં તો બીજું શું? ભલે પૈસા લો; પણ મંદીરોમાં સ્વચ્છતા તો રાખો! પણ મોટે ભાગે આવું થતું નથી. પરદેશથી આવેલા આપણા ભાઈઓ–અહીંના પણ શીક્ષીત ભાઈઓને આવી અસ્વચ્છતાથી ભારોભાર ગ્લાની થાય છે. વ્યાપારી વૃત્તીથી તો ઘણા નાસ્તીક જેવા થઈ જાય છે. બીજીવાર જવાની ભાવના જ મરી જાય છે. જરુર છે સામગ્રી વીનાની ઉપાસનાની, જેથી

મંદીરો સ્વચ્છ રહે, લોકોની શ્રદ્ધા બની રહે અને વારંવાર જવાનું મન થાય.

સામાન્ય જીવનમાં પણ આવી જ દશા દેખાય છે. પરદેશમાં આપણે સ્વચ્છતા, શીસ્ત, પ્રામાણીકતા, સમયપાલન વગેરે જોઈએ અને તેમનાં વખાણ કરીએ એટલે ઘણાને ના ગમે. ઘણા મને કહે : 'તમે પરદેશનાં વખાણ બહુ કરો છો.' હું કહું કે જે સાચું હોય અને પ્રેરણાદાયી હોય તે તો લખવું જ જોઈએ! સ્વચ્છતા, શીસ્ત, પ્રામાણીકતા, સમયપાલન વગેરે ગુણો આપણામાં હોય તો હું આપણાં પણ વખાણ કરું. જરુર કરું; પણ બતાવોને!

મેં આફ્રીકામાં પણ કોઈને ખુલ્લામાં કુદરતી હાજતે જતાં જોયો નથી. તેના કુબાની બાજુમાં જ ઘાસનું બનાવેલું સંડાસ જરુર હોય. ભલે પ્રજાનો રંગ કાળો છે; પણ તે ખુલ્લામાં એકી–બેકી બેસતાં નથી.

એક વાર હું મુંબઈથી અમદાવાદ આવું. સાથે શ્રી. યશવંત શુક્લ અને એક અમેરીકન ભાઈ હતા. સવારનો પહોર અને રેલના પાટા ઉપર જ કેટલાય પુરુષો કુદરતી હાજતે બેઠેલા. પેલા અમેરીકન ભાઈએ મને પુછ્યું, 'આ બધા અહીં લાઈનસર કેમ બેઠા છે?' હું ગુંચવાયો કે આ પરદેશીને હવે શું

કહેવું? ત્યાં તો યશવંતભાઈ મારી મદદે આવ્યા. તેમણે ઠાવકું મોઢું રાખીને કહ્યું, ‘આ બધા સવારની પ્રાર્થના કરવા બેઠા છે.’ હું મનમાં ને મનમાં હસી પડ્યો. મને ખબર છે કે આ જુઠાણું બહુ લાંબું ચાલવાનું નથી. મેં એક ઝુંબેશ ચલાવી કે હવે મંદીરો બાંધવા બંધ કરો, સંડાસો બાંધો. મને આનંદ છે કે આ વાત આપણા મોરારીબાપુએ પણ ઉપાડી છે. આ ધર્મક્રાંતી છે.

પરદેશની સ્વચ્છતાનું મુખ્ય કારણ તેઓ કચરો પાડતા જ નથી. સીગરેટ પીએ કે ચોકલેટ ખાય. કાગળ, કાં તો ગારબેજમાં નાખે કે પછી પોતાના ગજવામાં મુકી દે. રોડ ઉપર નાખે જ નહીં; તે એટલે સુધી કે કોઈ સ્ત્રી (આ મેં નજરે જોયેલું છે) પોતાનું કુતરું લઈને ફરવા નીકળી હોય અને એ કુતરું હાજત કરે તો તરત જ પેલી બાઈ પ્લાસ્ટીકની થેલીમાં તેનો મળ ઝીલી લે અને પછી ગારબેજ આવે ત્યાં નાખી દે. રસ્તામાં ના રહેવા દે. આવી ટેવો છેક બચપણથી જ તેમને સંસ્કારના રુપમાં અપાય છે. એટલે કચરો પાડતા જ નથી, સ્વચ્છતા આપોઆપ રહે છે. જ્યારે આપણે બધું જ રોડ ઉપર જ્યાં–ત્યાં–ગમે ત્યાં, ગમે તેમ ફેંકી દઈએ છીએ. એટલે વાળેલો રોડ હોય તો પણ થોડી જ વારમાં કચરો કચરો થઈ જાય છે.

આપણે આધ્યાત્મીક પ્રજા છીએ(ભૌતીક નથી) એવો ઢંઢેરો ગુરુલોકો વારંવાર પીટ્યે રાખે છે અને પ્રજા એક કાલ્પનીક કેફમાં રાચતી રહે છે. એટલે ગુરુલોકો આત્માનો સાક્ષાત્કાર, ઈશ્વરનો સાક્ષાત્કાર, કુંડલી જગાડવી, વીશ્વશાંતી માટે યજ્ઞો કરવા, ૧૦૮ સપ્તાહ–પારાયણો કરીને પરલોક કેવી રીતે સુધરે તેની વાતો કરવી કે કૃષ્ણવીરહમાં ગોપીઓ કેવી રડતી હતી તે બધું સમજાવે, તેવી વાતો કરે. પણ જીવન કેવી રીતે જીવવું, સ્વચ્છતા–શીસ્ત–સમયપાલન વગેરે કેમ જાળવવાં તે ખાસ કોઈ શીખવાડતું નથી. આ બધા સામાન્ય, હલકા, તુચ્છ વીષયો છે તેમ સમજીને તેની ઉપેક્ષા થતી રહે છે. ધર્મગુરુજનોએ પુરો અભીગમ બદલવાની જરુર છે. સ્વચ્છતા અને શીસ્તને સર્વોચ્ચ પ્રાથમીકતા અપાવી જોઈએ. સમયપાલન પણ પોતાના દ્વારા જ સીદ્ધ કરી બતાવવું જોઈએ.

પ્રજાનું આ પ્રાથમીક ઘડતર છે. જો આ પ્રાથમીક ઘડતર જ નહીં કરાય અને કુંડલી જગાડવાની કાલ્પનીક વાતો જ કરવામાં આવશે તો ગામેગામ ધારાવી જેવી જ દશા થઈ જશે. જો કે થઈ જ ગઈ છે. કલ્પનામાંથી બહાર નીકળીને આપણે વાસ્તવીકતાને સમજીએ અને સ્વીકારીએ, જેથી આપણે મહાન થઈએ, દેશ મહાન બને અને ધર્મ પણ ઉજ્જવળ બને.

(લખ્યા તા. ૧૬ નવેમ્બર ૨૦૦૬)

–સ્વામી શ્રી.સચ્ચીદાનંદજી(દંતાલીવાળા)

(તા.૨૪ ડીસેમ્બર ૨૦૦૬ના ‘ગુજરાત સમાચાર’ દૈનીકની ‘રવીવારીય પુર્તી’માંથી સાભાર... છેલ્લાં કેટલાંક સપ્તાહોથી એક એક પ્રશ્ન લઈને તે ઉપર સ્વામીજી પોતાના વીચારો વીશદ રીતે આલેખે છે.. તેવો આ એક પ્રશ્ન અને તેનો સ્વામીજીનો ઉત્તર...)

–સ્વામી શ્રી સચ્ચીદાનંદજી(દંતાલીવાળા), ભક્તીનીકેતન આશ્રમ, પો. બો. નં. 19, પેટલાદ – 388 450 ફોન: 02697 - 252 480 પુજ્ય સ્વામીજીની પરવાનગીથી સાભાર....

@

087 : 04-02-2007

વીતેલું વર્ષ :

# મેં ઉજવ્યું રક્ષાબંધનપર્વ

–એ. ટી. સીંધી 'મૌલીક'

અનુક્રમણીકા

વાત મારે એક રાતની માંડવી છે, જે ગત વર્ષના પ્રસંગો સંભારતો હતો ત્યારે અચાનક માનસપટ પર ઝબકી ગઈ! એ રાતે વરસાદ તો એની મસ્તીમાં જ હતો. મસ્જીદેથી નમાજ બાદ રાતે દસેક વાગે હું પાછો ફરી રહ્યો હતો. લગભગ દોઢસો જેટલાં ઘર–કુટુંબો જેટલી વસ્તીવાળો આ વીસ્તાર હવે મુસલમાનોની સોસાયટીઓના વીસ્તાર તરીકે ઓળખાય છે. મકાનોની વચ્ચે એક મસ્જીદ પણ ખરી. મારા ઘરેથી મસ્જીદે જવા માટે મારે માત્ર પચ્ચીસ–ત્રીસ મકાનોનો માર્ગ કાપવો પડે. વચમાં એક વળાંક આવે. આ વળાંકની બાજુના મકાનમાં રહેતા સજ્જને પોતાના મોટા આંગણામાં ત્રણેક નાની–નાની ઓરડીઓ બાંધી છે. આ ઓરડીઓમાં સામાન્ય રીતે શ્રમજીવી વર્ગના ભાડુતો રહે.

આખો દીવસ મજુરી અને સાંજે થાક. નાનકડી ઓરડીમાં એકાદ–બે બાળકો ને વળી કોઈક તો વૃદ્ધ મા–બાપ સાથે પણ જીવનને સમારે. ગેસ–સગડી, પ્રાઈમસ–સ્ટવ તો

તેઓ ક્યાંથી રાખે! મોટે ભાગે લાકડાં–કોલસા પેટાવીને શ્રમજીવી બહેનો રસ્તાની એક કોરે રાંધતી હોય... પાસે ટાબરીયાં રાહ જોતાં બેઠાં હોય. પાકાં મકાનોવાળા માટે તો, એ બીચારા મજુર વર્ગના લોકો સાથે, પરીચય કેળવવાની જરુર જ શી! ભાગ્યે જ કુતુહલપુર્વક કોઈ નજર પડતી હશે...અને પડે તોય દોડધામભરી આ જીન્દગીમાં કોને કોની પડી છે? ખેર, પહેરવેશથી ખ્યાલ આવી જાય કે આ શ્રમજીવીઓ મુસ્લીમ વીસ્તારમાં રહેતાં બીનમુસ્લીમ હીન્દુસ્તાનીઓ છે.

એક ઓરડીમાં રહેતા કુટુંબના એક ટાબરીયાને ત્યાંથી પસાર થતાં લગભગ રોજ હું જોઉં. બાળસહજ નીર્દોષતા કોને ન આકર્ષે! મસ્જીદેથી જતાં–આવતાં એની મુસ્કુરાહટમાં મને માલીકની મખ્લુકનાં શ્રેષ્ઠ દર્શન પણ થાય. વળી ક્યારેક બજારેથી ચાલતાં સાંજે એ રસ્તેથી આવું અને મારા હાથમાં કુટુંબ માટેની ખાદ્યસામગ્રી ખરીદેલી હોય. પેલું બાળક મને જોતાં જ આવીને વળગી પડે અને વગર માંગે એને હું કંઈક આપું. ઓરડીની બહાર શ્રમજીવી યુગલને પણ સંસાર–સંઘર્ષની વેતરણમાં પરોવાયેલો જોઉં. થોડા સંક્ષોભ સાથે ટાબરીયાનાં મા–બાપ મારા આગ્રહને વશ થઈ બાળકને સંમતી આપે અને બાળક રાજી...રાજી...! બાળક રાજી તો અલ્લાહ પણ રાજી! હા જી, ગઈ રાતે વરસાદ કંઈ જોરમાં હતો. હું મસ્જીદેથી પરત ઘર તરફ આવતો હતો. પેલી ઓરડી બંધ હતી. ઝાંખો–પાંખો

ભેજીલો અજવાસ અંદર ડુમાતો હોય એવું લાગતું હતું. અંદરથી જરા મોટેથી અવાજ આવતો હતો. ધણી–ધણીયાણી વચ્ચે કજીયો થયાનાં એંધાણ હું પામી ગયો.

'કોરાં લુઘડાં આલ... હું પલળી જ્યો સું, જોતી નથી! ટાઢ વાય છે...!'

'ખબર તો સે... ઘરમાં લુઘડાં બીજાં ચ્યાં સે!'

'કહું સું ને લુઘડાં આલ્ય...!' મર્દનો ગુસ્સો વધ્યો.

'તો હવે કઈ કમાઈમાંથી હું તને નવાં કોરાં લુઘડાં લાઈ આલું?'

એકનું એક બાળક પણ રડતું હતું. ઘર ભણી ચાલતાં મારા પગમાં મંદતા આવી ગઈ. ઉંડેથી એક નીસાસો નીસરી પડયો. હું શું કરી શકું? ભારતની કરોડો ગરીબ ઓરડીઓમાં કદાચ આવા જ કુત્કાર–ચીત્કાર ઉઠતા–પડઘાતા રહે છે. ને... ઘેર પરત આવ્યો... શાંત નીદ્રા માટેની દુઆ–પ્રાર્થના માટે હવે મારા હાથ ઉઠી શકે એમ ન હતા. ખલીફા હઝરત ઉમરે બાદશાહ હોવા છતાં પોતાની પીઠ ઉપર ખાદ્યસામગ્રી ઉંચકીને પેલી ગરીબ માતાની ઝુંપડીમાં ભુખથી ટળવળતાં બાળકોને ખુશ કરવાનું પુનીત કાર્ય એક ઉત્તમ ઈબાદત લેખે કરેલું તે મારા મનમાં સળવળતું હતું; પણ શું કરવું?

રાત્રે સાડા દસે ઝઘડતા શ્રમજીવી યુગલને શેં સમજાવવું કે રક્ષાબંધનની આગલી રાતે પણ ગરીબી તો હાડ

સાથે યુવાનીને પણ ગાળી નાંખે! છેવટે ના રહેવાયું . ઉઠ્યો. કબાટ પાસે જઈ મારાં કપડાંમાંથી જોડ લીધી. પત્નીએ પ્રશ્ન કર્યો. જવાબ દીધો : ‘જાઉં છું, મસ્જીદ તરફ, કપડાંની જોડ આપવી છે હાજતમંદને, ઈન્શા અલ્લાહ નેકી મળશે.’

મને ખાસ્સી મુંઝવણ થતી હતી. શ્રમજીવીને કંઈ ભીખ અપાય? જો આ સ્વમાની મજુર યુગલ કપડાં નહીં લ્યે તો? વળી આગલી રાતે આ રીતે પરોપકારનો ઉધામો! છતાં ના રહેવાયું. ગયો. એક સુંદર હીન્દુસ્તાની વીચારે મને ગત આપી...

જઈને ઓરડીનાં બંધ દ્વારે ટકોરા કર્યા. વરસતા વરસાદના વીઘ્ન વચ્ચે કેટલીક પળો બાદ ઓરડીનાં દ્વાર ખુલ્યાં. મને જોઈ સૌથી પહેલો પેલો ટાબરીયો નાગો–પુગો આવીને દરવાજામાં ઉભો. એ જ મુસ્કુરાહટ સાથે! સહસા આ રીતે મને આવેલો જોઈને નવાઈ અને કંઈક ક્ષોભ સાથે અંદરથી બહેને મને આવકાર આપ્યો. એકાદ વસ્ત્ર વીંટાળેલો એનો પતી ખુણામાંની સગડીએ શેક લેતો બેઠો હતો... ગુસ્સામાં કંઈક બબડતો ને હાંફતો.

પતી–પત્ની અને ટાબરીયો ત્રણેની આંખો અંધારામાં છત્રી ઓઢેલા મને તાકતી હતી. હું કંઈ બોલું તેની રાહ જોવાતી હતી: ‘કેમ છે, ટાબરીયા...!’

‘... ... ...’(મુસ્કુરાહટ સીવાયની કોઈ ભાષા હજી તેની પાસે આવી ન હતી.)

‘બહેન, આ નાનકો હજી જાગે છે!’

‘હા સાહેબ, રસ્તામાં રોજ તમને પજવે છે ને!’

તેનો બાપ ખુણામાંથી વીસ્મયભરી આંખે, કંઈક કરડાકીભર્યા ચહેરે તાકી રહ્યો હતો. મેં જ એને પુછયું, ‘કેમ છો?’

ખુણામાંથી એણે માંસલ મજુર હાથ ઉંચો કર્યો. મેં લાગલો સવાલ બહેનને કર્યો, ‘શું નામ છે એમનું? ’

બહેને એની તરફ જોયું. પછી એ જ બોલ્યો, ‘પ્રતાપ’. ટાબરીયાના હાથમાં પ્રતાપભાઈનાં વસ્ત્રોની થેલી આપી હું બોલ્યો, ‘પ્રતાપભાઈ, કાલે રક્ષાબંધન છે ને તેથી આ લઈ આવ્યો છું.’ બહેનના ચહેરા પર અવર્ણનીય પ્રસન્નતા હતી. પ્રતાપના પણ મુખભાવ બદલાયા. વરસાદ પણ થંભ્યો. વાણીએ વીરામ લીધો ને લાગણીની રેલમાં આનંદતો હું ઘરે પરત ફર્યો. મુસલમાનોના મહોલ્લામાં મસ્જીદ પાસે આખરે ઉજવાઈ ગઈ રક્ષાબંધન, અર્ધી રાતે!

–એ. ટી. સીંધી ‘મૌલીક’

(લખ્યા તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૦૬)

વંચીતલક્ષી, વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ, શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ અને સને ૧૯૯૯થી ‘ઉંઝાજોડણી’ને વરેલા પાક્ષીક ‘નયામાર્ગ’ના, તા. ૧ જાન્યુઆરી ૨૦૦૭ના અંકના પાન નં. ૩૦ ઉપરથી સાભાર.....

સંપર્ક : પ્રા. એ. ટી. સીન્ધી, 52–મહંમદી સોસાયટી, પાલનપુર–385 001 ફોન : 02742–255 422

ઈ–મેઈલ : afzalsindhi2005@yahoo.com & atmaulik@yahoo.co.in

@

088 : 11-02-2007

# કાવ્ય–કુસુમો

–પ્રદ્યુમ્ન તન્ના(ઈટલી)

અનુક્રમણીકા

## ૧. છોળ

અડકી ગઈ
નેણ અચીંતી રંગની છાકમછોળ!

ઉપર ભુરાં આભ ને નીચે સોનલવરણાં ખેત
વચમાં વ્હેતું જાય રુપેરી વ્હેણ વળાંકા લેત,
જાંબળી આંકે રેખ આઘેરી ડુંગરીયાની ઓળ
આઘેરી ડુંગરીયાની ઓળ!
અડકી ગઈ નેણ અચીંતી રંગની છાકમછોળ!

ઉતરે ઓલ્યું રાન–સુડાનું ઝુમખું લેતું ઝોક
અહીં તહીં ખડમોરની વળી કાબરી ભોળું ડોક,
દીસતું નહીં તોય રે મીઠા ગાનથી જાણું કોક
પીળચટી થોરવાડની આડે સુર ઝરે ચંડોળ
ઝીણેરા સુર ઝરે ચંડોળ!

અડકી ગઈ નેણ અચીંતી રંગની છાકમછોળ!

હળવી વાયે દખણાદીની ફુલગુલાબી લ્હેર,
દુર પણે ઓ ડોલતો લીલો અમરાઈનો ઘેર
માંહ્યથી મીઠી મ્હેંકની હારે ઉડતી આણી મેર
જળ–થળે ઝાંય રેલતી આવે ચુંદડી રાતીચોળ
હીરાગળ ચુંદડી રાતીચોળ!
અડકી ગઈ નેણ અચીંતી રંગની છાકમછોળ!
(૧૯૫૮)

## ૨. રત્ય

કોણ કે'છે કે રત્ય રુડી સરી?!
રંગ રંગ છોળ્ય એની ઓસરતાં મોર્ય
અમીં ચીતને ચંદરવે લીધ ભરી!
કોણ કે'છે કે રત્ય રુડી સરી?!

મધુવનની ભોંય શા મજીઠ લાલ પોત પરે
ખાંતે આળેખી ભલી ભાત્ય,
કેવડાની મ્હેંક મ્હેંક કુંજ ચારે કોર્ય, બીચ
મોરલા ને કીર કરે વાત્ય.

એ જી ધાગે ધાગે તે હાંર્યે પોરવ્યો હુલાસ
ને ગુંજરતાં ગીત્યુંની કડી!
કોણ કે'છે કે રત્ય રુડી સરી?!

આભલીયે આભલીયે ટાંક્યું અંકાશ
ને અંકાશે દા'ડી ને રેણ,
દા'ડે દા'ડે  તે ભર્યાં અંજવાળાં ઝોક
ને રેણ ભર્યાં ચંદનીનાં ઘેન,
એ જ ઘેન મહીં ઘોળ્યો છે ગમતો ઉજાગરો
ઉજાગરે ગલાલની ઝડી!
કોણ કે'છે કે રત્ય રુડી સરી?!

માણી પરમાણીને ઝીણું મોટું જેહ કાંઈ
ભરી લઈ ભીતર મોઝાર,
એવું ને એવું રીયે જળવાયું, આછોયે
આવતો ન એને ઓસાર,
એ જ આપણે ઉખેળવાની ખોટી કે પરથમ શું
પ્રગટે સંધુય ફરી ફરી1
કોણ કે'છે કે રત્ય રુડી સરી?!
(૧૯૮૭)

## ૩. નીદાન

પીડય રહી હાંર્યે સહુ શમી!

ઓસડીયાં ખરે હવે ખપતાં ના કોઈ

ભલું રોગનું નીદાન કીધું તમીં!

ઓળખી અજંપ જો કારણ પુછ્યું તો લ્યો

કાળજ તમારી કને ખોલ્યું.

મારણ દ્યો એવું કે ઘડી ઘડી આવતી

અટકે અકારી બધી મોળ્યું

(ને) ભર્યા ભર્યા થાળ થકી ભોજનને ભાવતાં

નવલે આસ્વાદ હું જમી!

પીડ્ય રહી હાંર્યે સહુ શમી...

હળવું હસીને નાડ ઝાલતાં કીધું રે તમીં,

'ભીતર ડો'વાય ભલે ખારે.

જેટલો છે માંહ્ય ઈથી અદકો થઈ ઉભરે

આપણે જો ઓકી દઈ બ્હારે!

પલટાતાં રુપ બચા! આપોઆપ ઓસરશે

થોડું તે ખાવ તમીં ખમી!'

પીડય રહી હાંર્યે સહુ શમી!...

વાગોળું વેણ ઈ દા'ડી ને રેણ અહો

કળતર શી આછરતી કોઠે.

ક્યારેયે માણી ન’તી એટલી મીઠાશ કળું

હળુ હળુ ઉભરતી હોઠે!

સાચું મા! સાચું રોજેરોજ પરમાણું કે

જીરવેલાં ઝેર ઈ જ અમી!

પીડ્ય રહી હાંયેં સહુ શમી...

(૧૯૭૯)

## ૪. રાત્રી ટાણે ‘કોમો’

(‘કોમો’–ઈટલીનું નગર, જ્યાં કવીદંપતી રહે છે)

નીતર્યું પણ અતી ગાઢું

છે આજ રાત્રીનું આભ.

અલોપ થઈ ગયા છે ડુંગરા,

અવકાશ મહીં

લટકાતાં છોડી

તેજનાં ઝુમખાં,

ટોચનો તર્પણ–ક્રોસ,

ને બારાદેલ્લો–બુરજના

સ્તબ્ધ રુપેરી માળખાં.

કેથેડ્રલનો ભારેખમ ગુંબજ

પણ અધ્ધર ભાસે છે

અંધારી દીવાલો થકી...

કેવળ કાંઠાની વંકાતી

પાળી થકી વરતાતાં શ્યામલ જલ

આંક્યા કરે છે વણથંભ,

અરબી શા

ધોળાં

પીળાં

લાલ

ભુરાં

આળેખ...

(૧૯૯૮)

–સ્વ.પ્રદ્યુમ્ન તન્ના(ઈટલી)

@

089 : 18-02-2007

# આટાનો સુરજ

–રતીલાલ 'અનીલ'

અનુક્રમણીકા

મારી મા આટાનો સુરજ બે હથેળી વચ્ચે ઘડતી, હા, આટાનો સુરજ! સફેદ સફેદ, ગોળ ગોળ અને હું જોયા કરતો એ લથબથ આટાનો સુરજ, એ બે હાથ વચ્ચે ફરતો, ઘડાતો અને ગોળ ગોળ બનતો... હાથના એ થપથપાટમાં માતાનું વહાલ હતું. જ્યારે એ ઘડાતો ત્યારે લાગતું આજે જરુર સુરજ ઉગ્યો છે. વાદળાં જેવું કશું આવરણ નથી. ખાસ્સો ઉજાસ છે અને દીવસ દેખાય છે, હું દેખાઉં છું, મા દેખાય છે... દીવસ ઉગ્યાની જાણ ત્યારે આ શીશુને મારી મા આટાનો સફેદ સુરજ ઘડતી ત્યારે થતી... અમે દીવાના અજવાળે જોતાં તો કેટલું મોડે શીખ્યા! અમને શીખવાડવામાં આવ્યું ત્યારે. તેય થોડું થોડું! અમને તો ચુલો ઉગે ત્યારે દીવસ ઉગવાનો એવું લાગતું... માણસનો સુરજ ઉગ્યો એની માએ બંને હાથે આટાનો સુરજ ઘડવા માંડ્યો ત્યારે જાણ થઈ! તે પહેલાં તો પેલા પશુ જેમ આમતેમ હડી કાઢી, ઝપટી, ઝાપટ મારી કંઈ ખાઈ લેતા. આ આદીમ લોક હતો. આ મારો લોક... માએ આટાનો સુરજ ઘડવા માંડયો ત્યારે મનુષ્યલોક બન્યો.

માણસે પહેલાં ચુલો સળગાવ્યો, તે પછી એને લાગ્યું કે દીવો કરું. પહેલાં તો ચુલાના અજવાળે એકબીજાના મોઢાં જોઈ લેતાં... એના પર નાચતા પ્રકાશના ઓળા જોઈ રહેતા, ધુમાડો થાય ત્યારે સુરજગ્રહણ જેવું લાગે પણ મા ચુલામાં ફુંક મારે, પછી ખાંસે અને મોઢું તણાય પછી ગ્રહણ છુટી જાય... એ માટે બ્રાહ્મણને કે અંત્યજને દાન કરવું પડતું નહીં. ઘડાતા સુરજને અમે વીસ્મયથી નહીં, આશાથી નહીં; પણ બસ જોઈ રહેલા... અમે મંદીર બંધાતું હતું ત્યારે ઘડાતા ઈશ્વરને પણ જોયો હતો... હતો તે લંબચોરસ પથ્થર, ઘડનારને લાગતું કે એના મુળ આકાર આસપાસ થર જામી ગયા છે તે દુર કરું એટલે ઈશ્વર પ્રગટ થશે; પણ એ કામ બે ટાંકણા ને હથોડી લઈને કરતો તે કંઈ ગમતું નહિ, આ મારી મા લોટના પીણ્ડમાં છુપાયેલા સુરજને વહાલથી થપથપાવીને પ્રગટ કરે છે એવું કંઈ એમને કેમ આવડતું નહીં હોય? એ તો ‘કળાકાર’ કહેવાય છે, અને મા તો બસ ‘મા’ છે, એથી વીશેષ કંઈ નહીં, આટાના સુરજની પણ એ માતા જ ને? આ સુરજને રોજ રોજ ઘડવો પડે છે શા માટે? માતા પોતાના અસ્તીત્વ માટે, પોતાના જીવન માટે, માતૃત્વ માટે અનીવાર્ય માનતી હશે... સુરજ રોજ ઉગવો જોઈએ માતૃત્વ જીવન્ત, અખંડ રાખવા માટે. પેલો કહેવાતો સુરજ કહે છે કે આથમે છે ત્યારે વળી મા આટાના સુરજને બંને હાથે આમ તેમ કરી, એને મલાવી મલાવીને ઘડે છે... પેલો મુર્તીકાર પુરુષ છે.

મુર્તી પુરુષની કઠોરતાથી કદી ઓગળતી નથી, એ ઈશ્વરને પણ કઠોરતાથી ઘડે છે. આટાનો સુરજ ઘડાય ત્યારે કેવો, રસ પડે એવો, બસ સાંભળ્યા કરીએ એવો ધ્વની આવે છે... એમાં જીવનનો લય અને યતીનો અનુભવ થાય છે... દુર સડક પરથી ચાલ્યા જતા સુરજના ઘોડાની ટાપ પણ માના એ થપથપાટમાં સંભળાય...

પેલા ખ્રીસ્તીઓ તો ઈશ્વરને પીતા અને ઈસુને ઈશ્વરનો પુત્ર કહે છે; પણ મને તો એ મેરીનો દીકરો જ લાગે છે. એ પીતાના પુત્ર કરતાં મેરીનો પુત્ર વધારે લાગે છે... હા, સાચું કહું છું, સાચું કહું છું, પીતા કઠોર જ હોય છે, કઠોર, એ સખ્તાઈથી ઘડે છે. પેલો મુર્તીકાર હથોડી અને ટાંકણાથી મંદીરના ઈશ્વરને ઘડે છે તેમ જ... એ પીણ્ડ આસપાસના થરને થપથપાવી વહાલથી કંઈ ઘડી શકતો નથી... આવો કરુણાળુ ઈસુ પીતાએ ઘડ્યો હોય? ના, ના, આટાનો સુરજ ઘડતી મેરીએ જ વહાલથી એને ઘડ્યો હશે. પીણ્ડને શી રીતે ઘડવો એ માતા જ જાણે છે, માતા જ જાણે છે. પીતા પીણ્ડને હાથમાં લે છે, ત્યારે પણ મારે પથરાને જ ઘડવાનો છે એવું માને છે અને મા પથરાને હાથમાં લે છે ત્યારે મારે સ્વાદીષ્ટ ચટણી જ લસોટવાની છે એમ માને છે... અને એકલય બને છે... ગોળ પથરો આગળ જાય, પાછળ જાય અને ચટણી લસોટાય... મા જાણે ચટણીને નહીં, એક

લયને લસોટે છે, લયને... મેં પ્રથમ વાર ઘડીયાળનું લોલક જોયું એ પહેલાં એનો લય આ લસોટાતા લયમાં જોયો હતો.

આ ભદ્ર લોકોની રોટલી સાચું કહું છું, મને ગમતી નથી. જુવારના સફેદ સફેદ, બારસી જુવારના રોટલાથી મારો પીણ્ડ ઘડાયો છે, એ સુરજ મારો જઠરાગ્ની બન્યો હતો... એમાં સર્જનનો લય હતો. બંને હાથમાં આમતેમ ઝુલતો, થપથપાવાતો. ચુલાના અજવાળે એ કાંતીમાન લાગતો અને થપ્પ દઈને કલેડે પડતો, તવેથાથી ફેરવાતો, અને તેની સુગંધ આવતી તે જઠરાગ્નીને આતુર કરી મુકતી... એવું કશું આ રોટલીમાં નથી. એ ઘડાતી નથી, વણાય છે... એ પ્રોડક્ટ લાગે છે, માના હાથનું એમાં ઘડતર  નથી.

અમારે દીવાટાણું નહોતું થયું. દીવાટાણું તો આ રોટલી આવી ત્યારે થવા લાગ્યું. માના વખતમાં તો ચુલાટાણું થતું. ચુલાના અજવાળે અમારા ચહેરા મા જોતી... પછી એ કહેતી : ફુંક માર તો ભઈલા... અને અમે ધુમાડા ભેગી રાખ પણ ઉડાડતા! બાળકો આમેય મસ્તીખોર ન થાય તો તે બાળક નહીં! અમે તો મસ્તી ભુલી જવાની હોય ત્યારે જ પીતા પાસે જતા. પીતા કઠોર વ્યવસ્થાનું પ્રતીક, વ્યાકરણનો એક કઠોર નીયમ, સમાસ કરતી વખતે બંને શબ્દને જોડે નહીં, પુરુષ–પીતા બને

નહીં, પુરુષ–પીતા એવી જોડણી સ્વીકારે. સમાસમાં પણ અંતર રાખે. પ્રત્યયની જેમ માના વાંસે ઝુલી શકાય, પીતાના વાંસે? જોખમ તો ખરું જ. માને પ્રત્યયનો બોજ લાગતો નથી, એ એને પોતાનું જ અભીન્ન અંગ માને છે.

ખરેખર આટાનો સુરજ ઘડાતો એ સમય ‘ટાણું’ લાગતું. બહાર રઝળવા ગયા હોઈએ અને અલગ અલગ રહેતા પુત્રો–પુત્રવધુને ન્યુ ઈયર સાંભરે અને માની પાસે ડીનરટેબલ પર ભેગાં થઈ જાય એમ અમારે માટે સાંજ એ ન્યુ ઈયરનું ટાણું થઈ જતું! અમે ગમે ત્યાં હોઈએ પણ ટાણે હાજર થઈ જઈએ, મા પાસે–‘ચુલા પાસે’ એ તો અ–કવીના શબ્દો છે.

આટાનો સુરજ ઘડાતો માના વહાલસોયા હાથે. ત્યારે રોજ રોજ ટાણું આવતું, એ માટે કેલેન્ડર–પંચાંગ જોવા પડતાં નહીં... ના, નહીં જ વળી. અમારા ચહેરા ચુલાના અજવાળે કાંતીમય થતા–થયા. અમને મહેનતુ કહેવાતા માણસોને એ અજવાળાએ જ કાંતી આપી. હા, પહેલા મા કપાસનું રુ લઈને પુમડું બનાવતી, એને ઘીવાળું કરી, કોડીયામાં મુકી, પ્રગટાવી એનું સૌમ્ય તેજ ચહેરે ઝીલી, બે હાથ જોડી, તે પછી જ ચુલો પ્રગટાવતી, પણ એ દીવો કરવામાં મોડું થતું અને અમે અકળાઈ ઉઠતા... પહેલા દીવો, પછી ચુલો...એ ક્રમ માને

સમજાતો, અમને નહીં. દીવાટાણું, ચુલાટાણું...અમે તો માત્ર ‘ટાણું’ યાદ રાખતા, એ જ યાદ રહેતું. નાતાલની રાતે વીખેરાઈને રહેતો ખ્રીસ્તી પરીવાર મા–બાપને ત્યાં ડીનરટેબલ પર ભેગો થઈ જાય એમ અમે બધાં સાંજે ચુલા આસપાસ... માની આસપાસ ભેગા થઈ જતાં... અમને જીવનની ગંધ આવવા માંડતી... એવું તે શું થયું કે હવે જીજીવીષાની ગંધ સાંજટાણે આવે છે? પેલી મા–હા, ‘પેલી’, ‘આ રહી’ કહેવાનો અવસર તો નીકળી ગયો, ગયો, ગયો ને ગયો જ તે... જીવનની ગંધ ઉછરતા; ઉગમ પામતા જીવનની ગંધ... ઉગતા સુરજની ગંધ... માના હાથે ઘડાતા આટાના સુરજ અને અશ્વીનીકુમારના ઘડતરની ગંધ...

હવે અધીરતાને ક્રીયામાં જોડી તેને સૌમ્ય કરવા કોઈ કહેતું નથી : ‘ચાલ, હાથપગ ધોઈ આવ, કાંધી પરથી થાળી ઉતાર, લુછ, અને લઈને બેસી જા...’ આટાનો સફેદ સુરજ પણ ઘડાતો નથી, રોટલી શી રીતે વણાય છે તેયે જોતો નથી– જાણતો નથી, ટાણું આવે છે કે નથી આવતું તેયે જાણતો નથી, હાક પડે છે : ‘જમવા ચાલો’ અને ટેવથી બોલી જવાય છે ‘અવાય છે હવે...એમ કરો, અહીં જ થોડું મોકલી આપો...’ ડીલીવરી... ડ્રોઈંગરુમમાં ડીલીવરી... મોઢા પર ઈલેક્ટ્રીક બલ્બની રોશની લીંપી છે. ચુલાનું નાચતું અજવાળું મોઢા પર

પણ પ્રતીછાયા કે ઓળા રુપે નાચતું તે માની સાથે ગયું... ‘આપણા’ ને ‘પેલા’ કહેવા પડે, નજીકને દુર કહેવું પડે, હાથવગા સુરજને ‘પેલ્લો દુર દુર દેખાય એ સુરજ...’ કહેવું પડે એ કેટલું વસમું હોય છે...! ‘વસમાં વળામણાં’ રણે જતા પુરુષને જ શું હોય છે? પોતીકાં, પોતીકાપણું લેતાં જાય છે, એ જ વીરહ છે, એ જ વીરહ છે, જુદાઈ છે.

–રતીલાલ ‘અનીલ’

લેખકના ‘સાહીત્ય અકાદમી’ના પુરસ્કારપ્રાપ્ત પુસ્તક ‘આટાનો સુરજ’ (પ્રકાશક: ‘કંકાવટી’ પ્રકાશન, 13–1૪, સાંઈ સમર્પણ સોસાયટી, આર્શીવાદ ટાઉનશીપ–૧ પાછળ, બમરોલી રોડ, ઉધના, સુરત–૩૯૪ ૨૧૦, ઓગસ્ટ, ૨૦૦૨– મુલ્ય રુપીયા: ૧૫૦) માંથી સાભાર...

૨૦૧3માં ગઝલકાર–લેખક રતીલાલ ‘અનીલ’નું દુખદ અવસાન થયું.

વેબસાઈટ : http://ratilalanil.tripod.com

@

090 : 25-02-2007

# મારું સાચું કુટુંબ

–ડૉ. યાસીન દલાલ

અનુક્રમણીકા

મારું બાળપણ વીશીષ્ટ સંજોગોમાં વીત્યું છે. મારો જન્મ ૧૯૪૪માં ઉપલેટા ખાતે થયો હતો. મારા દાદા ઉપલેટાના નગરશેઠ કહેવાતા. જે શેરીમાં અમે રહેતા તે દલાલ શેરી તરીકે ઓળખાતી.

અમારું કુટુંબ ગર્ભશ્રીમંત હતું. બર્મામાં અમારો ધીકતો વેપાર હતો. રંગુન, ટ્વોય અને માંડલે ખાતે અમારી પેઢીઓ હતી. રંગુનની પેઢી મારા પીતાજીના નામ ઉપરથી અહમદ કંપની તરીકે ઓળખાતી. દર વરસે કે બે વરસે મારા દાદા અથવા પીતા દેશ આવતા ત્યારે બે–ચાર રેંકડીઓ ભરીને માલ લાવતા. મારા ઉછેર માટે એક ખાસ કામવાળી રાખવામાં આવી હતી, જેનું નામ લગભગ આયેશા હતું. બાબાગાડીમાં મને હંમેશાં એ ફરવા લઈ જતી. મેં બાળપણમાં જેટલી ફીલ્મો જોઈ હતી એ કામવાળીની કંપનીમાં જોઈ હતી. મને યાદ છે ત્યાં સુધી ‘દર્દ’ અને ‘શહેનાઈ’ મેં જોયેલી પ્રથમ ફીલ્મો હતી. અત્યારે મારી પાસે જુની ફીલ્મોનો જે ખજાનો છે એમાં આ બંને ફીલ્મો જોઉં

છું, ત્યારે અતીતરાગનો હુમલો આવે છે અને હું ભાવવીભોર થઈ જાઉં છું.

એવામાં કુટુંબ ઉપર અચાનક આપત્તી આવી. બીજું વીશ્વયુદ્ધ શરુ થયું. જાપાને બર્મામાં ઠેર ઠેર બોમ્બમારો કર્યો, એમાં અમારી પેઢીઓને મોટું નુકસાન થયું. મોટાભાગના ભારતીયો બર્માથી ભાગીને આવતા રહ્યા. એમાં અમારો પણ વારો ચડી ગયો. ગર્ભશ્રીમંતમાંથી અમારું કુટુંબ નીમ્ન મધ્યમ વર્ગમાં આવી ગયું. મારા મોટા ભાઈ હબીબભાઈ અને ગફારભાઈ બર્મામાં હતા. એક મોટાભાઈ યાકુબભાઈ ચીતાગોંગ (અત્યારે બાંગ્લાદેશ)માં હતા. ૧૯૪૭માં ભાગલા થયા, ત્યારે અમારી એક પેઢી સીંધમાં હૈદરાબાદમાં હતી. બીજી એક દુકાન સીંધમાં જ થરપારકરમાં હતી. એવામાં અચાનક ભારતના ભાગલા થયા. અમારું કુટુંબ મુસ્લીમ હતું; પણ મારા પીતા પ્રખર રાષ્ટ્રવાદી હતા. એટલે જેવા ભાગલા થયા એવા તરત જ દુકાનો બંધ કરી અને એ કરાંચી આવેલી એલચી કચેરીમાં ગયા. એલચી કચેરીમાં જવાબ મળ્યો કે મુસ્લીમો માટે તો પાકીસ્તાનની રચના થઈ છે. મારા પીતાએ સમજાવ્યું કે હું મુસ્લીમ જરુર છું; પણ અલગતાવાદી નથી. પ્રખર રાષ્ટ્રવાદી છું. બે દીવસ મારા બાપુજીએ ત્યાં જ સત્યાગ્રહ કર્યો અને ભારતનો વીઝા લઈને જ જંપ્યા.

આ પછી પીતાજીએ દેશમાં વીમાનો વ્યવસાય અપનાવ્યો. ગામમાં સુખનાથ રોડ પર એક ઓફીસ લીધી. જીવનવીમા ઉપરાંત સામાન્ય વીમાનું કામ શરુ કર્યું. એ જમાનામાં ન્યુ એશીયા ઓરીએન્ટલ  તથા લાયુનીયન જેવી કંપનીઓની બોલબાલા હતી. ધનપતીમાંથી દુકાને દુકાને જઈને વીમો લેવાની વીનંતી કરવાનું એમને શરુઆતમાં ભારે લાગ્યું હશે; પણ ધીમે ધીમે એમને એ કોઠે પડી ગયું. સમગ્ર શહેરમાં એ નંબર વન વીમા એજન્ટ બની ગયા. એમના ગ્રાહકોમાં ઓઈલમીલના માલીકોથી લઈને સામાન્ય દરજી સુધીના લોકોનો સમાવેશ થતો હતો. આ ગ્રાહકોની સંગતે એમને બીલકુલ બીનસાંપ્રદાયીક બનાવી દીધા.

બીજી બાજુ મારાં બા અત્યંત ધાર્મીક અને રુઢીચુસ્ત સ્વભાવનાં હતાં. રમઝાનના બધા દીવસ ઉપવાસ કરતાં. નવરાશના સમયમાં એ કુરાનનું વાચન કરતાં. એમની આ ધાર્મીકતા ધીમે ધીમે સંકુચીતતામાં ફેરવાતી ગઈ. મારું મન ભણવામાં હતું. પાંચ ધોરણ સુધી હું મદરેસામાં ભણ્યો. પણ મદરેસામાં ૮મા ધોરણ પછી ભણવાની સુવીધા નહોતી. મારે મેટ્રીક  સુધી ભણવું હતું. એટલે મેં સાર્વજનીક સ્કુલમાં પ્રવેશ લીધો. સ્કુલમાં પ્રવેશ મેળવનાર હું પ્રથમ મેમણ વીદ્યાર્થી હતો. સ્વાભાવીક રીતે મારા સહાધ્યાયીઓમાં પટેલ, વાણીયા, બ્રાહ્મણ અને લોહાણા મુખ્ય હતા. એ લોકો મારે ઘરે આવે એની સામે

મારાં બાને અણગમો હતો. એ દરેક વસ્તુને ધર્મના માપદંડથી જ માપતાં. એ મને વારંવાર મસ્જીદમાં જવાનું કહેતાં. મારું મન ઉદારમતવાદી હતું. એ કદી કોઈ ચોક્કસ ધર્મના સાંકડા દાયરામાં બંધાતું નહીં. પરીણામે બા અને મારી વચ્ચે સંઘર્ષનો આંતરપ્રવાહ રચાઈ ગયો.

વીધીની વક્રતા એ હતી કે હું ધોરણ એકથી પીએચ.ડી. સુધી હંમેશાં ભણવામાં પ્રથમ ક્રમ લેતો. મને અનેક સ્કૉલરશીપ અને ફેલોશીપ મળી ચુકી છે. એસ.એસ.સી.માં હું સમગ્ર શહેરમાં પ્રથમ આવ્યો. એ બદલ મારા અત્યંત પ્રીય અભીનેતા બલરાજ સહાની તરફથી ‘બંસરી–બાળા’ કપ એનાયત થયો હતો.

હવે જ ખરી વાત આવે છે. ઈન્ટર પરીક્ષા પાસ કરીને હું એસ.વાય.બી.એ.માં આવ્યો ત્યારે અચાનક મારાં બાએ મારાં ભાભીને મુકવા માટે ચાંદા રવાના કર્યો. મને એમ કે ચાંદાથી હું તરત પાછો આવીશ. પણ ત્યાં પહોંચતાં જ મારા મોટાભાઈ યાકુબભાઈએ બાનો પત્ર બતાવ્યો. જેમાં લખ્યું હતું કે, ‘યાસીન ખુબ બગડી ગયો છે. એટલે તું તારી દુકાને લગાડજે. હવે ઉપલેટા મોકલતો નહીં.’ પણ સંજોગવશાત્ જે પ્રેમ બા ન બતાવી શક્યાં એ મોટાભાઈએ બતાવ્યો. એમણે બાને જવાબમાં લખ્યું કે, ‘યાસીન સ્નાતક થવાના અડધે રસ્તે આવી ગયો છે. અહીંથી એને ઉઠાડી લેશો તો એનાં બે વરસ નકામાં જશે. એટલે બે વરસ એમને ભણવા દો. તો ગ્રેજ્યુએટ થઈ જશે. આગળનો

વીચાર પછી કરશું.' હું ઉપલેટા પાછો આવ્યો અને એસ.વાય.બી.એ.માં જોડાઈ ગયો. ફરીથી ટી.વાય.બી.એ.માં એ જ રામાયણ શરુ થઈ. મારાં બાએ કહ્યું કે, 'કાં તું અભ્યાસ પસંદ કર; કાં ઘર છોડી દે.' આ ઘટના સંગીતકાર નૌશાદ જેવી જ છે. નૌશાદને એના રુઢીચુસ્ત પીતાએ આમ જ કહ્યું હતું કે, 'કાં સંગીત અને કાં ઘર; બેમાંથી એકની પસંદગી કર.'

મેં અભ્યાસની પસંદગી કરી. ઘર છોડી દીધું. સરસ્વતીચંદ્રની જેમ મેં ગૃહત્યાગ કર્યો. અમદાવાદ જવાનું નક્કી કર્યું; પણ અમદાવાદની ટીકીટના પૈસા કાઢવા ક્યાંથી? ત્યારે જ ઉપલેટામાં મારાં મોટાં બહેન આવ્યાં હતાં. એ કરોડપતી હતાં. પણ મારાં આશ્ચર્ય વચ્ચે એમણે રુપીયા પચ્ચીસ જેટલી મામુલી રકમ આપવાની ના પાડી! મેં ભારે હૈયે 'બંસરી–બાળા' કપ વેચી દીધો. ત્યારે જાણે મારા કાળજાના કટકા થઈ ગયા. હું અમદાવાદ જઈને પ્રા. દીનેશ કોઠારીને ત્યાં ઉતર્યો. 'કુમાર'માં નોકરીમાં લાગ્યો. બચુભાઈ રાવતની ઓફીસમાં ત્યારે દર સપ્તાહે 'બુધવારીયું'જા ભરાતું. શ્રી રઘુવીર ચૌધરી, શ્રી મણીભાઈ દેસાઈ અને શ્રી પ્રીયકાંત મણીયાર જેવા કવીઓ પોતાની કવીતાઓ લઈને આવતા. શ્રી ચૌધરી ત્યારે કવી હતા. પણ મને થોડા જ સમયમાં 'હોમ સીકનેસ'નો હુમલો આવ્યો. બચુભાઈ રાવત એ પામી ગયા. એમણે મારા જીવનમાં એક મોટું કામ કર્યું. ઉપલેટાની હાઈસ્કુલના આચાર્ય શ્રી રીખવદાસ

શાહ ઉપર એક ચીઠ્ઠી લખી આપી અને પોતાની શાળામાં શીક્ષકની નોકરી આપવાની ભલામણ કરી. તે જ રીતે કૉલેજના આચાર્ય શ્રી જીતેન્દ્ર જેટલી ઉપર ભલામણ લખી કે એ કોઈપણ જાતની ફી વીના મને કૉલેજમાં પ્રવેશ આપે. બન્ને મુરબ્બીઓએ એ ભલામણ સ્વીકારી. આમ જે પ્રેમ મને કુટુંબમાંથી ન મળ્યો તે બહારથી મળ્યો. ત્યારથી સતત મારો અનુભવ આ જ છે. આ અર્થમાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ઉક્તી મારા જીવનમાં સો એ સો ટકા સાચી ઠરી. હું ખુબ સારા ગુણ સાથે સ્નાતક થયો. ૧૮ વરસની ઉંમરે મેં શીક્ષકની કારકીર્દી શરુ કરી. એમ.એ. થવા માટે હું રાજકોટ આવ્યો. નોકરી મળી એટલે કુટુંબે મારો ફરીથી સ્વીકાર કરી લીધો. રુપીયા ૧૫૦ના પગારમાંથી રુ.૧૪૦ હું ઘરમાં આપી દેતો. આ કટોકટી કાળમાં મારા બે મીત્રોના પપ્પા મને ખુબ કામમાં આવ્યા. અમારા ફેમીલી ડૉક્ટર રતીભાઈ ટોળીયા અને જાણીતા વકીલ શ્રી હરીભાઈનો દીકરો પ્રફુલ્લ મારી સાથે ભણતો. હું એમના ઘરે અને છગન ડેડાણીયાના ઘરે અવારનવાર વાંચવા જતો.

હું અમદાવાદ ગયો એ પહેલાં ઘર છોડ્યું એ પછી બે દીવસ ઉપલેટામાં દેવજી ગોકળની પાનની દુકાનની ફુટપાથ ઉપર બે રાત સુતો. એ બે રાત હું કદી ભુલી શકીશ નહીં. કોઈ પથારી નહીં; ચાદર પણ નહીં અને ઓશીકું પણ નહીં. આજુબાજુમાંથી છાપાંના ટુકડા શોધીને કાગળ ઉપર સુઈ ગયો.

મારા ઘરના સભ્યોએ હું ક્યાં છું, એની તપાસ પણ ન કરી. ઉપલેટા નાનું ગામ છે. દેવજી ગોકળની પાનની દુકાન ગામની વચ્ચે આવેલી છે. અલબત્ત, મારા પીતાજીએ ચીંતા કરી હશે. ઘરના બીજા કોઈ સભ્યોએ મારી બીલકુલ ચીંતા કરી નહીં.

મારો નાનો ભાઈ અમારા ઘરમાં જ રહેતો હતો. હું ભણ્યો એનું અનુસરણ કરીને એ પણ ભણ્યો. પણ એની પાસેથી પણ મને ભાઈનો પ્રેમ ન મળ્યો. કુટુંબભાવનાનો પરીચય માત્ર મને મારા પીતા અને એક મોટાભાઈ પાસેથી થયો. મારા પીતા દીલથી ઈચ્છતા હતા કે હું ભણું અને આગળ આવું. સાતમા ધોરણમાં હું રખડપટ્ટીમાં પડી ગયો અને પરીક્ષા ન આપી શક્યો. મારું એક વરસ બગડ્યું, પણ મારા બાપુજીએ શાળાના આચાર્યને મળીને સાત–આઠની પરીક્ષા એક સાથે આપવાની મંજુરી મેળવી આપી. બંને પરીક્ષાઓ મેં તનતોડ મહેનત કરીને આપી અને બંનેમાં સારા ક્રમે ઉત્તીર્ણ થયો. બાપુજી મને હંમેશાં કહેતા કે, ‘દીકરા, તારે ભણવું હોય એટલું ભણજે.’ હું કહેતો કે મારે ભણીને કાં પ્રૉફેસર થવું છે અને કાં પત્રકાર થવું છે. હું બંને હોદ્દા મેળવી શક્યો. મતલબ કે પત્રકારત્વનો પ્રૉફેસર થયો. પણ મારા બાપુજી હું પ્રૉફેસર થયો એ જોવા જીવ્યા નહીં. આજ દીન સુધીમાં મેં પત્રકારત્વમાં પચાસ પુસ્તકો લખ્યાં છે. હું આત્મા–પરમાત્મામાં માનતો નથી; પણ મારા બાપુજી જીવતા હોત તો ખુશીથી ફુલ્યા ન સમાતા હોત. મને બીનસાંપ્રદાયીકતાનું જે

શીક્ષણ મળ્યું તે પણ એમના તરફથી મળ્યું. કુલ અમે છ ભાઈઓ એમાંથી ચાર મોટાભાઈઓ દેશાવરમાં રહે. હું મોટો થયો એ પછી આ બધા ભાઈઓ વરસે બે વરસે માંડ ઉપલેટા આવે, એ સીવાય કુટુંબભાવના જેવું મેં કદી જોયું નથી. ઉપલેટાના મેમણોમાં થોડાં વરસો પહેલાં સુધી એવો રીવાજ હતો કે દીકરો એકલો કમાવા બહારગામ જાય, એની પત્ની અને બાળકો ઉપલેટામાં હોય. ધીમે ધીમે એ રીવાજ નાબુદ થયો.

મારા બધા ભાઈઓએ પોતપોતાના કુટુંબને નોકરીના સ્થળે બોલાવી લીધું. પછી એમનું ઉપલેટા આવવા–જવાનું ઓછું થઈ ગયું. નાનોભાઈ વીમા કંપનીમાં જોડાયો. એની પણ બદલી બહારગામ થતી રહી. આજે એ બેંગ્લોર રહે છે. મારાં બા દોઢ વરસ પહેલાં ગુજરી ગયાં. મારો નાનોભાઈ બે વરસ પહેલાં સુધી રાજકોટ હતો. પાંચ વરસ પહેલાં હું અકસ્માતે પડી ગયો. છતાં મેં મારાં બાને છેક સુધી સાચવ્યાં. મારો નાનો ભાઈ અને હું વારાફરતી બાને સાચવતા. મેં કદી યાદ નથી રાખ્યું કે મારાં બા એ કદી મને માની મમતા આપી નથી. મારા ઘરમાં ચારે બાજુ ફીલ્મોની રેકોર્ડ, કેસેટો અને પુસ્તકો જ પડ્યાં હોય. એમને એ કદી ગમે નહીં. એક વખત હું વીદેશ હતો, ત્યારે મારી પત્નીને તેણે કહ્યું કે, ‘આ બધું તું ભંગારમાં વેચી નાખ, આ બધા પાપના ધંધા છે. યાસીન આવશે તો થોડા દીવસ ખીજાશે, પછી બેસી જશે.’ મેં એમને સમજવ્યાં કે, ‘તમે ધર્મના

નામે જે વાત કરો છો તે એવી નથી. ઈસ્લામમાં મુર્તી–પુજાની મનાઈ છે. એનો અર્થ આ નથી. તમે હજયાત્રાએ ગયાં ત્યારે પાસપોર્ટમાં તમારો ફોટો નહોતો લગાવવો પડયો?' પણ એમનું વ્યકતીત્વ આવી તાર્કીક દલીલોથી પર હતું.

હું આજીવન શીક્ષક અને અધ્યાપક રહ્યો છું. પત્રકારત્વના અધ્યાપક તરીકેની કારકીર્દીમાં મેં સેંકડો પત્રકારો તૈયાર કર્યા છે. આ બધા વીદ્યાર્થીઓએ મને હંમેશાં ભરપુર પ્રેમ અને આદર આપ્યાં છે. એ જ રીતે મારાં હજારો વાચકોએ પણ મને પત્રો અને ફોન દ્વારા અપાર પ્રેમ કર્યો છે, જે મને કુટુંબમાંથી ન મળ્યો એના કરતાં અનેક ગણો બહારની દુનીયામાંથી મળ્યો. આમ, કુટુંબની સાંકડી વ્યાખ્યામાંથી હું બહાર નીકળી ગયો અને કુટુંબનો અર્થ એ રીતે વીસ્તરતો ગયો. મારું સાચું કુટુંબ આ જ છે. •••

–ડૉ. યાસીન દલાલ

સંપર્ક : 5– સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી, રાજકોટ–360 007
ફોન : (0281)257 5327 ઈ–મેઈલ : nafisa_nd@yahoo.com

('નવચેતન' ઓક્ટોબર–નવેમ્બર, ૨૦૦૬માંથી અને 'નયામાર્ગ' ૧ જાન્યુઆરી ૨૦૦૭ના અંકના પાન નં ૨૦ ઉપરથી સાભાર....)

@

091 : 04-03-2007

# ‘હું બાલુભાઈ...’

–રોહીત પંડ્યા (અમેરીકા)

અનુક્રમણીકા

તમે બાલુભાઈને પહેલી વાર મળ્યા લગભગ ત્રીસેક વર્ષ પુર્વે. ખરેખર તો તમે જોયા જ હતા; મળ્યા નહોતા. મળવાનું તો પછી થયું. અવારનવાર થયું.

સાંજનો સમય હતો. હોબોકનની એક સાંકડી ગલીમાં, માથામાં બરાબર તેલ નાખી વ્યવસ્થીત વાળ ઓળીને, બુશકોટ–લેંઘામાં સજ્જ થઈને, પગમાં રબરનાં સ્લીપર પહેરીને એક માણસ ફુટપાથની ધાર પર ઉભો હતો. લાગતું’તું કે કોઈની રાહ જોઈ રહ્યો હતો. ઉંચી ડોકે સામેથી આવતી બધી કારને જોઈ રહ્યો હતો. કોઈ કાર ધીમી પડતી લાગે કે તરત જ ફુટપાથની ધાર પરથી નીચે આવીને બે પાર્ક કરેલી કારની વચ્ચે ઉભો રહી જતો. કોઈક ડ્રાઈવર કાર પાર્ક કરવાની ચેષ્ટા કરે તો તે હાથથી આગળ વધવાની સંજ્ઞા કરતો અને તે ના માને તો ‘ધીસ ઈઝ માય પાર્કીંગ’ બોલીને કારની જગ્યાએ ઉભો રહેતો.

એ માણસનું નામ હતું બાલુભાઈ. પછી ખબર પડી કે બાલુભાઈનું તો એ રુટીન હતું અને તેમની પાસે કોઈ કાર પણ

નહોતી. મીત્રને મદદ કરવાના ધર્મે જ્યારે જ્યારે પણ ભીડ પડે ત્યારે મીત્ર માટેનું કારનું પાર્કીંગ બાલુભાઈ સાચવતા. તે દીવસે તો તમે માત્ર જોયા જ હતા, પછી મળવાનું પણ ભાગ્ય પ્રાપ્ત થયું. તેમણે જાતે જ તેમનો પરીચય આપ્યો. ‘હું બાલુભાઈ.’ જે રીતે તેમણે ‘હું બાલુભાઈ...’ કહ્યું કે તે પછી કોઈથી ક્યારેય ‘બાલુ’ બોલી જ શકાયું નથી. કેટલાંક નામો જ એવાં હોય છે કે ‘ભાઈ’ ઉમેર્યા વગર અધુરાં લાગે. બાલુ એમાંનું એક છે.

તમે બાલુભાઈને જોયા, મળ્યા અને પછી લાગ્યું કે તમે પહેલાં પણ આ માણસને મળી ચુક્યા છો. તમારી સાથે જ લગભગ ઉછર્યા. સાથે સાથે જ લખોટી અને ગીલ્લી–દંડા રમ્યા. ગળામાં દફતર ભેરવીને સ્કુલમાં સાથે જ ભણતર લીધું. તમે જ ક્યાંક ગોથું ખાઈ ગયા. બાકી બાલુભાઈ કેમ ભુલાય? બાલુભાઈ તમારી આસપાસ જ હતા. સચરાચર–સર્વવ્યાપી. એ જ બુશકોટ–લેંઘો અને રબરનાં સ્લીપર પહેરીને કારપાર્કીંગ સાચવીને ઉભા રહેલા બાલુભાઈ. ક્યારેક તમે તેમને ઝભ્ભો અને લુંગીમાં પણ જોયા હોય તો ક્યારેક શર્ટ, પૅન્ટ અને શુઝમાં પણ જોયા હોય. જો કે ત્યારે અંદર બીજું પણ પૅન્ટ હોય જ; કારણ કે સેલમાં આવેલું પૅન્ટ તેમની સાઈઝમાં મળે જ નહીં અને સેલ–પ્રાઈઝ એટલી સસ્તી હોય કે લેવાનો લોભ રોકાય નહીં. એટલે બાલુભાઈ મોટી સાઈઝના પૅન્ટ નીચે બીજું રેગ્યુલર સાઈઝનું પૅન્ટ પહેરી લે. શીયાળામાં તો એ વ્યવસ્થા ખુબ કામ

લાગતી. એવું જ શુઝની બાબતમાં. તેમના પગ નાજુક અને નાના. સેલમાં એમની સાઈઝ મળે જ નહીં. શુઝ એટલા તો ગમી જાય કે બાલુભાઈ લઈ જ લે અને પછી બે જાડાં મોજાંની જોડ પહેરી લે અથવા તો ડબલ સખ્તરી નાખી લે.

બાલુભાઈ આમ તો મુળ વડોદરાના; પણ સાચું પુછો તો બાલુભાઈને સ્થળ અને કાળનાં બંધનોમાં બાંધી ન શકાય. તે વડોદરાના પણ હોઈ શકે અને અમદાવાદના પણ, આણંદના હોઈ શકે તો નડીયાદના પણ. તે હોબોકનમાં હોઈ શકે તો એડીસનમાં પણ હોઈ શકે. તમે તેમને પટેલ બ્રધર્સમાં નીરાંતે કાળજીપુર્વક કુણાં ટીંડોળાં વીણતા જોઈ શકો અથવા તો ડાઘ વગરની વાલોર. ગમે તે સ્ટોરમાં, ગમે ત્યારે, કીમ્મત લખેલી હોય તો પણ ભાવતાલની રકઝક કરતા જોઈ શકો. તે જ્યારે કારનું પાર્કીંગ સાચવતા ન હોય ત્યારે તમે તેમને મંદીરમાં જોઈ શકો, મુરારીબાપુની રામકથામાં કે રમેશભાઈની ભાગવત સપ્તાહમાં જોઈ શકો. બાલુભાઈ અત્યંત ધાર્મીક અને ગીતામાં વર્ણવેલ સ્થીતપ્રજ્ઞ. હજી સુધી કમ્પ્યુટરને તેમણે હાથ સુધ્ધાં લગાડ્યો નથી. ક્યાંક આંકડાઓની વાત આવે તો તરત વેઢા ગણવા માંડે. હજી પણ ‘ગુજરાત સમાચાર’ નીયમીત વાંચે છે અને સાંજે જમીને આંટો મારવા નીકળે ત્યારે ગલોફામાં માણેકચંદ ભરીને પાડોશના કૅન્ડી સ્ટોરમાં જઈને અડધો કલાક તડાકા મારી આવે છે. દુનીયા આખી દોડતી હોય અને

બાલુભાઈને જુઓ તો કારનું પાર્કીંગ સાચવીને ઉભા હોય. 'લાઈફમાં બહુ મગજમારી ન જોઈએ.' તમને એ વાક્યનો અર્થ ક્યારેય સમજાયો નથી અને તેથી જ એમાં કોઈક ગુઢ રહસ્ય છુપાયું હશે એવું તમે માનો છો.

બાલુભાઈને તમે ભોંયતળીયાના માણસ કહી શકો. હજી આજે પણ બેઝમેન્ટમાં રહે છે પત્ની સાથે. બાળકો બેઝમેન્ટમાં જ જનમ્યાં, ઉછર્યાં, મોટાં થયાં, પરણી ગયાં, પોતાનું ઘર વસાવ્યું; પણ બાલુભાઈ ત્યાંના ત્યાં જ. એવું નથી કે એમને કશી ઈચ્છાઓ નથી, કશી મહેચ્છાઓ નથી. બાકી નાની નાની ઈચ્છાઓમાં, નાનાં નાનાં સુખોમાં એ રાચતા અને સંતોષ એ જ સાચું ધન માની જીવતા. અઠવાડીયામાં બે–ત્રણ હીન્દી ફીલ્મો જોવાની. એક વાર પીઝા અને એક વાર પાણીપુરી ખાવાનાં તે ખાવાનાં જ અને તે પણ ઘરે જ. બહારનો પીઝા તેમને ન ભાવે. ગળામાં ડચુરો બાઝે અને પાણીપુરીનું પાણી તો તેમની પત્નીના હાથનું જ ભાવે. ક્યારેક બહુ ખુશ થઈ જાય તો બોલી નાખે, 'ચાલ, આપણે પાણીપુરીનો ખુમચો ખોલી નાખીએ.' બસ એટલું જ, પછી કંઈ નહીં. 'લાઈફમાં બહુ મગજમારી નહીં જોઈએ.' અને એટલે જ કોઈક રેસ્ટોરાંમાં અચાનક–અકસ્માતે પણ તેમનો ભેટો તો થાય જ નહીં. ક્યારેય કોઈ મેળાવડામાં, ઉજવણીમાં, ઉત્સવમાં ક્યાંય તમને બાલુભાઈ ન મળે. ભીડથી એ દુર ભાગે છે અને એટલે જ ત્રીસ વર્ષ પહેલાં તમે જે બાલુભાઈને જોયા

હતા એ આજે પણ એવા ને એવા જ લાગે છે. જળકમળવત્ જીવ્યે જાય છે, ટેફલોનનું કવચ ધારણ કરીને.

આજથી લગભગ ત્રીસેક વરસ પહેલાં બાલુભાઈ પોતાનું ગામ છોડીને અમેરીકા આવ્યા ત્યારે ડૉલરનો ભાવ પાંચ રુપીયા હતો અને ત્યારે તેમણે નક્કી કર્યું હતું કે પાંચેક વરસ રહીને તનતોડ મહેનત કરીને લાખ–બે લાખ રુપીયા બનાવીને પાછા ઈન્ડીયા જતા રહેવું. અમેરીકામાં તેમને અલીબાબાની ગુફા મળી ગઈ. ‘ખુલ જા સીમ સીમ’ની સાથે ગુફા ખુલી ગઈ. ડૉલરનો ભાવ હવે આજે લગભગ ૪૫ રુપીયા થઈ ગયો. લાખ–બે લાખ નહીં; પણ લાખ્ખો રુપીયા બચાવ્યા છે. ગુફાનો દરવાજો બંધ છે. બાલુભાઈ મંત્ર ભુલી ગયા છે અને ગુફાનો દરવાજો ખુલતો નથી.

–રોહીત પંડ્યા (અમેરીકા)

બે દાયકાથી, પેન્સીલવેનીયા–અમેરીકાથી પ્રકાશીત થતા ભાઈ કીશોર દેસાઈના ત્રૈમાસીક ‘ગુર્જરીડાયજેસ્ટ’ના જુલાઈ–૨૦૦૪ના અંકમાંથી સાભાર....

સંપર્ક : rohitpandya@hotmail.com

@

092 : 11-03-2007

# મને ન પોષાય

–ચન્દ્રકાન્ત ટોપીવાળા

અનુક્રમણીકા

કોઈ મને પુછે કે મહાભારતના પાંચ પાંડવોમાંથી તમને કોણ વધુ ગમે છે, તો મારો જવાબ આ છે : યુધીષ્ઠીર સત્યવાદી છે; પરંતુ સત્ય હમેશાં શંકાના ઘેરામાં હોય છે. ભીમ બળવાન છે; પણ એનું બળ અમાનુષ અને ક્યારેક બીભત્સ રહ્યું છે. અર્જુન બાણાવળી છે; પરંતુ ‘કાબે અર્જુન લુંટીયો’ એટલે કે કૃષ્ણ વીના અર્જુનની કોઈ વીસાત નથી! સહદેવ અતીજ્ઞાની છે; પરંતુ કોઈને કશું કહેતો નથી અને કોઈ એને પુછતું નથી. હા, વરણાગીયો મને ગમે છે. પ્રેમાનંદે ‘નળાખ્યાન’માં યુધીષ્ઠીરને મુખે એનું ચીત્ર દાર્યું છે :

‘પ્રાત: સામગ્રી નકુળ પાસે કદાચ જોઉં માંગી,
એક પ્રહરની વાર લગાડે, એટલી કરે વરણાગી!’

–બસ, નકુળની જેમ જ મને પણ ટાપટીપ કરવાનું, તૈયાર થવાનું ગમે. જેવો હું સ્વાદીયો છું, તેવો હું વરણાગીયો પણ છું. I enjoy wearing clothes, as I enjoy eating foods. વીજ્ઞાનના વીષયમાં સારા ગુણ હોવા છતાં; મેં તબીબ થવાનું ન સ્વીકાર્યું, અર્થશાસ્ત્રમાં લીલયા ગતી હતી; તો પણ અર્થશાસ્ત્રી

થવાનું ન સ્વીકાર્યું, હું પ્રૉફેસર થયો. હું પ્રૉફેસર થયો ત્યારે આજના જેવું નહોતું. ત્યારે પ્રૉફેસર હોવાનો એક મોભો હતો. મુંબઈની સેન્ટ ઝેવીયર્સમાં અભ્યાસ કરતાં કરતાં અંગ્રેજીના પ્રૉફેસર્સ કૉલાસો અને મેન્ડોઝા, તર્કશાસ્ત્રના પ્રૉ. આગીયાર, ગુજરાતીના પ્રૉફેસર મનસુખલાલ ઝવેરી અને સંસ્કૃતના પ્રૉ. ઝાલા સુધ્ધાં સુટબુટ અને ટાઈમાં સજ્જ નજર સામે રહેતા. એ જ કારણે પોરબંદરમાં સુટબુટ અને ટાઈ સાથે કારકીર્દીની શરુઆત કરેલી, તે ત્યાં સુધી કે વીદ્યાર્થીઓ ફીશપોન્ડમાં મારી ટાઈને ક્યારેક ને ક્યારેક હડફેટે લેતા. એ જુદી વાત છે કે કેટલાક પોતે પ્રસ્તુતીયોગ્ય (Presentable)બની પોતાના વક્તવ્યને પ્રસ્તુતીયોગ્ય ન બનાવતા હોય.

હમણાં એક પરીસંવાદમાં મારી સાથેના યુવાવક્તા અધ્યાપકે મને પુછી લીધું, ‘તમે ટાઈ કેમ પહેરો છો?’ મેં કહ્યું, ‘મને પોતાને વીશ્વાસનો અનુભવ થતો રહે એ માટે.’ આ સાચી વાત છે. કહેવાય છે ને: ‘હજાર નુર કપડાં.’ હું જ્યારે લેંઘો–ઝભ્ભો પહેરું છું ત્યારે જાણે પાણીથી પાતળો હોઉં એવું કોણ જાણે કેમ લાગ્યા કરે છે. લાગે કે હું ઝીરોનો બલ્બ છું અને સુટબુટમાં હોઉં ત્યારે બરાબર ચારે બાજુથી બંધાયેલો, સચવાયેલો, વીશ્વાસથી તગતગતો હું મને લાગું છું. લાગે કે હું હજારનો બલ્બ છું! વસ્ત્રો એ મારે માટે વસ્ત્રો નથી; પણ મારી

બીજી ત્વચા (Second Skin) છે. મારી ચેતના અને વસ્ત્રોની ચેતના, કહોને કે એકાકાર હોય છે.

પાબ્લો નેરુદાએ એની કવીતા ‘વસ્ત્રો અંગેનું ગાન’(Ode to the clothes)માં આ જ કારણે વસ્ત્રોને સંબોધીને કહ્યું છે કે, ‘તમારી ચેતના મારી ચેતનાની છબીને વીસ્તારે છે. તમે મોજાંની જેમ ઉપસો છો, પવનમાં ફરફરો છો, જાણે કે તમે મારી ચેતના હો! અને મારી કપરી ક્ષણોમાં તમે મને હાડોહાડ ચીપકીને રહો છો.’

અલબત્ત, આમ છતાં; સુટબુટ અને ટાઈ પહેરવાની પણ ઋતુ હોય છે. હું જાત પર જુલમ નથી કરતો અને સામે વસ્ત્રો પર પણ જુલમ નથી કરતો. ટાઈ શીયાળે જ ભલી. બીજી ઋતુઓમાં હું પેન્ટ– શર્ટથી રોળવી લઉં છું. એમ તો મારા કપડાંના કબાટમાં ત્રણ ઋતુની ત્રણ જુદી જુદી થપ્પીઓ છે. શીયાળામાં પહેરવાનાં લાંબી બાંયનાં શર્ટ. ઉનાળામાં પણ ટુંકી બાંયનાં શર્ટ (અમદાવાદમાં ૧૦૦ માણસે ૮૦ માણસો ઉનાળામાં પણ લાંબી બાંયનાં શર્ટ જ પહેરે છે, આશ્ચર્ય!) અને ચોમાસામાં પછીનાં વર્ષોમાં કાઢી નાખવામાં આવનાર ઘસાયેલાં પેન્ટ–શર્ટ.

જર્મન કવી રીલ્કેની માતાએ પુત્રીની ઝંખનામાં રીલ્કેને ફ્રોક પહેરાવેલાં, એવું જ્યારે વાંચેલું ત્યારે મારી વસ્ત્ર અંગેની પહેલી સ્મૃતી પણ એવી જ કોઈ વીગત આગળ જઈને અટકેલી.

ત્રણ–સાડા ત્રણ વર્ષનો હોઈશ, માથે બાબરી ઉતરાવ્યા વીનાના લાંબા વાળની બે બાજુ ગુંથેલી બે સેર, પગમાં ઝાંઝરી અને સફેદ ફ્રોકની બુટ્ટાદાર કીનારી–બધું આછું આછું મનમાં હજી પણ ઉપસી આવે છે. એ જ હશે કદાચ મારા વસ્ત્રપ્રેમનો સ્રોત, મૃત્યુ વળી મને શું નવાં વસ્ત્રો પહેરાવતું'તું– હું સદા પ્રેમથી નવાં ને નવાં વસ્ત્રો ધારણ કરતો રહ્યો છું.

મારી વાત જવા દો. હું સારાં કપડાં પહેરું એ તો મને ગમે જ. પણ સામેનું પણ કોક સરસ કપડાં પહેરીને સુઘડ બની મારી સામે આવે, ત્યારે પણ મને રાજીપો થાય છે. કોઈએ જુદા પ્રકારનું પહેરેલું પેન્ટ, કોઈએ જુદી ભાતનું પહેરેલું શર્ટ, કોઈએ આકર્ષક રીતે બાંધેલી ટાઈ, તરત મારી આંખે ઉડીને વળગે છે. હું એની પ્રશંસા કર્યા વીના રહી શકતો નથી. અન્નની જેમ જ વસ્ત્ર પણ કોઈની અંદર પ્રવેશ મેળવવાનું ઉત્તમ સાધન છે.

વીચારો, સાહીત્યક્ષેત્રે નાટ્યપ્રકારમાં કે કથાપ્રકારમાં પાત્રોને રમતાં મુકતી વેળાએ સાહીત્યકાર એમનાં વસ્ત્રોથી પાત્રોને પ્રવેશ કરાવે છે; એટલું જ નહીં એમનાં વસ્ત્રોથી પાત્રોમાં પ્રવેશ કરાવે છે. ગોવર્ધનરામ ત્રીપાઠીએ 'સરસ્વતીચન્દ્ર'ના પહેલા પ્રકરણ 'સુવર્ણપુરનો અતીથી'માં સરસ્વતીચન્દ્રને વહાણમાંથી ઉતરતો બતાવ્યો છે. એનાં વસ્ત્રનું વર્ણન સરસ્વતીચન્દ્રને નવલકથાપ્રવેશ તો કરાવે જ છે; સરસ્વતીચન્દ્રના મનમાં પણ પ્રવેશ કરાવે છે. ગોવર્ધનરામ

વસ્ત્ર અંગે એક જ વાક્ય લખે છે : ‘તેનાં વસ્ત્ર પર ઉજાસ નહોતો.’ સરસ્વતીચન્દ્ર પ્રવાસમાં હોવાથી વસ્ત્ર મેલાં હશે એટલે ઉજાસ નહોતો એવું કહેવું બરાબર છે; પણ આ ‘ઉજાસ નહોતો’ જેવો વાક્યખંડ વ્યંગ્યને રસ્તે છેક સરસ્વતીચન્દ્રના ઝાંખા અંદરના ઉદાસ મન સુધી આપણને પહોંચાડે છે. કથાસાહીત્યમાં અન્ન કે વાનગીઓ પાત્રોને વીવીધ રીતે સાંકળે છે. તેમ વસ્ત્રો પણ પાત્રોને વીવીધ રીતે અભીવ્યક્તી આપીને સાંકળે છે. નવલકથાનું કોઈ વર્ણન, નાટકનું કોઈ દૃશ્ય કે ચલચીત્રની કોઈ ઝલક એક જ ક્ષણમાં વસ્ત્રોને કારણે પુરાકાલીક, ઐતીહાસીક, પુર્વકાલીક, સમકાલીક કે અનુકાલીક કાળ સાથે તમને ત્યાં ત્યાં સાંકળી દે છે. અરે! વસ્ત્ર સાથે તો નરદમ કાળ ચોંટેલો હોય છે!

–ચન્દ્રકાન્ત ટોપીવાળા

સંપર્ક : ડી–6, પુર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ–380 015

ફોન : (079) 2630 1721

@

093:18-03-2007

# ગઝલ મહેફીલ

–ભગવતીકુમાર શર્મા

અનુક્રમણીકા

.1.

## શ્લોક છું

વાલ્મીકીના હૃદયમાં સ્ફુરેલો શોક છું;
કીન્તુ ન જે રચાઈ શક્યો એવો શ્લોક છું.

છલકાયા જે કરે છે તે આનન્દલોક છું;
ડુમામાં જે દબાય છે તે મૃત્યુપોક છું.

એકાકી છું હું ક્રૌંચની તુટેલી જોડ શો;
સન્દર્ભ છે વ્યથાનો, ત્યાં થોકેથોક છું.

જગ્યા નથી રહી કે કબુતર ચણી શકે;
પરસેવે રેબઝેબ નગરનો હું ચોક છું .

છે પક્ષપાત લાગણી, તારા તરફ મને ;
બીસતંતુનો તળાવ તરફનો હું ઝોક છું.

.2.

## ગણવેશમાં નથી

સમ્રાટમાં નથી અને દરવેશમાં નથી ;
મારી મનુષ્યતા કોઈ ગણવેશમાં નથી.
કોઈ રાગમાં નથી કે કશા દ્વેષમાં નથી;
આ લોહી છે કે બર્ફ?–જે આવેશમાં નથી.

હું શબ્દમા જીવું છું, ફક્ત શ્લેષમાં નથી;
જો કે હું અર્થના કોઈ આશ્લેષમાં નથી.

ભણકાતા મારા મુત્યુની ચીંતા નહીં કરો;
મુળથી જ જીવવાની હું ઝુંબેશમાં નથી .

કીંચીત્ હતી, ક્યારેક છે ને શુન્ય પણ થશે;
મારી તરલ હયાતી જે હંમેશમાં નથી .

બે શબ્દ પ્રાર્થનાના કહી ચુપ થઈ ગયો;
આર્જવમાં છે જે બળ, કદી આદેશમાં નથી.

.3.

## માણસની ગઝલ

અમે આંધી વચ્ચે તણખલાંના માણસ;
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ.

ફટાણાંના માણસ, મરશીયાંના માણસ;
અમે વારસાગત સમસ્યાના માણસ.

‘કદી’થી ‘સદી’ની અનીદ્રાના માણસ;
પ્રભાતોની શાશ્વત પ્રતીક્ષાના માણસ.

અમે અમને મળવાને ઝુરતા જ રહીએ;
સડકવન્ત ઝીબ્રાતા ટોળાના માણસ.

શીખર? ખીણ? ધુમ્મસ? સુરજ? કે કશું નૈ?
‘ટુ બી–નૉટ ટુ બી’ની ‘હા–ના’ના માણસ.

ભરત કોઈ ગુંથતું રહે મોરલાનું;
અમે ટચ્ચ ટુંપાતા ટહુકાના માણસ.

મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે;
હતા આપણે મુળ તડકાના માણસ.

.4.

## નદીકીનારાની ભેખડ છું

અશબ્દ વાવ છું–પડઘાથી ગુંગળાઈ જઈશ;
ખમો હે વર્તુળો, પથ્થરથી હું ઘવાઈ જઈશ.

કરો મને ન તમે આજ સીન્દુરી થાપા;
હું પાળીયો છું, પછી ધુળથી છવાઈ જઈશ.
નથી હું રાતનો ઓથાર કે બહુ પીડું;
પ્રભાતકાળનું સ્વપ્નું છું હું, ભુલાઈ જઈશ.

હું ચૈત્ર છું, મને ઝંખો નહીં અષાઢરુપે;
ગગનથી નીચે વરસતાંમાં હું સુકાઈ જઈશ.

લખું છું નામ તમારું હથેળીમાં આજે,
ને હીમડંખથી, સંભવ છે, હું ગળાઈ જઈશ .

સમયના જળનો આ જન્માન્તરો જુનો ભરડો ;
નદીકીનારાની ભેખડ છું હું – ઘસાઈ જઈશ.

.5.

## વાવડ

અમે સમયના સફેદ બરડે લીલાચટ્ટક સોળ સડાસડ;
લોહીનો એક ન ટશીયો ફુટે, ત્વચા ચીરાતી જાય પડેપડ
મન્દાક્રાન્તા શો પગરવ આ યતીભંગ સહી ખોડંગાતો;
વસન્તતીલકા–ઉપજાતીનો બાગ હવે તો અબોલ, ઉજ્જડ!

અક્ષરનો અપરાધ કરીને કાગળ–પત્તર લખવા બેઠા;
ભીને લુગડે વાંચી લઈશું; અમને પ્હોંચ્યા નીજના વાવડ.
શ્વાસ ખુટયા ને હાથથી સઘળાં હથીયારો પણ ગયાં વછુટી;
તોય યુદ્ધનો અંત નથી અહીં; વઢાય માથું છતાં લડે ધડ.
અમે નીરાંતે બેઠા આજે એક તુટેલી ભીંતને ટેકે;
તમે અમારી નીકટ, જુદાઈ હવે આપણી સાવ અડોઅડ.

દુકાળના આ દીવસ દોહ્યલા; તળાવ–કુવા–વાવ ગળાવો;
વીજોગટાણે પાણી જોઈ કોરી આંખો બળશે ભડભડ.

અરગટ પરગટ અંધારામાં પરોઢની પાંપણ પર સપનું;
ઝુમ્મર ફુટી ગયાં ફડોફડ, તારા તુટી પડ્યા તડોતડ.

.6.

# ફ્લેટમાં

અમુક સ્ક્વેરફીટની કબર ફ્લેટમાં;
હું લાગુ છું મુજને જ પર ફ્લેટમાં.

હવે શ્વાસ તો સાવ સુક્કા ડીબાંગ;
છે વાતાનુકુલીત લહર ફ્લેટમાં.

ઝરુખે ઝુરે વંધ્ય કુંડાની વેલ;
–નખર પાનખર પાનખર ફ્લેટમાં.

બહુ સાંજ વ્હેલી ઢળે છે અહીં;
ન પામું સુરજની ટશર ફ્લેટમાં.

ટી.વી., ફોન, ડેકોર, સોફા–કવર ;
બન્યો છું હું ઈન્ટીરીયર ફ્લેટમાં.

હલો–હાઈ–એક્સ્ક્યુઝ મી– થેંક્સે લૉટ;
છે શબ્દોનું પોકળ નગર ફ્લેટમાં.

કવીના કાવ્યસંગ્રહ ‘છન્દો છે પાંદડાં જેનાં’ (પ્રકાશક : આદર્શ પ્રકાશન, ગાંધી માર્ગ, બાલા હનુમાન સામે, અમદાવાદ–380 001 : પુનર્મુદ્રણ–૨003 : રુપીયા–૬૦)માંથી સાભાર..

સંપર્ક :

ભગવતીકુમાર શર્મા,

32–B પવીત્રા રો હાઉસ, ગેટ નં–2, આનંદ મહેલ રોડ,

અડાજણ, સુરત–395009

ફોન : – (0261) 274 3967

@

094 : 25-03-2007

# નમુનેદાર બેસણું

–જગદીશ શાહ

અનુક્રમણીકા

ગયે મહીને મુંબઈમાં એક વીશીષ્ટ પ્રકારનું બેસણું થયાના સમાચાર છાપાના એક ખુણેથી વંચાઈ ગયા. ખરેખર મારા જેવો તંત્રી હોત તો તો આ લબાડ રાજકારણીઓના વાણી–વીલાસને બદલે આ ક્રાંતીકારી સમાચારને પહેલે પાને આકર્ષક મથાળું બાંધીને આપત.

પાકટ વયે એક રસીક બહેન ગુજરી ગયાં. તેમને ફુલનાં કુંડાંનો, જુની ફીલ્મોનાં ગીતોનો અને વીવીધ વાનગીઓ બનાવી જમવા–જમાડવાનો શોખ. તેમના મૃત્યુ પછી તેમના, તેવા જ રસીક અને ક્રાંતીકારી પતીએ વીશીષ્ટ પ્રકારનું બેસણું રાખ્યું.

બેસણાના સ્થળે પહોંચવાના રસ્તાની બન્ને બાજુ ફુલનાં કુંડાંઓની હારમાળા કરવામાં આવી હતી. ભજનોની કેસટ કે ભજનીકોની ભજન–સંધ્યાને બદલે જુની ફીલ્મોનાં ગીતોની કેસેટ વાગતી હતી. ત્યાં બોર્ડ મુકવામાં આવેલું હતું કે,

‘સ્વર્ગસ્થને ગમતાં ફુલનાં કુંડાં અને વીસરાતા સુરને માણ્યા પછી તેમને ગમતી વાનગીનો આસ્વાદ કરીને જશો તો સદ્ગતના આત્માને શાંતી મળશે.’

હા જી, બેસણામાં ભોજન! અને ફીલ્મીગીતો! આ સમાચારથી હું તો અત્યંત પ્રસન્ન થઈ ગયો! વાચક છાતી ઉપર હાથ મુકીને કહે કે બેસણામાં જવાનું થાય છે ત્યારે શી લાગણી થાય છે? સફેદ કપડાં પહેરીને, સોગીયું મોં રાખીને (અને વળી કેટલાંક ભાઈ–બહેનો તો તે માટેનો મેકઅપ બ્યુટી પાર્લરમાં કરાવીને) જવાનું, ત્યાં મુકેલ ફુલો કે પાંખડીઓ લઈ મૃત શરીરના ફોટાને ચડાવવાનાં અને એક ખુણે બેસી શાંત–પરલોકને યાદ કરાવે તેવું ભક્તીસંગીત સાંભળવાનું. સતત પ્રવૃત્તીમાં રહેનારને તો ૧૦–૧૫ મીનીટ મુગા બેસી રહેવાનું મુશ્કેલ હોય છે; તેથી આ પ્રસંગેય બાજુની વ્યક્તી સાથે વાત કર્યા વગર રહેવાતું નથી. પતી–પત્ની સાથે ગયાં હોય તો, ૫–૭ મીનીટ થઈ ન થઈ અને એક બીજા સામે જોયા કરે. ક્યારે ઉઠે ને અહીંથી વીદાય થઈએ. હાથ જોડીને ઉભા થઈ રસ્તે પડવાનું. તદ્દન નીર્જીવ, દંભી દેખાડો આવાં બેસણામાં હોય છે.

તેને બદલે સમાચારમાં જણાવ્યા મુજબનું બેસણું નવી ભાત પાડનારું ગણાય. આ ચીલો પાડવા જેવો ખરો. મુંબઈ

જેવા શહેરમાં કે ગામડામાં બે–ચાર કલાક તો જવા–આવવાના થતા હોય, ત્યાં પાણી અને કંઈ ખાવા–પીવાની ચીજ પહોંચતા માણસોએ રાખવી જોઈએ. નહીં તો બેસણામાં જનાર કે નીકળનાર બહાર કાંઈક ને કાંઈક પેટમાં ઓરીને જ જાય છે.

આવી બધી વીધીઓને જીવતી–જીવંત કરવાની જરુર છે. સામાન્ય માણસથી આ નહીં થાય. વીચારકો અને સામાજીક કાર્યકરોએ સમાજને આંચકો આપવા આવા ક્રાંતીકારી ફેરફારો કરવા જોઈએ.

બેસણામાં કરવા જેવો એક સુધારો સુચવું. સદ્ગત વીશે બે શબ્દો લખી શકાય, તે માટે બે–ત્રણ ઠેકાણે પ્રવેશદ્વારે ઉંચાં ટેબલ ઉપર નોટબુક અને પેન રાખવાં જોઈએ. તે સાથે ટપાલપેટી જેવી પેટીઓ પણ રાખી શકાય. ઘરેથી લખીને લાવનાર તેમાં તે નાખી શકે. વળી, મૃત વ્યક્તીની ઓળખાણ સૌને એક સરખી નથી હોતી નથી, તેથી તેમની જીવન–ઝરમર અને શક્ય હોય તો જીવનમાંથી પ્રેરણા લેવા જેવી બાબતો–પ્રસંગોને સમાવતી નાનકડી પુસ્તીકા(ઉપર તેમના ફોટા સાથેની) આપી હોય તો પ્રાસંગીક થાય. સફેદ વસ્ત્રો અને સોગીયાં મોઢાંનીયે જરુર ન ગણાય.

અલબત્ત, બેસણું કરવું એ જરુરી ન લેખાવું જોઈએ. જેમ સમારંભો–સંમેલનોમાં ‘રુબરુ ન આવી શકો તો સંદેશો મોકલી આપશો’ એવું લખાણ ઘણા કરે છે તેમ; બેસણાની જાહેરાતમાં જ ‘રુબરુ આવવાની પ્રતીકુળતા હોય તો આપનો સહાનુભુતીપત્ર મોકલી આપશો’ એવું તા.ક.માં છાપી શકાય.

બેસણામાં આવનાર અને આવી ન શકાતાં સંદેશો મોકલી આપનાર સૌને મૃત વ્યક્તીને ગમતી કોઈ એક કે અનેક ચોપડીઓ પૈકીની એક–એક ચોપડી ભેટ આપી–મોકલી શકાય. તેમાં ચારેક પાનાં ફોટા અને જીવનઝરમરનાં ચોંટાડી શકાય.

આની સાથે મરવાના અયોજનનુંયે વીચારવા જેવું છે. નામ તેનો નાશ નીશ્ચીત છે. સૌને વહેલા–મોડા આ દેહ છોડીને જવાનું જ છે. એટલે શાણા માણસો મરતાં પહેલાં વસીયતનામું કરી નોંધાવી રાખે છે. આ વસીયતનામું મોટે ભાગે સ્થાવર જંગમ મીલકતોની વહેચણીનું જ હોય છે. આ અંગેય વીચારવા જેવું છે. માનવ–જીવનમાં માત્ર અર્થનો જ પુરુષાર્થ કરવાનો નથી. ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ કરવાના હોય છે. એ ચાર પૈકી પોતે શું શું કર્યું અને શું શું કરવાનું બાકી છે, તેનું ચીંતન સાઠીમાં આવ્યા પછી દરેકનું થવું જોઈએ. સાઠી એટલે ઓગણસાઠથી અડસઠ વરસ—એવી મારી સમજ છે.

સાઠીમાં પ્રવેશતાં આ ચીંતન શરુ થાય ને નવ વરસમાં તેનું સુરેખ આયોજન થઈ જાય. સામાન્ય રીતે સીત્તેર ટકા લોકો સાઠીમાં દેહમુક્ત થઈ જાય છે.

સાઠીમાં પ્રવેશ્યા પછી અર્થ અને કામનો પુરુષાર્થ સમેટી લેવો ઘટે. ધર્મ અને મોક્ષનો પુરુષાર્થ બેવડા જોરથી શરુ થવો જોઈએ. ધર્મ એટલે મંદીરે જવું, ઘરમાં પાઠ–પુજા કરવાં, જાત્રાએ જવું કે કથાવાર્તા સાંભળવા જવું કે ઘરમાં તેવું વાંચવું એટલા પુરતો મર્યાદીત અર્થ ન ઘટાવવો. ‘આત્મા જ અમર છે ને દેહ નાશવંત છે. આત્મા પરમાત્માનો અંશ છે. સૌમાં આત્મા છે, જેમ મારામાં આત્મા છે, એ રીતે સૌ પરમાત્માના અંશો છે.’– આવી ભાવના પ્રબળ રીતે ઘુંટવી, વ્યવહારમાં જાગૃતીપુર્વક આચરવી. એટલે લોહીની સગાઈ નથી તેવાં સગાં–પડોશી–મીત્રો કે તદ્દન અજાણ્યામાંયે પરમાત્માનો અંશ છે, તે સૌ આપણાં જ છે, એવી ભાવના કેળવવી અને તે નોકર–ચાકર–મજુર સુધી પહોંચાડવી. વાણીને પણ તેને અનુરુપ કેળવવી. ધન હોય તો બને ત્યાં સુધી સદ્કાર્યમાં તેનો વ્યય કરવો. અત્યાર સુધી પુત્રો– પૌત્ર–પૌત્રીઓ માટે મીઠાઈ–રમકડાં–પુસ્તકો લાવતાં હવે તેનું વર્તુળ વીસ્તારવું. મોંઘી ચીજો નહીં તો સીંગચણાયે વહેંચી શકાય. નજીકનું બાલમંદીર, ગરીબ અને પછાત બાળકોનાં છાત્રાલય, ગરીબોની ઝુંપડપટ્ટી કે વાસ સુધી

તે પહોંચાડવાનો પુરુષાર્થ કરવો જોઈએ. દાદા કે બા કોનાં? તો સૌ કહે, 'આપણાં', એવો રણકો ચોમેરથી સાંભળવા મળે તો આપણો પ્રયત્ન ફળ્યો. કોઈ માંદું આપણા થકી દવા– સારવાર પામે, કોઈ ગરીબ વીદ્યાર્થી પુસ્તકો, નોટ, ફી કે શીષ્યવૃત્તી પામે, વાર–તહેવારે ભુખ્યાઓ ભોજન પામે એવું આયોજન કરવું જોઈએ

જીવતાં જે કંઈ થયું તે જ સાચું, વીલમાં લખેલું પરમાર્થમાંનું કામ, આપણા જેટલી જ લગનથી, તીવ્રતાથી આપણા વારસદારો કરવાના નથી, નથી ને નથી જ– એ વાસ્તવીકતા સ્વીકારી લેવી જોઈએ.

વૃદ્ધાવસ્થા પછી દેહને જવા માટે કોઈ બહાનું તો જોઈએ જ, તેથી કોઈક ને કોઈક વ્યાધી આવે તેમ બને. સાઠી વટાવી દીધી હોય, કરવાનું કામ કોઈ બાકી ન હોય, ધંધો–વ્યવસાય પુત્રોએ સંભાળી લીધો હોય તો પછી આ દેહને ટકાવી રાખવાના નાહક ઉધામા ન કરવા જોઈએ. હૉસ્પીટલમાં દાખલ કરવાનું, વાઢકાપ કરવાનું, શરીરને ખેંચાવા ઓકસીજન કે ગ્લુકોઝના બાટલા ચડાવવા, આઈ.સી.યુ.માં દાખલ કરવા વગેરેની પળોજણ મોત બગાડનારી છે. પુત્રો અને વારસદારોનો નાહકનો ખર્ચ અને દોડધામ બચાવવાં જોઈએ. શાંતીથી સદ્ચીંતન

કરતાં આહાર ઓછો કરતા જવું જોઈએ. જીન્દગીભર જાતજાતનું ખાધું–પીધું છે. હવે તેમાંથી મનને વાળી લેવું જોઈએ. સગાં–વહાલાંઓએ પણ દુનીયાદારી ના ડરથી હૉસ્પીટલ–દાક્તરો–દવાઓ દોડાદોડી ન કરવી જોઈએ.

છેલ્લું આયોજન દેહના વીસર્જનનું છે. ભાગ્યે જ કોઈ તેનું આયોજન કરે છે. હમણાં મૃત વ્યક્તીનું નેત્રદાન પ્રચલીત થતું જાય છે. રડ્યોખડ્યો કોઈ દેહદાન પણ કરે છે. ખરેખર, આ બાબત જેટલું ઉંડાણથી વીચારવું જોઈએ તેટલું વીચારાતું નથી. શબનો નીકાલ સામાન્ય રીતે બાળીને, દાટીને, નદી–દરીયામાં વહેડાવી અને પારસીઓમાં પક્ષીઓને ખોરાક તરીકે આપીને થાય છે. બાળવામાં લાકડું, છાણાં, ગેસ, વીજળીનો ઉપયોગ થાય છે. આજના જમાનામાં પર્યાવરણને પ્રાધાન્ય આપીએ તો મડદાં પાછળ લાકડાં વેડફાવાનું યોગ્ય નથી. આમેય છાણાંનો ઉપયોગ બાળવામાં ન થવો જોઈએ. તેનો ઉપયોગ ખેતરમાં ખાતર માટે જરુરી છે. ગેસ અને વીજળી પણ મોંઘાં છે. દાટવાનું એક જ જગ્યાએ કરવાથી કબ્રસ્તાનમાં ઘણી જગ્યા રોકાઈ જાય છે. જ્યાં વાડો–ખેતર કે પડતર જમીન હોય ત્યાં મડદાં દાટવાથી વખત જતાં તે માટીમાં એકાકાર થઈ જાય છે. અને તેની ઉપર વૃક્ષ પણ વાવી શકાય તો એક સ્મરણ રહી શકે છે. પાણીમાં વહેડાવવામાંયે પ્રદુષણ તો થાય જ.

આમ, મૃતદેહના નીકાલ માટે જમીનમાં દાટીને ઉપર વૃક્ષ વાવવાનો વીકલ્પ સારો છે. હા, મૅડીકલ કૉલેજના વીદ્યાર્થીઓને ભણાવવામાં કે શરીરનાં ઉપયોગી અવયવોનો ફેર ઉપયોગ કોઈ જરુરીયાતવાળાને માટે થતો હોય તો દેહ–દાન કરવું ખોટું નથી; પણ તે સર્વજન માટે સુલભ નથી.

આમ, જીવન જીવતાં સૌને ખપમાં આવવું ને કોઈને નડવું નહીં તથા જીવનની સમાપ્તી પછી મૃતદેહ પણ કોઈને નડે નહીં, તે નીમીત્તે સૃષ્ટીની સંપત્તી વેડફાય નહીં એવું ચીંતન જરુરી છે.

મરનારને વરસોવરસ યાદ કરી છાપામાં તેમના ફોટા છાપવાનો કુરીવાજ હમણાં હમણાં વ્યાપક થતો જાય છે. આવો દેખાડો શાનો? પૈસા ખર્ચીને છાપામાં દર વરસે યાદ કરવાની શી જરુર? આવું જો બધાં જ દર વર્ષ કરવા માંડે તો છાપામાં વાંચવાના કોઈ સમાચાર કે લેખની જગ્યા જ ન બચે! અથવા તો અનેક પાનાંઓનું છાપું નીકળે ને કાગળનો નર્યો વેડફાટ જ થાય. કાગળ પણ વાંસ અને વનસ્પતીમાંથી બને છે. એટલે વનોનું નીકંદન નીકળી જાય. મરનારના ગુણો સ્મરીને આપણું જીવન સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ દર વર્ષે ઘરના કુટુંબીજનો ભેળા મળી કરી શકે–જો બહુ લાગણી હોય તો. કેટલીક વાર તો મરનારે જીવનભર યેનકેન પ્રકારેણ પૈસો ભેગો કર્યા સીવાય

બીજું કોઈ કામ ન કર્યું હોય; તેવાને દર વરસે છાપે ચડાવી તેમને મનોમાન ગાળો દેવડાવવાની જરુર નથી હોતી. જેણે સેવાનાં, પરમાર્થનાં કાર્યો કર્યાં હશે, તેમને તો દુનીયા આમેય યાદ કરવાની છે જ.

સાઠીમાં પ્રવેશ્યા પછી ‘બુદ્ધી નાઠી’– એવી કહેવતને સાચી ન પાડવાનો પ્રબળ પુરુષાર્થ સૌએ કરવો જોઈએ. ઉલટું, વૃદ્ધની બુદ્ધી અને અનુભવ તો વધે છે. તેનો માત્ર કુટુંબીજનોને જ નહીં; સમાજ સમસ્તને લાભ મળવો જોઈએ. બે કાન પરમાત્માએ આપ્યા છે; પણ જીભ તો એક જ આપી છે! તેનો ખ્યાલ રાખી વૃદ્ધે વાણી ઉપર સંયમ રાખવાથી પરીવારમાં શાંતી રહે છે. હા, પુછનારને તેઓ જરુર જવાબ આપે, સલાહ ન આપે. નાછુટકે જ બોલવાનું રાખે તો વૃદ્ધો અકારા ન થાય. પૌત્ર–પૌત્રીઓ સાથે હળવા–મળવાનું, તેમને વાર્તા કહેવાનું, ફરવા લઈ જવાનું, શાળાએ મુકવા–લેવા જવાનું, તેમની દૈનીક ક્રીયામાં તેની માને(તે ઈચ્છે તેટલું) મદદરુપ થવાનું, શાક લાવી આપવાનું, સમારી આપવાનું, બજારની નાની મોટી ખરીદી કરી લાવવાનું, પુત્રવધુ ચીંધે તે અને તો કરવાનું રાખવાથી વૃદ્ધો ઘરમાં ઉપયોગી થશે. તેઓ પોતાની વયના મીત્રો–સગાંઓ વચ્ચે વધુ હળેમળે ને કાવ્ય, શાસ્ત્ર, વીનોદ કરે

તે સારુ છે; પણ પુત્ર–પુત્રવધુ કે ઘરના અન્યની નીંદા–કુથલીમાં ન પડી જવાય, તેનો ખ્યાલ રાખે તો મરણ સુધરે.

ઘરમાં મર્યાદીત આવક હોય તો વૃદ્ધો પુત્રો પાસે અનાવશ્યક માંગણીઓ કરવાનું ટાળે. 'ઈન્દ્રીયોને સમેટી લેવાની છે' તેવી જાગ્રતી રહે તો તેના ભોગ માટેની સામગ્રી ન ખરીદાવે તો સારું. મનોરંજન–ભોજન ઘરમાં જે કાંઈ પીરસાતું હોય તેમાં ફાવશે–ચાલશે–ગમશે–ભાવશેની વૃત્તીથી ભળી જવાય તો તેનાથી રુડું બીજું કાંઈ નહીં.

અત્યારે સમાજમાં વૃદ્ધોની સંખ્યા વધતી જાય છે. વૃદ્ધાશ્રમો કરવાની પ્રવૃત્તી શરુ થઈ છે; પણ વૃદ્ધાશ્રમ અનીવાર્ય અનીષ્ટ છે એમ માનવું જોઈએ. ઘરમાં–કુટુંબમાં જ વૃદ્ધ રહે ને સૌને ઉપયોગી ને પ્રીય થઈ શકે, તે જ આદર્શ વ્યવસ્થા છે. ગાયને માટે પાંજરાપોળ અને વૃદ્ધ માટે વૃદ્ધાશ્રમ સરખાં છે. હા, જેનો પરીવાર જ ન હોય, તેઓ જરુર વૃદ્ધાશ્રમને નીવાસ બનાવે.

વૃદ્ધાવસ્થા, બીમારી, મરણ, મરણ પછીનું બેસણું અને અન્ય ક્રીયાઓ વીશેનું આ ચીંતન સાઠી પસાર કરનારાં અને

પસાર કરી ગયેલાં વૃદ્ધ વાચક ભાઈ–બહેનોને ખપ લાગશે, તેવી આશા છે. સીનેમાના એક ગીતની કડી અત્રે યાદ આવે છે:

‘જીયો તો ઐસે જીયો જૈસે સબ તુમ્હારા હૈ,
મરો તો ઐસે કી જૈસે તુમ્હારા કુછ ભી ન થા’

………. અસ્તુ!

–જગદીશ શાહ

તા. ૧ ફેબ્રુઆરી ૨૦૦૬ના ‘ભુમીપુત્ર’ના અંકની એમની ‘સમાચારને સથવારે’ કૉલમમાંથી સાભાર…

સમ્પર્ક :

Vinoba Ashram, Gotri-390 021 Phone-0265-237 0489
Mobile : 98243 26037 eMail - jashah1934@gmail.com

@

095 : 01-04-2007

'આંગણની તુલસી'

# આપણને સુખ બક્ષતાં આપણાં જીવનમુલ્યો

–અવંતીકા ગુણવંત

અનુક્રમણીકા

ચાર્લ્સ નદીના કીનારે મારી દીકરી પ્રશસ્તી મારા અને શાશ્વતના ફોટા પાડતી હતી ત્યાં એક અમેરીકન ગૃહસ્થ આવ્યા અને અમારા ચીર પરીચીત હોય એમ હસતે મોઢે હેતભર્યા અવાજે કહે, "લાવો, હું તમારા ત્રણેના ભેગા ફોટા પાડું." જુદા જુદા બેકગ્રાઉંડ સાથે અમારા ફોટા પાડીને એણે પુછ્યું, "તમે ઈન્ડીયન છો ને? હું ઈન્ડીયા આવી ગયો છું. રાજસ્થાનમાં ફર્યો છું. મંદીરો, મહેલો, કીલ્લાઓ અને વાવ જોયાં છે. વાવમાં પગથીયાં ઉતરીને નીચે છેક પાણી સુધી જવાય. ત્યાં ઓરડાઓ હોય, કોતરણી કામવાળા ગોખલા, દીવાલો અને છત હોય, સુંદર મુર્તીઓ હોય.."

એને વાવનું વર્ણન કરતો જોઈને હું નવાઈ પામી! મને હતું કે મારા દેશમાંના રાજામહારાજાઓના ભવ્ય મહેલ, મહેલમાંથી હવે બનેલી હોટલો કે દેરાસરોની કે કીલ્લાઓ–મંદીરોની એ વાતો કરશે; પણ આ તો વાવની વાતે ચડ્યો!

‘‘કેમ?’’ મેં પુછયું. તો કહે, ‘‘મહેલોમાં તો રાજા રહે. પોતાના ભોગવીલાસ માટે રાજ્યને પૈસે રાજાએ મહેલો બંધાવ્યાં હોય. મંદીરોમાં તો ભગવાનની મુર્તી રહે; પણ સામાન્ય માણસ માટે શું? એનાં સુખસગવડ માટે શું? તો એના માટે છે વાવ. થાકેલો વટેમાર્ગુ વાવમાં ઉતરીને ઠંડું પાણી પીએ ને ત્યાંની કુદરતી ઠંડકમાં આરામ કરે. એ માટે કોઈની એણે રજા લેવાની નહીં, કોઈ એને અટકાવે નહીં અને ત્યાં કોઈ ફી આપવાની નહીં હોય. રાતદીવસ વાવ ખુલ્લી જ રહે. મન ફાવે ત્યારે માણસ જઈ શકે. અને વળી, વાવ તો કોઈ દાનવીરે સામાન્ય માણસો માટે જ બંધાવેલી હોય!’’ હું તો ચકીત થઈને માઈકલની વાતો સાંભળું છું. એ અમેરીકન સજ્જનનું નામ માઈકલ હતું.

માઈકલ કહે, ‘‘મેં વાવના ઘણા ફોટા પાડયા છે. તમે મારે ઘરે આવો તો બતાવું. હું તમને તેડી જઈશ અને મુકી જઈશ.’’

મેં કહ્યું, ‘‘તમારા ઘરે આવવાનું અને ફોટા જોવાનું મને ગમે; પણ મારી દીકરીની હાલ પરીક્ષા છે. એ પતે પછી હું આવું.’’

એણે પુછયું, ‘‘તમે તમારી દીકરીના અભ્યાસ માટે અહીં આવ્યાં છો?’’

‘‘હા, એના આ દીકરા શાશ્વતને સાચવવા એક વરસથી હું અહીં જ છું.’’

‘‘તમારા પતી?’’ એણે પુછયું.

‘‘તે તો ઈન્ડીયામાં છે,’’ મેં કહ્યું.

આશ્ચર્ય પામતાં પ્રફુલ્લીત સ્વરે એ બોલ્યો, ‘‘તેઓ ત્યાં અને તમે અહીં? તમે ઈન્ડીયનો અદ્ભુત માણસો છો! પોતાની દીકરી ચીંતા વગર સારી રીતે ભણી શકે, એનું બાળક અને સંસાર સચવાય તે માટે તમે તમારું ઘર અને વર છોડીને અહીં રહો અને વળી તમારા પતી તમને મોકલે! તમારા વીના મહીનાઓ સુધી તેઓ એકલા રહે! તમે લોકો કેટલું બધું તમારા સંતાનો માટે વીચારો છો અને કરો છો! તમારી આ કુટુંબભાવના, આ ઉત્કટ પ્રેમ, ઉપર તો હું વારી જાઉં છું. આટલા માટે જ તમે ઈન્ડીયનો બહુ સુખી છો.’’

મેં કહ્યું, ‘‘અમારી કુટુંબભાવના તમને આટલી બધી પ્રભાવીત કરે છે તો તમે કેમ અનુસરતા નથી?’’

‘‘અમારે માટે એ શક્ય નથી. અમારો ‘હું’ એટલો મોટો છે કે એમાં બીજું કોઈ સમાઈ ન શકે. ‘મારો વીકાસ’ અને ‘મારું સુખ’ માટે વીચારી વીચારીને એટલા દૃઢ ખ્યાલો અને માન્યતા ધરાવતા અમે થઈ ગયા છીએ કે અમારાથી કશું છુટી જ ન શકે. જીવનસાથી કે સંતાનો માટેય અમે કંઈ ત્યાગ ના કરી શકીએ. અમારે માટે ‘હું’, ‘મારું’ અને ‘મારા માટે’ એ જ અગત્યની બાબતો છે અને તે જ સર્વોપરી છે.’’

મેં કહ્યું, ‘‘સમાજનું કલ્યાણ ઈચ્છનાર સમાજશાસ્ત્રીઓ અને મનોચીકીત્સકો ઢોલ વગાડી વગાડીને સંતાનો અને સમગ્ર કુટુંબનો વીચાર કરવાનું તમને કહે છે, એ તમને કેમ અપીલ નથી કરતું?’’

એ બોલ્યો, ‘‘મેં તમને કહ્યું ને કે અમે જે કરીએ છીએ તે માત્ર અમારા પોતાને માટે. ધ્યાન–યોગ તરફ વળ્યા છીએ એ અમારા પોતાના માટે. માણસ પોતાની જાતની ચીંતા–તણાવ–ખેંચથી મુક્ત થવા યોગ કરે છે. ‘હું’ ને દુખમાંથી બચાવવા અમે ધ્યાન–યોગ કરીએ છીએ. તમારી જેમ અમે બીજા માટે કશું વેઠી શકીએ નહીં. તમને બીજાને માટે વેઠવામાં, ત્યાગ કરવામાં સુખ લાગે છે. તમે કેટલું છોડો છો તેનો હીસાબ નથી માંડતા, કેટલું–કોને માટે છોડો છો એ યાદેય નથી રાખતા, તમારી અંગત વસ્તુ કે સગવડોનો ત્યાગ કરવામાં તમારે પ્રયત્ન નથી કરવો પડતો, તમારાથી આપોઆપ છોડાય છે. દીલની આવી ઉદારતા અમારામાં નથી. તમારા દેશમાં સામાન્ય માણસો જે મજુરી કરીને જીવનનીર્વાહ ચલાવે છે એય આનંદથી બીજાને આપે છે.

‘‘હું તમારા દેશના લોકોની સાથે વાત કરતાં પુછું છું કે તું કેમ બીજાને આપે છે, તારા માટે કેમ નથી રાખતો? તો એ કહે છે, વહેંચીને ખાવું જોઈએ, તો ભગવાન ખુશ રહે. તમે

બીજાની તકલીફનો વીચાર કરો છો, તમે લોકો એવું નથી કહેતાં કે એ એનો પ્રોબ્લેમ છે.”

માઈકલ આપણા દેશવાસીઓની પ્રશંસા કરતો હતો ને હું આપણાં જીવનમુલ્યોનો જાણે નવેસરથી પરીચય પામતી હતી.

–અવંતીકા ગુણવંત

સોમવાર તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૦૭ના ‘મુંબઈ સમાચાર’ દૈનીકમાં દર સોમવારે પ્રકાશીત થતી લેખીકાની લોકપ્રીય કટાર ‘આંગણાની તુલસી’ ઉપરથી સાભાર...

લેખીકા સંપર્ક : અવંતીકા ગુણવંત, ‘શાશ્વત’, કે.એમ.જૈન ઉપાશ્રય સામે, ઓપેરા સોસાયટીની બાજુમાં, પાલડી, અમદાવાદ–380 007 ફોન : (079) 2661 2505

eMail: avantika.gunvant@yahoo.com

@

096 : 08-04-2007

# ગુજરાતી ભાષાનો 'રોકડીયો' હીસાબ

–લલીત લાડ

અનુક્રમણીકા

આપણા ગુજ્જુઓ 'મની માઈન્ડેડ' છે, છે, ને સાડી સત્તરવાર છે. આપણને મની માઈન્ડેડ કહે છે ત્યારે અમને તો જરાયે ખોટું નથી લાગતું. કારણ શું? દુનીયાની બહુ ઓછી પ્રજા પૈસાને પીછાણી જાણે છે. પણ બૉસ, તમે જુઓ આપણી ગુજરાતી ભાષામાં આ જ કારણસર કેટલા બધા વેપારી શબ્દો ઘુસી ગયા છે!

અમારા અમદાવાદમાં તમને વારંવાર સાંભળવા મળે 'એમાં મારે કેટલા ટકા?'

તું નવી કાર લાવે એમાં મારે કેટલા ટકા? પાડોશીનો દીકરો પહેલા નંબરે પાસ થાય એમાં મારે કેટલા ટકા? અલ્યા, સચીન સેન્ચ્યુરી મારે કે ઝીરોમાં જાય...મારે કેટલા ટકા? અમદાવાદી તો એના ભાઈબંધ જોડે પણ વેપારી ભાષામાં બોલે, 'જાને બે, તું મારી જોડે પીચ્ચર જોવા ના આવે એમાં મારે કેટલા ટકા?'

હવે ભાઈબંધ એની જોડે પીચ્ચર જોવા આવે કે ના આવે, એમાં ભાઈને કેટલા ટકા કમીશન મળવાનું છે? પણ એવો સવાલ જ ના કરાય.

આવું જ 'ડીસ્કાઉન્ટ'નું છે. હંમેશાં મોટી મોટી છોલતા હોય એવા લોકો માટે કહેવાય કે, 'એની વાતમાં પચાસ ટકા ડીસ્કાઉન્ટ ગણીને જ ચાલવાનું!' મતલબ કે વાતમાં પચાસ ટકા જ સાચું.

ભાવનાત્મક 'ભાવ'

જરા વીચારો તો ખબર પડશે કે ઓહોહો, કેટલા બધા ધંધાદારી શબ્દો ઘરેઘરે વપરાતા થઈ ગયા છે!

કોઈ બહુ ઘમંડી હોય તો કહેવાય કે 'બહુ ભાવ ખાય છે!' છતાં એને મનાવવા હોય, આપણું કામ કઢાવવું હોય તો 'ભાવ આપવો પડે!'

જરા લખી રાખજો સાહેબ, 'ભાવ ખાનારા' અને 'ભાવ માગનારા' જુદા હોય છે!

સામાન્ય લોકો પણ સીદ્ધાંત બનાવતા હોય છે કે ફાલતું લોકો જોડે બેસીને આપણો 'ભાવ નહીં બગાડવાનો!'

ધંધાનો ટાઈમ ખરાબ થાય

'કવીરાજા મત કવીતા લીખો, ધંધેકી કુછ બાત કરો, કુછ પૈસે જોડો...' એમ લખનારા કવી પ્રદીપજી પોતે ગુજરાતી નહીં હોય તો કમસેકમ એ જ્યાંનો લોટ ખાતા હશે એ ઘંટીવાળો

ગુજરાતી હશે. વેપારી ભાષાની કેટલી બધી કહેવતો આપણી ગુજરાતી ભાષામાં 'મફત'ના ભાવે ઘુસી ગઈ છે? 'રાયના ભાવ રાતે ગયા', 'તેલ જુઓ; તેલની ધાર જુઓ', 'બોલે તેના બોર વેચાય', 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ના જવાય', 'બાંધી મુઠ્ઠી લાખની', 'લાખ ભેગા સવા લાખ', 'બક્ષીસ લાખની; હીસાબ કોડીનો' અને 'સસ્તું ભાડું ને સીદ્ધપુરની જાત્રા!'

કોઈ કામ સહેલાઈથી પતે તો કહેવાય કે, 'સસ્તામાં પત્યું!' અને કોઈ સસ્તા માણસની ફીરકી લેવાની હોય તો કહેશે, 'તમે તો ભૈશા'બ બહુ મોંઘા માણસ થઈ ગયા ને કાંઈ?'

શેઠીયા જરા સમજો ને!

માત્ર વેપારીઓ જ શેઠીયા હોય એવું નથી. આજકાલ તો અમદાવાદમાં બધાને 'આવો ને શેઠીયા!' એમ કહીને બોલાવવાનો રીવાજ છે.

ભાઈ મહીને માંડ બે હજાર રુપૈડી કમાતા હોય અને એ જ કારણસર બીચારા સાવ નવરાધુપ બેઠા હોય તો એમને કહેવાય કે, 'યાર, તમે તો શેઠ માણસ! તમને કંઈ તકલીફ અપાય?' અમારા એક ભાઈબંધ પેટ ભરીને જમ્યા પછી રોજ બોલે, 'આપણે જમી લીધું, એટલે પછી કસ્તુરભાઈ લાલભાઈ!'

પ્રતીષ્ઠીત વેપારીને શાહુકાર કહેવાય એ સાચું; પણ વધારે પડતી સફાઈ ઠોકનારને અમદાવાદીઓ તરત ચોપડાવે : 'અબે બહુ શાહુકારી ના માર!' આ તો ઠીક છે; પણ

અમદાવાદની અમુક પોળોમાં આજે પણ રાત પડે તમારા ઘરમાં વધેલું ખાવાનું માગવા જે ગરીબો આવે છે તે આ રીતે બુમ પાડે છે : ‘એ... શાહુકારી આલજો...બા!’

–આપણે જે એંઠવાડ ભીખારીને આપી દઈએ એને ‘શાહુકારી’ કહેવાય એ અમદાવાદમાં જ બને!

અને બૉસ, આ ‘બૉસ’ શબ્દ બોલચાલમાં ક્યાંથી આવ્યો? અમદાવાદમાંથી જ સ્તો!

પોષાય, પરવડે અને ખોટ જાય?

‘સવારના છ વાગે ઉઠીને દુધની કોથળી લેવા જવાનું આપણને ના પોષાય!’ અલ્યા ભાઈ, સવા આઠ રુપીયાની દુધની કોથળીમાં તમે એવા તે શા વેપાર કરી નાખો છો કે પોષાવા–પરવડવાની વાતો કરો છો? પણ એવું...

‘બળ્યું કાન્તામાસીના ઓટલે બેઠાં બેઠાં વાતો કર્યા કરવાનું આપણને ના પરવડે!’ જાણે કાન્તમાસી ‘ઓટલા–ટૅક્સ’ ના લેતાં હોય! એવું જ ‘લેણા–દેણી’નું. આપણે ‘લેવા–દેવા’ વીના ઝગડો ના કરીએ. પારકી પંચાત કરીને ‘શું લેવાનું?’ ચંદુલાલ અમારા દુરના સગા ખરા; પણ અમારે ખાસ ‘લેવા–દેવા’ નહીં. ગુજરાતી ભાષામાં ફીલોસૉફીની ઉંચાઈ પર છેક ટૉપ પર પહોંચી ગયેલો શબ્દ પણ વેપારી ભાષાની આલમનો છે...‘લેણાદેણી!’ હશે, વેપારીઓની પણ અધ્યાત્મ સાથે કંઈ

'લેણાદેણી' જરુર હશે! બાકી વેપારીઓ આવા 'ખોટના ધંધા' કરતા હશે?

બહેનો પણ વહેવારમાં બોલશે, 'અમે તમારે ત્યાં જમવા આવીએ, ને તમે અમારે ત્યાં ચા પીવાય નો આવો એવા ખોટના ધંધા નો હાલે, હોં!' બોલો, મહેમાનગતીમાંય 'નફો–ખોટ' જોવાય છે કે નહીં!

મારે હીસાબે તો...

પાનના ગલ્લે ઉભાં ઉભાં પાનની પીચકારી મારતાં તમને ગંભીર મુદ્રામાં વર્લ્ડ–પોલીટીક્સ સમજાવતાં શ્રીમાન ધનસુખરાય કહેશે, 'મારા હીસાબે તો... અમેરીકા હજી તો ઈરાન પર હુમલો નહીં કરે!' અલ્યા ધનસુખ, આમાં તે અહીં ધના સુથારની પોળ આગળ ઉભાં ઉભાં બુશ, અમેરીકા અને ઈરાનના કયા 'હીસાબ' ગણી કાઢ્યા?

પણ તમે ગમે તેટલી સાચી સલાહ આપો, એમને મન તો આપણે 'કંઈ હીસાબમાં જ નહીં ને?' બે જણા વચ્ચે દસ વરસે માંડ એકાદ વાર મળવાના સંબંધો હોય તોય કહેવાય શું? 'અમારો તો બહુ જુનો હીસાબ છે!'

સંબંધમાં 'ભુલચુક લેવી દેવી' થાય, ક્યારેક 'લેવાનું ગાજર; છતાં રહેવાનું હાજર' એવું થાય, ક્યારેક એમ થાય કે 'ત્યાં શું દલ્લો દાટ્યો છે?' ક્યારેક આટઆટલી મમતા રાખ્યા છતાંય એવી ફીલીંગ થાય કે આમાં 'શું કમાયા?' ઘણીવાર

સામેનો માણસ સાવ 'ઉધાર' હોય, ઘણીવાર આખી 'પાર્ટી બોગસ' હોય, આપણને ખબર હોય કે આમાં 'કંઈ લેવાનું' નથી છતાં...છતાં 'સરવાળે' એમ થાય કે જવા દો ને, બોલીને ક્યાં બગાડવું? 'સંઘર્યો સાપ પણ કામ આવે!'

ગણ, ગુજરાતી ગણ...

બીચારો ગુજરાતી આખી જીન્દગી ગણીત જ ગણતો હોય છે. ઘણી વાર 'ગણતરી સાચી પડે' તો ક્યારેક 'ગણતરીમાં થાપ ખાઈ જવાય.' છેવટે મુળ વાત એટલી કે સમાજમાં આપણી ગણના' થવી જોઈએ. બાકી જો આપણી 'ગણતરી' જ ના હોય તો, ગામમાં આપણી 'ક્રેડીટ' જ ના હોય તો, 'ગાંઠનું ગોપીચંદન' કર્યા કરવામાં કોઈ 'માલ' નથી.

વેપારી ભાષાના જેટલા શબ્દો ગુજરાતી ભાષામાં ભળ્યા છે એટલા કદાચ ભારતની તો શું, દુનીયાની કોઈ ભાષામાં નહીં ભળ્યા હોય. 'આપણો રુપીયો જ ખોટો' એટલે આપણો જ માણસ નબળો છે. એ 'ખોટા રુપીયા'ની જેમ પાછો આવશે; કારણ કે એ બાઘો છે, બબુચક છે. આવા માણસ માટે કહેવાય છે કે 'જરા પાવલી ઓછી છે.' બહુ વીશ્વાસપાત્ર અને કાબેલ માણસ હોય તો કહેવાય કે 'લાખ રુપીયાનું માણસ!' પણ જેના પર ભરોસો ના મુકાય એના માટે તો સ્ટાન્ડર્ડ રુઢીપ્રયોગ શો છે? 'જવા દો ને યાર, એ તો લાખના બાર હજાર કરે એવો છે!'

સાવ છટકેલી કમાનવાળા ભાઈને ‘નુકસાની આઈટેમ’ કહેવાય. નમુનેદાર(બન્ને રીતે) માણસ માટે કહેવાય ‘આઈટેમ છે, હોં બૉસ!’ અમુક વીચીત્ર આઈટેમને ‘લગડી’ આઈટેમ પણ કહેવાય. વેપારી ભાષાના આ શબ્દો માણસો પર કેટલા સરસ રીતે ફીટ થાય છે? ‘નંગ છે હોં!’, ‘જણસ છે, જરા સાચવજો!’, ‘એ તો બહારથી સારી આઈટેમ લાગે; બાકી અંદર બહુ ખરચો છે!’ બહુ ચાલાક માણસ માટે કહેવાય કે, ‘એકદમ પેટીપેક માણસ છે.’

સામાન્ય વાતચીતમાં સાચી વાતને ‘રોકડા રુપીયા’ જેવી વાત કહેવાય છે. બાકી ટાઈમ પાસ કરવા માટે ‘પરચુરણ વાતો’ ક્યાં સુધી કર્યા કરવાની? હવે તો બાળકોને પણ ‘ચીલ્લર’ કહે છે! વારંવાર દાંત બતાડીને હસ્યા કરતી છોકરી માટે કહેવાય છે કે, ‘એનું ચીલ્લર બહુ ખખડે છે!’

છોકરી સુંદર હોય ત્યાં સુધી તો બરાબર; પણ અક્કલની ઓછી હોય તો ‘બોલે એટલે પૈસા પડી ગયા સમજો!’

ક્રીકેટર પહેલો રન લે તો કહેશે ‘ખાતું ખોલાવ્યું!’ કોઈને બે ધોલ મારી હોય તો કહેવાય કે ‘બે રસીદ કરી દીધી!’ અચ્છા, વહોરવા જવું એટલે શું? ખરીદી કરવા જવું ને? પરંતુ ‘દુશ્મની વહોરી લીધી’ એવું તો ગુજરાતીમાં જ કહેવાતું હશે..

ચાલો, આ લેખ વાંચીને તમને ‘પૈસા વસુલ’ થયા એવું ના લાગતું હોય તો ક્યારેક ઘરે આવી જજો; ‘વેરની વસુલાત’ કરવા.

–લલીત લાડ

સંપર્ક : ‘ગાયત્રી કૃપા’–વીભાવરી સોસાયટી–બે, જીવરાજ પાર્ક, અમદાવાદ–380 015

ફોન : (079) 2682 6526 મોબાઈલ : 94285 03270

‘ગુજરાત સમાચાર’માંની લેખકની કટાર ‘હવામાં ગોળીબાર’માંથી સાભાર...

@

097 : 15-04-2007

# સત્યની સ્ટ્રીટ લાઈટ્સ પર અંધશ્રદ્ધાનાં જાળાં

–ગુણવંત શાહ

અનુક્રમણીકા

અમીતાભ બચ્ચન જેવો મહાન અભીનેતા આટલો અંધશ્રદ્ધાળુ હોઈ શકે? પુત્રવધુ ઐશ્વર્યાને મંગળ ન નડે તે માટે અભણ માણસો કરાવે તેવી ધાર્મીક વીધીઓ બચ્ચન પરીવાર કરાવે ત્યારે દેશના કરોડો માણસોને શી પ્રેરણા મળશે? અમીતાભ છીંક ખાય તોયે સમાચાર બની જાય તેવો મોભો તે ધરાવે છે. વીજ્ઞાન અને ટૅકનૉલૉજી તરફથી મળતા બધા જ લાભો પામ્યા પછી પણ આપણી વીજ્ઞાનવૃત્તી ખીલવાનું નામ નથી લેતી. હીન્દુ પ્રજાની અંધશ્રદ્ધા શીક્ષણને ગાંઠતી નથી. અંધશ્રદ્ધા અને ચમત્કારના પ્રશ્ને ભણેલા અને અભણ વચ્ચે ઝાઝો તફાવત નથી. હજી આપણે સૌ ‘માંદળીયા–યુગ’માં જીવીએ છીએ. સચીન તેન્ડુલકર સાંઈબાબા પાસે કૃપાની યાચના કરવા જાય છે. રૅશનલીસ્ટ કરુણાનીધીના નીવાસ ગોપાલપુરમાં સાંઈબાબાની પધરામણી થઈ ત્યારે મુખ્ય પ્રધાનની પત્ની દયાલુ અમ્માલે બાબાનાં ચરણોમાં દંતવત્ પ્રણામ કર્યાં અને સ્વજનો વચ્ચે બાબાની હથેળીમાં પ્રગટ થતી ચમત્કારી વીંટી મેળવવા માટે પડાપડી થઈ હતી.

આપણા સમાજને 'લક્ષચંડી' યજ્ઞની નહીં; 'નસબંદી' યજ્ઞની જરુર છે. દેશની ગરીબી બચરવાળ છે તેથી વીકાસદર વીકાસડરમાં ફેરવાઈ જાય છે. ખાલી પેટ અને ભરેલાં ગર્ભાશયોની સંખ્યા વીકરાળ છે. નવાં મંદીરો બંધાય છે; પણ નવાં સંડાસો તૈયાર થતાં નથી. ટીવી પર બધી ચેનલો અંધશ્રદ્ધા પીરસતી રહે છે. ક્યારેક ગ્રહદશાની ચર્ચા થાય છે, તો ક્યારેક રુદ્રાક્ષની માળાનો મહીમા કરવામાં આવે છે. વાસ્તુશાસ્ત્ર, હસ્તરેખાશાસ્ત્ર, જ્યોતીષશાસ્ત્ર ફેંગશુઈ અને વળી ટેરોટનાં પાનાં પરથી ભવીષ્ય ભાખવામાં ગપ્પાંબાજીને ચાર ચાંદ લાગી જાય છે. જયલલીથા પોતાના નામમાં એક અક્ષર ઉમેરાય તેવું કરીને ન્યુમરોલૉજી સાથે જોડાયેલી અંધશ્રદ્ધાને દૃઢ કરે છે. નવી ખરીદેલી કારની નેઈમ–પ્લેટ પર અમુક આંકડા આવે તે માટે લોકો રુશ્વત આપે છે અને રાહ જુએ છે. સીઝેરીયન ઓપરેશન શુભ દીવસે અને શુભ મુહુર્તમાં થાય તેવી ગોઠવણ કરવામાં ભણેલા લોકો અભણ લોકો કરતાં ખાસ આગળ છે.

પ્રત્યેક ક્ષણને પવીત્ર ગણે તે ખરો ભક્ત અને પ્રત્યેક ક્ષણને સરખી ગણે તે સાચો નાસ્તીક ગણાય. 13નો આંકડો અશુભ ગણાય તેવું ક્યા મહામુર્ખે કહ્યું છે? મારા દીકરાએ મુંબઈના બહુમાળી મકાનમાં હઠપુર્વક તેરમો માળ પસંદ કર્યો હતો. મારી દીકરીનાં લગ્ન કમુરતામાં થયાં હતાં. હીન્દુઓ શુભ

મુહુર્ત જોવડાવવાનું તુત ક્યારે છોડશે? અમાસને દીવસે ટ્રેનના ડબ્બાઓમાં ઓછી ભીડ હોય એવું શા માટે? મારા દીકરાની લગ્નવીધી પણ મારાં (વીધવા)મોટાં બહેને કરાવી હતી. દેશી કૅલેન્ડરનાં ખાનાંમાં વીચીત્ર શબ્દો વાંચીને મન વીચારે ચડી જાય છે. વીંછુડો બેસે એટલે શું? સંકટચોથ એટલે શું? પંચાંગ પ્રમાણે બધી તીથીઓ સાથે જોડાયેલી વીધીઓ પ્રમાણે જીવવાનું માણસ નક્કી કરે, તો એ જીવનમાં બીજું કશુંયે કરી ન શકે. આવતા એપ્રીલની ૧૪મી તારીખે આંબેડકરજયંતી અને વલ્લભાચાર્યજયંતી છે. તે જ દીવસે ‘મીન માસનાં કમુરતાં પુરાં થાય છે’ એવું કૅલેન્ડરના ખાનામાં લખાયું છે. વળી ૨૨મી જુનના ખાનામાં લખ્યું છે: ‘જૈનોનો કેરીત્યાગ.’ સત્યની સ્ટ્રીટ લાઈટ્સ પર અંધશ્રદ્ધાનાં કેટલાં જાળાં?

પ્રત્યેક ધર્મમાં પડેલી સુવાસ બાજુ પર રહી જાય અને કેવળ કર્મકાંડ સાથે જોડાયેલી અંધશ્રદ્ધા જામી પડે ત્યારે ધર્મનો મર્મ ખતમ થાય છે. કેરી ખતમ થાય છે અને બાવાજીના આશ્રમમાં આથણાંનું માર્કેટીંગ થતું રહે છે. અંધશ્રદ્ધાળુ હોવું એ ‘ધાર્મીક’ હોવાની નીશાની નથી. એ જ રીતે નાસ્તીક માણસને ‘અધાર્મીક’ ગણવાનું યોગ્ય નથી. આસ્તીક માણસની અપ્રામાણીકતાનો કોઈ બચાવ ન હોઈ શકે. તે જ રીતે જુઠા માણસની નાસ્તીકતા પણ નઠારી ગણાય. નાસ્તીક માણસ

આપોઆપ રૅશનલીસ્ટ બની જાય એવો વહેમ ખાસો લોકપ્રીય છે. એ વહેમને કારણે ક્યારેક છીછરા દાવાઓ કરવાની ઉતાવળ થતી રહે છે. કોઈ રૅશનલીસ્ટ જુઠો, રુશવતખોર, અને કરુણાશુન્ય હોય, તો તે નાસ્તીક હોય તોયે ‘રૅશનલ’ ન ગણાય. કોઈ ધાર્મીક ગણાતો માણસ શોષણખોર, દંભી અને અંધશ્રદ્ધાળુ હોય તો તેને ‘ભગત’ ગણવામાં જોખમ છે. મુળે વાત પ્રામાણીક જીવનશૈલીની છે. સ્તાલીન અને માઓ ઝેડોંગ નાસ્તીક હતા; પરંતુ તેમને ‘રૅશનલ’ કહેવાનું યોગ્ય નથી. બન્ને નેતાઓએ પોતાના જ દેશના લાખો નીર્દોષ મનુષ્યોની કતલ કરાવી હતી. તેમને ‘વીવેકબુદ્ધીવાદી’ કહેવામાં ‘વીવેક’ અને ‘બુદ્ધી’ની ક્રુર મશ્કરી થાય છે. આપણી સંસ્કૃતીમાં તર્કને ઋષીનો દરજ્જો આપવામાં આવ્યો છે. શંકરાચાર્યે વીવેકને મુગટમાં જડેલો મણી ‘વીવેકચુડામણી’ ગણાવ્યો છે. તર્ક અને વીવેકની ઉપાસના નાસ્તીક અને આસ્તીક બન્ને કરી શકે છે. રૅશનલીઝમનો સંબંધ મુળે સત્યની શોધ સાથે છે. એ શોધ પવીત્ર છે.

### એક્સ–રે

ખાલીપણું તો એકલાથી ન થયું સહન,
પંખી નથી તો ડાળનો હીસ્સો નમી ગયો.
એક પળ જે મારાથી અળગા નથી રહ્યા,
એ કહે તારા વગર જીવી શકાય છે.

સાવ સુક્કી ભઠ નદીની રેત પણ,
બેઉ કાંઠે આજ ખળખળવા મથે.

અંકીત ત્રીવેદી (કવીના કાવ્યસંગ્રહ ‘ગઝલપુર્વક’–ઈમેજ પબ્લીકેશન, મુંબઈ–અમદાવાદ, રુપીયા : ૭૫ – મન ભરીને માણવા જેવો અને દીલભરીને પામવા જેવો સુગંધીદાર ગુલદસ્તો..)

–ગુણવંત શાહ

૧૯ ફેબ્રુઆરી ૨૦૦૭ના ‘અભીયાન’ના અંકમાં ઘણાં વર્ષોથી પ્રગટતી લેખકની કટાર ‘કાર્ડીયોગ્રામ’માંથી સાભાર....

લેખકસંપર્ક : ‘ટહુકો’–૧૩૯–વીનાયક સોસાયટી, જે.પી. રોડ, વડોદરા–૩૯૦ ૦૨૦

@

098 : 22-04-2007

# બે પેઢી – બે પત્ર

–વીનય કવી (લંડન)

અનુક્રમણીકા

પુજ્ય બા,

લાંબા સમયથી તારો પત્ર નથી એટલે ચીંતા થાય છે. આ કાગળ મળ્યેથી તરત તારા ખુશીના ખબર જણાવજે. પગે સોજા ચડતા હતા તે કેમ છે? દાક્તર રજનીભાઈના કહ્યા મુજબ સમયસર દવા લે છે કે નહીં? મારા વીના તને વારેઘડીએ યાદેય કોણ કરાવતું હશે! માટે વીનવું, આળસ કર્યા વીના સમયસર દવા લેજે.

પત્ર ન લખવા બદલ તને કહેવા બેઠી; પણ મેંય છેલ્લો પત્ર ક્યારે લખ્યો'તો? કંઈ યાદ નથી. વરસ થયું હશે. મને માફ કરજે. તું મનમાં ને મનમાં ધુંધવાતી હોઈશ ને જાતજાતની આશંકાઓ કરતી હોઈશ, એ હું સમજું. કેટલીક વાતો ઉડતી ઉડતી તારા કાને પહોંચી હશે; એમાં સાચું શું અને કેટલું માનવું એ મુંઝવણ તને થાય એ સ્વાભાવીક છે. દીકરીના હાથ પીળા કરી વળાવી દીધા પછી પણ માવતરની ચીંતા ક્યાં ટળે છે?

હું સુખી છું. રાજમહેલમાં રાણીની જેમ રહું છું એમ લખવા મન લલચાય છે; પરંતુ એવું હડહડતું જુઠાણું મારી

જન્મદાત્રીને કેવી રીતે કહી શકું? ખરી સ્થીતી તને જણાવવી કે નહીં, કેટલું જણાવવું ને કેટલું છુપાવવું એ બધી ભાંજગડ મગજમાં ચાલતી હતી અને કશું નક્કી થઈ શકતું ન હતું. આવી અસમંજસની હાલતમાં મહીનાઓ નીકળી ગયા.

આજે હીંમત કરી છે, કાળજાને કઠણ કર્યું છે અને સાચી બીનાથી તને વાકેફ કરવી છે. મારી વાત વાંચી તને પીડા થશે; પરંતુ ક્યાં સુધી તને અંધારામાં રાખું? ત્રાહીતો મારફત જાતજાતની અફવા સાંભળે એના કરતાં મને થયું કે મારે જ ઘટસ્ફોટ કરવો જોઈએ. આમ છતાં મર્યાદા આડી આવે છે. એટલે બધું જ ખુલ્લંખુલ્લા નહીં બતાવી શકું.

મુળ વાત એ છે કે તારા જમાઈને એક અન્ય છોકરી સાથે આડો વ્યવહાર છે. લગ્ન થયાં એ અગાઉનું આ લફરું છે અને હજી ચાલુ છે. માન્યું હતું કે વખત જતાં એમનો મોહ દુર થશે અને મારામાં મન પરોવાશે; પણ એ આશા ઠગારી નીવડી છે. ઘરમાં મારું સ્થાન માત્ર દાસીનું છે. સાસુ–સસરા, નણંદ, નોકર–ચાકર સૌ જાણે છે કે મારા પતીને મારી કોડીનીય કીંમત નથી અને તેથી એ સૌ પણ મને હીણપતની દૃષ્ટીથી જુએ છે. એમની આંખોમાં રમતું ખંધુ હાસ્ય મારા હૈયાને શારડીની માફક શારે છે. હરરોજ–હર પળ હું ઘવાઉં છું; પણ લોહી નથી નીકળતું. કપાતી જાઉં છું; પણ ફરીયાદ કરતી નથી.

મા, સહન ક્યાં સુધી થઈ શકે? સવાર ઉગશે એ નક્કી હોવાથી રાત કાઢી શકાય છે; પણ જે સુરજ ઉગવાનો જ નથી એની ઉષ્મા માટે ફાંફાં ક્યાં લગી મારું? જીવ પર આવી ગઈ છું; માટે જ સાફ સાફ લખું છું. આ લોકોનો ઈરાદો મને છુટી કરવાનો છે. ગભરાઈશ નહીં , માવડી. તારી વગોવણી થાય એવું હું કદાપી નહીં થવા દઉં. પતીએ ત્યજેલી હું, તારે માથે નહીં પડું.

લગ્ન પછી વીદાય આપતાં લોકો નવપરીણીતાને કહે છે, 'વીવાહીતાની ડોલી પીયરથી ઉઠે; પણ અર્થી તો સાસરેથી જ નીકળે.' તારા મોઢે પણ કંઈક આવા જ  શબ્દો હતા. તારા આંગણથી મારી ડોલી ઉઠી હતી, ત્યાંથી મારી અર્થી નહીં નીકળે. હું તારી પાસે નહીં આવું. તારી દીકરીને સાસરીયાંઓએ કાઢી મુકી છે એવાં મહેણાં તારે સાંભળવાં પડે એમ નહીં થવા દઉં.

મા, તને સ્થીતીની આગોતરી જાણ કરવા આ બધું લખ્યું છે.  હજી આખરી નીર્ણય લેવાયો નથી. કદાચ મામલો કાયદેસરના લગ્નવીચ્છેદ સુધી ન પણ જાય. હું છુટાછેડા નથી ઈચ્છતી; પતીસુખ મારા નસીબમાં નથી લખાયું એમ મન મનાવીશ. છાતી પર પથ્થર મુકી એમના વ્યભીચારી વર્તનને સહન કરી લઈશ અને અહીં પડી રહીશ. બીજી બાજુ મનોમન નક્કી કર્યું છે કે જો મને ડીવોર્સ અપાશે તો જીવનનો અંત આણીશ–અહીં સાસરીયામાં. મારી અર્થી પતીગૃહથી જ નીકળશે.

પ્રભુને અરજ કરું છું કે એવી નોબત ન આવે. તું પણ મારે માટે ઈષ્ટદેવને પ્રાર્થના કરજે.

લી.

તારા દુ:ખમાં વધારો કરનાર,

તારી અભાગી દીકરી રમા.

●♦●♦●

વહાલી દીકરી રમા,

કાળજું કાપતો તારો પત્ર મળ્યો. પ્રથમ તો બુદ્ધી બહેર મારી ગઈ; પછી આંખમાંથી બોર બોર આંસુ સરી પડ્યાં. બે દીવસ મુંઝવણમાં, ચીંતામા, ગભરાટમાં વીતાવ્યા. વીચારોનાં વમળમાં અટવાઈ. રાત પડખાં ઘસી ઘસીને કાઢી. હૈયા પર ઘા થયો હતો અને હું સુધબુધ ખોઈ બેઠી હતી.

હવે મન કંઈક સ્વસ્થ થયું છે. શાંત ચીત્તે આખી પરીસ્થીતી સમજવાનો પ્રયત્ન કર્યો છે અને ઉકેલ પણ જડ્યો છે.

તારા સાસરીયાં પર ધીક્કાર પેદા થયો છે; પણ વધુ ગુસ્સો આવ્યો છે તારા પર. હા, તારા પર. બે કારણોસર : એક તો એ કે આજ પહેલાં તેં તારી વ્યથા મને જણાવી નહીં. હું સમજતી રહી કે તું અનહદ સુખી છો અને બહોળા કુટુંબમાં વ્યસ્ત હોવાથી પત્ર લખવાનો સમય નહીં મળતો હોય. મને

ચીંતા ન થાય તે માટે તેં એ પહેલાં કશું જણાવ્યું નહીં એ દલીલ સાચી હશે; પણ મને એ માન્ય નથી. હું તારી મા છું. મારી ફક્ત ફરજ જ નહીં ; પરંતુ હક છે કે તારાં સુખદુ:ખ હું જાણું. આટલો વખત સાચી હકીકત મારાથી છાની રાખવામાં તેં ડહાપણનું કામ નથી કર્યું.

બીજી વાત જીવ કાઢી આપવાની. તારા જેવી શીક્ષીત સ્ત્રી આમ અભણ ગામડીયણ બાઈ જેવું વીચારે એ માની શકાતું નથી. ગાંડી થઈ છે કે શું? જીવ શું એટલો સસ્તો છે કે એનું બલીદાન દેવાય? અને આ જીવ તારી એકલીનો થઈ ગયો? તને જન્મ દેનારી તો હું છું. તને નવ મહીના પેટમાં સંઘરી હતી; આજ કેમ નહીં સંઘરું? ત્યારે પણ તને બોજ ગણી નહોતી; પેટની જણી હવે ભારે પડવાની?

મેં લાંબો વીચાર કર્યો છે અને પછી જ સલાહ આપવા બેઠી છું. એક વાર મળે છે મનુષ્ય અવતાર. એને એળે નહીં જવા દેવાય. તારે જીવવાનું છે, હીંમતભેર જીવવાનું છે. હું તારી પડખે છું. જે સંકટો આવી પડશે તેનો ભેગા મળી સામનો કરીશું.

મારું જણતર નમાલું ન હોય. એ તો કાંટાળા પથ પરથી એક અલાયદી કેડી પર ચાલી નીકળે. સાસરપક્ષનો તીરસ્કાર કરવામાં ગૌરવ નથી; તો દાસી બનીને રહેવામાંય સ્વાભીમાન નથી. હું મા થઈને કહું છું કે એ લોકો તને તજે તે પહેલાં તારે એમને ત્યજવા જોઈએ. આ પત્ર મળ્યે આડાઅવળા વીચારો

કર્યા વીના તું તરત અહીં આવી જા. ફારગતી આપણે માગીશું. જે પતી લગ્નની પવીત્ર પ્રતીજ્ઞાઓ ભુલી ગયો છે તેને વળગી રહેવામાં સતીપણું નથી; કેવળ દાસત્વ છે. પડ્યું પાનું નીભાવી લેવાનું કદાચ અમારી જુની પેઢીમાં ઉચીત ગણાતું હશે; પરંતુ તું તો નવી પેઢી છો. નવા વાતાવરણમાં તેં શ્વાસ લીધા છે. તારું કર્તવ્ય છે અન્યાય સામે લડવાનું, દેહપ્રાણને રુંધતાં રુઢીબંધનો તોડવાનું.

સમાજમાં મારી નીંદા થશે એવો ડર તારે રાખવાનો ન હોય. લોકોની જીભથી ગભરાઈ જાઉં એટલી પોચી હું નથી. તારા બાપુના ગયા પછી એકલે હાથે તને મોટી કરી છે. ભણાવી–ગણાવી છે એ ઉપરથી મારા મનોબળનો ખ્યાલ તને આવવો જોઈએ. જીવતરના ઝંઝાવાતો સામે જે ઝીંદાદીલીથી હું ઝઝુમી છું તે બધું તેં નજરે જોયું છે. તું મારાથી જરાય ઓછી ઉતરે તો મારી કુખ લાજે.

માટે તું કશીય અવઢવમાં પડયા વગર મારી પાસે, આપણે ઘરે આવી જા. મારું સુચન જલદ છે; પરંતુ એ જ સાચું છે, શુભ છે. સ્વત્વને ઓગાળીને જીવવાનો કોઈ અર્થ નથી. મારું બારણું, મારાં બાવડાં તને આવકારવા આતુર છે. પત્રનો જવાબ નહીં; ખુદ તારે જ આવવાનું છે. જો બે–ચાર દીનમાં તું ન આવી તો તને લેવા આ જનેતા ત્યાં આવી જ છે એમ તને ચોખ્ખેચોખ્ખું લખું છું..

લી. તારી માનાં શુભાશીષ

સ્વ. વીનય કવી(લંડન)

(લેખકના વાર્તાસંગ્રહ 'સંબંધોનો ચંદરવો' માંથી સાભાર.

@

099 : 29-04-2007

# દીકરી વીનાના પીતા

–દીનેશ પાંચાલ

અનુક્રમણીકા

આ લખનારને દીકરી નથી એટલે ‘દીકરી વહાલનો દરીયો’ હોય છે કે નહીં તે ખબર નથી. તેથી મારી કોઈ દીકરીએ મને હજુ સુધી ‘થેન્ક યુ, પપ્પા’ કહ્યું નથી. અને ‘દીકરી એટલે દીકરી’ જ કે બીજું કાંઈ તેની પણ મને ખબર નથી. એટલે મારા જેવો, દીકરી વગરનો બાપ એ વીશે કંઈ લખે તે એવું લાગે, માનો દુષ્કાળમાં જીવતો ખેડુત લીલાછમ ખેતરોની કલ્પનામાં રાચતો હોય! લગભગ બધાએ જ સંમત થવું પડે એવી વાત એ છે કે સ્ત્રી વીશ્વના વીકાસનું વર્તુળ છે. સૃષ્ટીનું સેન્ટર પૉઈન્ટ છે. પ્રેમનો પરીઘ છે અને ત્રેવડની ત્રીજયા છે. દીકરી વીશેનાં પુસ્તકો બજારમાં ઉડે અને ઉપડે છે આ સંસારનો અસલી સીક્કો દીકરી છે. અખબારના એક તંત્રીમીત્રે એકવાર કહેલું : અખબારોમાં એવી સેંકડો જાહેરખબરો આવે છે કે : ‘અમારો દીકરો અમારા કહ્યામાં નથી. કોઈએ તેની સાથે અમારે નામે વ્યવહાર કરવો નહીં.’ પણ આજપર્યંત કોઈ માબાપે આવી જાહેરાત આપી નથી કે–‘અમારી દીકરી આમારા કહ્યામાં નથી એટલે...’ પછી તેમણે વ્યંગમાં ઉમેર્યું કે : ‘એટલે હું અંગત રીતે

માનું છું કે અખબારો માટે તો દીકરા જ ‘કમાઉ’ ગણાય; દીકરીઓ નહીં! ઉલટું દીકરીઓ તો પરીક્ષા વખતે બોર્ડમાં ટૉપટેનમાં ચમકે છે તેથી તેમના ફોટા અને ઈન્ટરવ્યુ અમારે મફતમાં છાપવાં પડે છે!’

અમારા એક મીત્ર ઘણીવાર કહેતા : ‘મારા ઘરમાં દીકરાઓ પરણવા લાયક થયા ત્યારે આવનારી વહુ કેવી નીકળશે તેની મને લગીરે ચીંતા નહોતી. કેમ કે વહુ સારી નીકળે તો ઠીક; પરંતુ ખરાબ નીકળે તો તેને પ્રેમથી સુધારવાના(કે ન જ સુધરે તો નીભાવી લેવાના) સદ્ગુણો અમારા પરીવારમાં હતા. એથી અમને ગળા સુધીની ખાતરી હતી કે અમારે ત્યાં આવનારી વહુ કદી દુ:ખી નહીં થાય. પણ મારી દીકરીને કેવાં સાસરીયાં મળશે તેની મને હંમેશાં ચીંતા રહેતી. કેમ કે, એકબે મુલાકાતમાં ન તો દીકરી એના થનાર પતીને ઓળખી શકે; ન અમે તેનાં થનાર સાસરીયાંને જાણી શકીએ. દીકરીનો બાપ દીકરી માટે વર ગોતવા નીકળે છે ત્યારે તેના દીમાગમાં ભારોભાર શંકા હોય છે. સમજો કે જ્યાં પહેલાં કદી જવાનું થયું ન હોય એવા અજાણ્યા એરીયામાં ઘુંટણ સુધીનાં પાણી ભરાયાં હોય અને ત્યાં તે પોતાનું દરેક કદમ એવી દહેશત સાથે મુકે છે કે ક્યાંક બહુ ઉંડા ખાડામાં તો પગ નહીં પડી જાય ને...? એથી હું મારી દીકરી માટે મુરતીયો શોધવા નીકળ્યો ત્યારે દરેક મુરતીયાને મેં શંકાની નજરે જોયો હતો.

છોકરાવાળા આવ્યા હોય ત્યારે મનને છાને ખુણે હું વીચાર્યા કરતો : અત્યારે કેવો નમ્ર, વીવેકી અને સાલસ લાગે છે; પણ પરણ્યા પછી પોત પ્રગટાવશે. મારી દીકરીને દુ:ખી દુ:ખી કરી નાખશે! એવા નકારાત્મક વીચારો પાછળ ઉંડે ઉંડે દીકરી માટેનો મારો પ્રેમ વ્યક્ત થતો હતો. દીકરી ક્યાંક ખોટા પાત્રને પરણીને દુ:ખી ન થઈ જાય તેની મને ચીંતા હતી. કોણ જાણે હું સાચો હોઈશ કે ખોટો પણ મને લાગે છે કે આ દુનીયામાં સ્ત્રીનો જન્મ ન થયો હોત તો પુરુષો હજુય વધુ ક્રુર, બંડખોર, જુલ્મગાર, ઝનુની અને જીદ્દી હોત! દીકરી એક બાળકી તરીકે જન્મે છે; પણ ખરેખર તો એ જન્મે છે ત્યારે જ માનું દીલ લઈને જન્મતી હોય છે. માતૃત્વ દરેક સ્ત્રીમાં 'ઈન્બીલ્ટ' હોય છે. કોઈ સ્ત્રી બાળકને જન્મ ન આપી શકી હોય તોય તેના અસ્તીત્વમાં એક 'મા' છુપાયેલી હોય છે. આ સૃષ્ટીના ઉદ્દભવ અને વીકાસમાં સ્ત્રીનો ફાળો, બરફની બનાવટમાં પાણી જેટલો મહત્ત્વનો છે. આ સંસારમાંથી સ્ત્રીની અને સ્ત્રીમાંથી દીકરીની બાદબાકી શક્ય નથી!'

અગાઉ જેમણે દીકરી વહાલનો દરીયો પુસ્તક આપ્યું હતું; તેમનું નવું પુસ્તક 'દીકરી એટલે દીકરી' વાચ્યું. પાને પાનેથી પ્રતીતી થઈ કે દીકરી એટલે સાચે જ દીકરી...તેની તોલે બીજું કોઈ નહીં આવે! ઉપર કહ્યું તેમ મારે દીકરી નથી એટલે મેં એ પુસ્તક કંઈક એવા અહેસાસ સાથે વાંચ્યું, માનો

ડાયાબીટીઝનો દરદી મીઠાઈ આરોગતા માણસને ઈર્ષ્યાપુર્વક તાકી રહે! દીકરીના બાપ ન બનો ત્યાં સુધી દીકરી એટલે શું તેનો અંદાજ ન આવે એ રીતે પુસ્તક વાંચ્યા વીના દીકરીના હેતની પ્રતીતી પણ ના થઈ શકે. છતાં પુસ્તકમાં રજુ થયેલા કેટલાક ભાગ્યશાળી પીતાઓના દીકરી વીશેના વીચારો ટુંકમાં જોઈએ :

ડૉ. અશ્વીન દેસાઈ લખે છે : ‘સ્ત્રીઓએ પુરુષ સમોવડાં કે કોઈનાંય સમોવડાં થવાની જરુર નથી. સ્ત્રી ‘સ્ત્રીત્વ’ સીદ્ધ કરે એમાં જ એનું ગૌરવ છે. અને સ્ત્રીની શક્તી ચાહવામાં છે! પ્રેમમાં છે! વસંત ઋતુ સમગ્ર સૃષ્ટીમાં નવજીવન પ્રેરે છે; તેમ પુરુષમાં કે પરીવારમાં સ્ત્રી નવજીવન સંચાર કરે તેમાં જ એની શક્તી રહેલી છે.’

ચન્દ્રકાન્ત બક્ષી : ‘હું માનું છું કે મારા સર્જનહારે મને મારી યોગ્યતાથી દસ લાખ ગણું વધારે આપી દીધું છે. કેમ કે તેણે મને એક દીકરી આપી છે. આંખોની રોશની ઝાંખી પડી રહી છે ત્યારે એ મારી આંખોની રોશની બને છે. પગ લડખડાય ત્યારે એ સહારો બને છે. મારી દીકરી રીવા આજે એક આંતરરાષ્ટ્રીય કંપનીમાં જનરલ મેનેજરના ઉચ્ચસ્થાને છે. દર મહીને તે ઈન્કમ ટૅક્સ ભરે છે તે રકમ જ પાંચ આંકડામાં બને છે. અને

રીવા જરુર પડે ત્યારે પોતે વાસણ પણ માંજી લે છે...પોતાં પણ કરી લે છે!'

ચન્દ્રકાન્ત ટોપીવાળા : 'મારી દીકરી પર્વણીનું હાસ્ય રણકદાર છે. આજે પણ અમેરીકાથી આવતા એના ફોનમાં તે હાસ્યના રણકા માટે હું આતુર હોઉં છું; પણ એવું જ એનું રુદન પણ મારે માટે અસહ્ય રહ્યું છે.'

ડૉ. ધીરુ પરીખ : 'મને બરાબર યાદ છે કે થોડાં વર્ષો પુર્વે નીયતી એના પરીવાર સાથે અમેરીકા જઈ રહી હતી. હવાઈ મથકે બાંકડા પર મારી બાજુમાં બેસીને મને કહે : 'પપ્પા, મારે તો સાસરું પણ નવરંગપરામાં જ શોધવાનું હતું કે જેથી તમે અને મમ્મી એકલાં ન પડી જાઓ. પણ વીધીની લીલા અને સંજોગો કેવા ઉભાં થયાં છે કે હવે તમારાથી માઈલ નહીં; પરંતુ માઈલો દુર ચાલ્યા જવું પડે છે! આટલું બોલતાં તેનો કંઠ ભરાઈ આવ્યો. મેં એને માથે અને બરડે હાથ પસવારી ધીરજ બંધાવી. એણે જેમતેમ સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો અને જોતજોતામાં એ વીમાન માર્ગે ઉડી ગઈ. મને થયું જાણે મારા કાળજાનો કટકો લઈને વીમાન ઉડી ગયું!'

દીગંત ઓઝા : 'બાળપણમાં મેં કાજલને દીવાળીના ફટાકડા અપાવ્યા નથી કે ઉત્તરાયણમાં પતંગોનો ખર્ચ પણ કર્યો નથી.

એ તમામને બદલે મેં કાજલને પુસ્તકો અને માત્ર પુસ્તકો જ અપાવ્યાં છે. સુરેશ દલાલની ભાષામાં કહું તો, કાજલે પુસ્તકો આંખોથી ચાવ્યાં છે. અને ભરપુર પચાવ્યાં પણ છે એવો, એનાં લખાણ વાંચતાં અહેસાસ થાય છે.'

હરીભાઈ કોઠારી : 'સુંદર રીતે ખીલવેલું આ કન્યાપુષ્પ, કન્યાદાન રુપે માતાપીતા દ્વારા જ્યારે જમાઈના હાથમાં સોંપવામાં આવે ત્યારે એ કદી કરમાઈ ન જાય તેની જવાબદારી એના પતીએ સહર્ષ સ્વીકારવાની રહે છે. પ્રસન્ન દામ્પત્ય તો સમગ્ર પરીવારને પ્રસન્નતા તેમ જ ઘરને મંદીરની પાવનતા બક્ષે છે.'

યશવંત મહેતા : 'દીકરી વહાલનો દરીયો તો ખરી; પણ કાળજાનો કટકોય ખરી જ..! એ સમજણનું સરોવર પણ ખરી. બાપના હૃદયને જેટલું દીકરી ઓળખે તેટલું સપ્તપદીના સાત ફેરા ફરીને આવેલી પત્ની કે નવ માસ સુધી ઉદરમાં સાચવતી મા પણ નથી ઓળખી શકતી.'

ગુલઝાર : 'તમારી અપેક્ષાઓ તથા પસંદગીઓ તમે તમારા બાળક પર લાદી શકો નહીં. જીવનના દરેક તબક્કામાં મેં મારી દીકરી મેઘનાને એની ઈચ્છા અનુસાર નીર્ણયો લેવા દીધા છે. હું મારી દીકરીને તેની સમગ્રતા સાથે ચાહું છું.'

રવીન્દ્રનાથ ટાગોર : ‘હું એવા તારણ પર આવ્યો છું કે લગ્ન પછી તરત જ પુત્રીને તેનાં માબાપથી વેગળી કરીને સાસરામાં પતી તથા કુટુંબીજનો સાથે હળીમળી જવાની તક આપવી જોઈએ. જ્યારે બાળકના હીતનો સવાલ હોય ત્યારે માબાપે પોતાનાં સુખનો વીચાર કરવો જોઈએ નહીં. એમનો જન્મ આપણાં સુખ માટે થયો નથી. તેમનાં ક્ષેમકલ્યાણ તથા તેમના જીવનની લક્ષ્યપ્રાપ્તીમાં જ આપણું સુખ સમાયેલું છે.’

શોભા ડે : ‘માતા પાસે એ ચકાસવાની અદ્દભુત શક્તી હોય છે. કોઈ અકળ શક્તીથી અમે એ પામી તો જઈએ છીએ કે અમારી પુત્રીઓ માટે પતી તરીકે કોણ યોગ્ય છે અને કોણ યોગ્ય નથી. તમારા બન્નેના સંભવીત ઉમેદવારોને હું મળતી રહી છું. મારે કહેવું જોઈએ કે જે નમુનાઓ મારી સમક્ષ છે એમાંનો કોઈ મારા પરીક્ષણમાંથી પાર ઉતર્યો નથી! દીકરીઓ, લગ્ન વીશે ગંભીરતાથી વીચારવાનું શરૂ કરો. ખુબ મંથન કરો. અને જો કોઈ એવી વ્યક્તી મળી જાય કે જેને મળીને તમારું હૈયું પોકારી ઉઠે–‘બસ, આ જ છે મારા મનનો માણીગર...!’ ત્યારે કશાય ક્ષોભ વીના આગળ વધી તેને જીવનસાથી બનાવી લો. મારા આશીર્વાદ તમારી સાથે છે.’

## ધુપછાંવ

હાસ્યલેખક શ્રી. વીનોદ ભટ્ટ લખે છે : ‘કોઈ એક ગામમાં બાપુની ડેલી પાસેથી પસાર થતી વેળા એક માથાફરેલ યુવાન થુંક્યો. બાપુ ડેલીની બહાર ઢોલીયો ઢાળીને આરામ ફરમાવતા હતા. યુવાનને થુંકતાં જોઈ તેને પાસે બોલાવીને પુછ્યું : ‘બાપુની ડેલી પાસે થુંકવાની ગુસ્તાખી કરવા બદલ તને કેટલો દંડ કરું?’ યુવાને સહેજ પણ દીલગીરી ન બતાવતાં કહ્યું : ‘કરોને તમારે કરવો હોય તેટલો..!’ બાપુએ એને પાંચ રુપીયા દંડ કર્યો. ‘પાંચ છુટા નથી; દસની નોટ છે એટલે બીજીવાર થુંકું છું!’ કહી બાપુના ખાટલા પર દસની નોટ નાખી, બીજી વખત થુંકીને એ યુવાન ચાલતો થયો. પછી તો એ યુવાન જીદે ભરાયો. બાપુની ડેલી પાસેથી પસાર થતી વેળા એક કે બે વખત થુંકે અને હીસાબે જે દંડની રકમ થતી હોય એ બાપુના ખાટલામાં નાખતો જાય. ઘણા દીવસ આમ ચાલ્યું. અચાનક એક વાર એ યુવાન બાપુની ડેલી પાસેથી થુંક્યા વીના, નીચી મુંડીએ પસાર થઈ ગયો. બાપુએ તેને બોલાવીને પુછ્યું : ‘આજે તું કેમ ન થુંક્યો?’ જવાબમાં યુવાને જરા નરમ અવાજે કહ્યું : ‘બાપુ, મારા ઘરે આજે દીકરીનો જનમ થયો છે. દીકરીના જન્મ સાથે મારામાં એકાએક નમ્રતાનો પણ જન્મ થયો છે. ટણી ઉતરી ગઈ છે. હવે તો હું થુંક ગળવાનું શીખી રહ્યો છું!’ મને આ વાત એટલા માટે ગમી ગઈ કે સમાજમાં સૌનો અનુભવ છે કે

દીકરીના બાપે થુંક અને અપમાન બન્ને ગળી જતાં શીખી લેવું પડે છે. દીકરી અનીલ અંબાણીની હોય તો પણ; સમાજ દીકરીના બાપને ‘બાપડો’, ‘બીચારો’ કે ‘ગરીબડો’ જ ગણે છે. – – – મારામાં પણ પહેલાં નરમાશ ઘણી ઓછી હતી. કોઈને ઉદ્ધત પણ લાગું. પણ મારી બન્ને દીકરીઓ મોટી થતી ગઈ, તેમનાં લગ્ન માટે મુરતીયાઓની શોધ શરુ કરી, તેમ તેમ એ શોધે મને અતીનમ્ર બનાવ્યો. હું દૃઢપણે માનું છું કે દરેક કુટુંબમાં પુત્રોની સંખ્યા ભલે વધારે હોય; પણ એકાદબે દીકરીઓ તો હોવી જ જોઈએ, જેથી દરેક માબાપ હૃદયથી વધારે કુણાં અને ઘરમાં આવનાર પુત્રવધુને પણ સગી પુત્રી જેવો પ્રેમ કરે..!’

–દીનેશ પાંચાલ

સમ્પર્ક : સી– 12, મજુર મહાજન સોસાયટી, જમાલપોર, નવસારી–394 445

ફોન: (02637) 242 098 મોબાઈલ : 94281 60508

સુરતના દૈનીક, ‘ગુજરાતમીત્ર’ની તા.૨૫ માર્ચ ૨૦૦૭ની રવીવારીય પુર્તીમાંની એમની સાપ્તાહીક કટાર ‘જીવનસરીતાને તીરે’માંથી સાભાર...

@

100 : 06-05-2007

# શબ્દના શાગીર્દ નીવૃત્ત થાય છે?

–તુષાર ભટ્ટ

અનુક્રમણીકા

ગુજરાતી ભાષાની અનોખી સેવા કરનાર મહેન્દ્ર મેઘાણી રીટાયર થવાના મુડમાં લાગે છે. 'અરધી સદીની વાચનયાત્રા'ના ચોથા ભાગના પ્રકાશન પછી નાદુરસ્ત તબીયતના કારણે કલમ ટેબલ ઉપર મુકી દેવાની લાગણી વ્યક્ત કરી છે. એમને ૮૪ વર્ષ થયાં છે, આંખે તકલીફ છે. સતત પ્રવૃત્તીશીલ આયખું વટાવ્યા પછી મહેન્દ્રભાઈ વાચન, લેખન, પ્રકાશનની રજા માગવાના પુરા અધીકારી છે. પણ પછી વાચનવીમુખ થતા જતા આપણા જેવાનું શું?

જો કે આશાનું એક કીરણ તો છે જ.

હમણાં જ એમણે સંપાદન કરેલો વીવીધ લેખકોના ગાંધીજી વીશેના ત્રીસેક લેખોનો સંગ્રહ 'ગાંધી–ગંગા' પ્રકાશીત થયો. 'ગાંધી–ગંગા'નો આ પહેલો ભાગ છે એવું કહેવાયું છે. આથી એવું ઈંગીત થાય કે બીજો ભાગ કે ભાગો આવશે.

વીશ્વમાં સેટેલાઈટ ટેલીવીઝનના આગમન સાથે, છપાયેલા શબ્દનું મહત્ત્વ ઘટવા લાગ્યું છે એવું મનાય છે. છપાયેલા શબ્દ પર થયેલા સાંસ્કૃતીક આક્રમણને ખાળવા આ

એકલવીર વર્ષોથી અવીરત ઝઝુમી રહ્યો છે. આમ તો એ સુંદર ગુજરાતી લખી શકે છે, મૌલીક વીચારણા કરી શકે છે. વીશ્વવ્યાપી દૃષ્ટીબીંદુ રાખે છે અને ૮૪મે વર્ષે પણ સ્ફુર્તીથી કામ કરે છે. એના પીતા ઝવેરચંદ મેઘાણીની જેમ શબ્દને સમર્પીત શાગીર્દનું જીવન ગાળે છે.

સફેદ પાયજામો, રંગીન કુરતા અને ભુરી ટોપીમાં સજ્જ એવા આ માણસે જીવનના ૮૪મા વર્ષમાં પ્રવેશ કર્યો છે; પણ હજુ આજેય ૫૦૦ જણ સાંભળવાના હોય કે પાંચ, વીશ્વનાં અને ગુજરાતીનાં સારામાં સારાં પુસ્તકોનું રસપાન કરાવવા તે સતત પ્રવૃત્તીશીલ રહ્યા છે. ૧૯૨૩ની ૨૦મી જુને જન્મેલા મહેન્દ્ર મેઘાણીની બચપણમાં ખુબ ભણવાની ખ્વાહીશ હતી, ભણવા માટે અવીરત વાંચવું પડે, પચાવવું પડે. આજે પણ ખંતીલા વીદ્યાર્થીની અદાથી વાંચવામાં અને વાચન–માધુકરીમાંથી ગુજરાતીઓને સદ્વાચનની ટેવ પડે તે માટે શાળા, કૉલેજો અને યુનીવર્સીટીઓમાં પુસ્તકપઠન ગુજરાતભરમાં કરે છે. શાળાભ્યાસ ભાવનગર અને મુંબઈમાં કર્યો અને અમદાવાદમાં બે વર્ષ કૉલેજ કર્યા પછી સ્કૉરશીપ મળી એટલે મુંબઈની એલ્ફીન્સ્ટન કૉલેજમાં ભણવા ગયા.

આ સાલ હતી ૧૯૪૨ની. જુનમાં કૉલેજમાં દાખલ થયા અને ઓગસ્ટમાં ‘ભારત છોડો’ની હાકલના પડઘામાં એ કૉલેજ છોડી નીકળી ગયા. નીખાલસપણે મહેન્દ્રભાઈ કહે છે, ‘દેશ

ખાતર નીકળ્યો, દેશ ખાતર ભણતર છોડયું એ ખરું; પણ મને ભણવામાં રસ ન રહ્યો. વાંચવામાં ખરો. આથી હું પાછો કૉલેજ ન ગયો અને પછીનાં છ વર્ષ ઝવેરચંદ મેઘાણી જોડે એમના પત્રકારત્વનો મદદગાર રહ્યો.'

૧૯૪૮માં એક અન્ય ભાવનગરી, કૃષ્ણલાલ શ્રીધરાણી અમેરીકામાં કોલંબીયા યુનીવર્સીટીમાં અભ્યાસ કરી રહ્યા છે એમ જાણ્યું. 'શ્રીધરાણી પાસે પ્રેરણા મેળવી હું અમેરીકા પત્રકારત્વનો અભ્યાસ કરવા ગયો. અમેરીકામાં હું પત્રકારત્વનું જેટલું ભણ્યો તેનાથીય વધુ ત્યાંનાં ત્રણ પત્રોમાંથી શીખ્યો. આ હતાં 'રીડર્સ ડાયજેસ્ટ', 'ક્રીશ્ચીયન સાયન્સ મોનીટર' અને 'ન્યુયોર્ક ટાઈમ્સ'. હું સંયુક્ત રાષ્ટ્રસંઘ(યુનાઈટેડ નેશન્સ)થી પણ ઘણો પ્રભાવીત થયો. અવારનવાર હું એની કચેરીમાં જતો. ચર્ચાઓ સાંભળતો અને વીશ્વનાગરીક બનવાનાં શમણાં જોતો.'

'રીડર ડાયજેસ્ટ, મોનીટર અને ન્યુયોર્ક ટાઈમ્સનું મને લગભગ બંધાણ થઈ ગયું હતું. આ પત્રોમાંથી હું શીખ્યો કે સારું પત્રકારત્વ કોને કહેવાય.' તેઓ આગળ કહે છે, 'સારું પત્રકારત્વ એને કહેવાય, જે વાચકને માનથી જુએ. જે સમજે કે વાચક બુદ્ધીશાળી છે. તેની પાસે જાતજાતની વૈશ્વીક વાતો સમજવાની આવડત છે; પણ સમય, નાણાં કે બીજી સગવડો નથી. પત્રકારત્વનું કામ સારી વાતોનું દોહન કરી વાચકને

પહોંચાડવાનું છે, જેથી આમઆદમીની જીંદગી વધારે વીચાર સમૃદ્ધ બને.'

આવા વીચારો લઈ મહેન્દ્રભાઈ ૫૦માં મુંબઈ આવ્યા અને રીડર ડાયજેસ્ટ ઢબનું 'મીલાપ' શરુ કર્યું. વીવીધ સામયીકો અને દૈનીકોમાંથી સુંદર સાહીત્ય પસંદ કરી 'મીલાપ' મારફત ગુજરાતીઓને પહોંચાડ્યું. આ યજ્ઞ ૧૯૭૮સુધી ચાલ્યો. પછી નાણાંકીય અને બીજી અગવડોને કારણે 'મીલાપ' બંધ થયું. આમ તો મહેન્દ્રભાઈ નીસ્પૃહી; પણ આ વાત કરતાં એમના મૃદુ અવાજમાં વીષાદની થોડીક છાંટ પડે છે, 'મીલાપ શરુ થયું ત્યારે એના બે હજાર ગ્રાહકો હતા. બંધ થયું ત્યારે પણ એના બે હજાર ગ્રાહકો હતા!' આપણી પ્રજાની સંસ્કારરુચી પર આનાથી વધારે કરુણ અને વેધક કૉમેન્ટર બીજી કઈ હોઈ શકે?

વીશ્વના દેશો અને ભારતના લોકો એકબીજાને વધુ સારી રીતે સમજી શકે એ હેતુથી યુવાનોના આંતરરાષ્ટ્રીય આદાનપ્રદાનનો કાર્યક્રમ એમણે ઘણાં વર્ષ સુધી ચલાવેલો. ૧૯૫૧માં એ મુંબઈ છોડી ભાવનગર આવેલા. 'મારી ઈચ્છા તો ભાવનગર જીલ્લામાં કોઈ રેલવે સ્ટેશનવાળા ગામમાં રહેવાની હતી; પણ એ બર આવી જ નહીં.'

એમણે એક પુસ્તકભંડાર પણ શરુ કર્યો, જ્યાં વાચકોની અભીરુચીને પોષે તેવાં ઉત્તમ પુસ્તકો મળે. પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તીનાં મંડાણ પણ કર્યાં. આજે ભાવનગરનો 'લોકમીલાપ

પુસ્તક ભંડાર' ગુજરાતનાં ઉત્તમ પુસ્તક ભંડારોમાંનો એક છે. 'લોકમીલાપ પ્રકાશન'નું ગુજરાતી પુસ્તક પ્રકાશનમાં સૌથી મોટું પ્રદાન એ છે કે એણે શીષ્ટવાચનનાં પુસ્તકો ઓછી કીમતે લોકોને પહોંચાડવા પ્રયાસ કર્યો છે.

ઉત્તમ ગુજરાતી સાહીત્યની સસ્તા દરની આવૃત્તીઓ લાખોની સંખ્યામાં પ્રકાશીત કરી એમણે વીક્રમ સર્જ્યો છે. ૧૯૭૨માં ઝવેરચંદ મેઘાણીની ૭૫મી જયંતી નીમીત્તે 'કસુંબીનો રંગ' નામે મેઘાણી સાહીત્યનાં ત્રણ પુસ્તકોનો એક સેટ એમણે પ્રગટ કર્યો. આની એક લાખથી પણ વધુ નકલોની આગોતરી વર્ધી નોંધાયેલી. તે પછી તો ચુંટેલાં પુસ્તકો અને સંક્ષીપ્ત કરાયેલાં પુસ્તકોની વણઝાર ચાલી. વીવીધ લેખકો બીજી ભાષાઓમાંથી આપણા વાચકો સુધી પહોંચી શકે એવી આ સંક્ષીપ્તીકરણની પ્રવૃત્તી પાછળનો મકસદ હતો.

૧૯૮૯માં એમણે ગુજરાતી સાહીત્યના પાંચ ચરીત્રગ્રંથોને ટુંકાવીને 'ચંદનનાં ઝાડ' નામે એક પુસ્તક પ્રસીદ્ધ કર્યું જેની એક લાખ નકલોનો પ્રીન્ટ ઓર્ડર હતો! મહેન્દ્રભાઈ માને છે કે, 'ઉત્તમ સાહીત્યની મુળ આવૃત્તીનાં મોટાં પુસ્તકો વાંચવાનો આજે લોકો પાસે સમય નથી કે નથી એની મોંઘી કીમત ચુકવવાની તાકાત. આથી, ટુંકાવેલી સંક્ષીપ્ત આવૃત્તી સસ્તા દરે પ્રગટ થાય તો લાખો લોકો સુધી એ પહોંચે. પછી ઘણા મુળ ગ્રંથો તરફ પણ વળે.'

તેઓ માને છે કે, 'સારાં પુસ્તકોને લોકો સુધી લઈ જવાં હોય તો પુસ્તક પ્રદર્શનો યોજવાં પડે.' વર્ષો સુધી એમણે પુસ્તકમેળાઓ કર્યા છે અને બાકીના સમયમાં ગુજરાતભરની શાળા–કૉલેજો, પસંદગીનાં પુસ્તકોના પઠન માટે એ ખુંદી વળે છે. સાહીત્યના પ્રચારના એ એવા તો ભેખધારી છે કે ભાવનગરમાં થોડાં વર્ષ બાળસાહીત્ય ભરેલી હાથલારી પણ તેઓ ચલાવતા! બીજા લારીવાળાની જેમ સાંજે જ્યાં જ્યાં લોકોની ભીડ હોય ત્યાં એ લારી લઈને ઉભા રહેતા. અંગત જીવનમાં એ ચુસ્ત ગાંધીવાદી રહ્યા છે. વર્ષો સુધી એમના કુટુંબને માટે જરુરી અનાજ એ જાતે જ દળતા.

'ઘંટી ચલાવવી એ મારા માટે ગાંધીજીના રેંટીયાની જેમ ધ્યાનનો એક પ્રયોગ હતો. મને ઘણા સારા સારા પ્રોજેક્ટો દળતાં દળતાં સુઝેલા.' સાદગીના આગ્રહી આ માણસને અંગત જીન્દગીમાં એક જ શોખ છે : આઈસ્ક્રીમ ખાવાનો.

સંક્ષીપ્તીકરણ ઉપરાંત મહેન્દ્રભાઈની અનુવાદો કરવાની જબરી હથોટી છે. વીક્ટર હ્યુગોની 'નાઈન્ટીથ્રી', થોર ડાયરડાલના 'કોન્ટીકી એક્સપીડીશન' અને હેનરીક હેરરના 'સેવન યર્સ ઈન તીબેટ'ના ગુજરાતી અનુવાદો એમણે કરેલા છે. ઘણાં પુસ્તકોનાં સંપાદન પણ એમણે કરેલાં છે.

સાહીત્ય અંગે વાત કરો તો મહેન્દ્રભાઈ ખુલ્લા દીલે વાત કરે; પણ વ્યક્તી તરીકે એમના જીવન વીશે કુતુહલ દાખવો તો એ કાચબાની જેમ જાતને સંકોરી લે.

‘મારામાં કશું અદ્વીતીય નથી કે તમને જાણવામાં રસ પડે.’ પણ એમનામાં ઘણું અદ્વીતીય છે. તેમનો સાહીત્યપ્રેમ અને પોતે જે અનુભવે છે તેની, સામાન્ય જનતાને અનુભુતી કરાવવાની એમની તાલાવેલી, એ એમનાં બે વીશીષ્ટ લક્ષણો છે. એમણે જે લખ્યું છે તે પરથી એટલું તો ચોક્કસ કે એ ઘણું સારું લખી શકે છે; પણ એમણે મૌલીક લેખનની બહુ તમા રાખી નથી. કેમ? ‘મારી હેસીયત જ નથી. મારી સામે કેવા કેવા આદર્શ પડ્યા છે! કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ, ઉમાશંકર જોશી, દર્શક અને મારા પીતા ઝવેરચંદ મેઘાણી. આ બધા હીમાલયનાં ઉત્તુંગ શીખરો જેવા સર્જકો જે ભાષામાં હોય તેમાં મારી કેટલી ગુંજાઈશ?’

આ શરમાળપણું છે કે સ્વને ઓગાળી નાખવાની સભાન પ્રક્રીયા છે એ વીશે કોઈ ખુલાસો તમે મહેન્દ્રભાઈ પાસેથી નહીં મેળવી શકો. ‘આ જન્મે તો ઉત્તમ સાહીત્ય વાંચવું જ છે અને બીજાને વંચાવવું છે. પુરતું ભાથું બંધાઈ જાય આ જન્મે, તો કદાચ આવતા જન્મે મૌલીક લખવાની હીંમત કરીશ.’

ગુજરાતી ભાષા ટકી જશે તો તેની પાછળ આવા નીષ્કામ શાગીર્દોનાં ઋષીકાર્ય જ હશે.

(તા.૧૬–૨–૨૦૦૭ના ‘નયામાર્ગ’ના અંકના પાન ૩૧–૩૨ પરથી સાભાર..)

સ્વ. તુષાર ભટ્ટ(અમદાવાદ)

@

‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી અગીયાર ઈ–બુક બનાવી છે. ભાગ ૧થી ૧૧. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના કે પહેલાંના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો : ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com – સુરત